ભક્તિ-સુધાકર.



સંગ્રહ કર્તા

રામાનુજ અને શર્મા.

અભિપ્રાય.

આપણા ગુજરાતી ભાષાના સાક્ષરશ્રી બી. આર. દ્વિવેટીયા બી. એ. ઉષાકાન્ત, મૃદુલા, ટોલસ્ટોયની વાર્તા, નવરંગી બાલકો ઇત્યાદિ ઇત્યાદિના કર્ત્તા આ પૂસ્તક માટે શું" લખે છે?

ભાઇશ્રી કહાનદાસ અને દેવશંકર.

ભકિત સુધાકરના ફરમા મળ્યા, એક સાધુ તરીકે ત્હમારૂં આ કામ સ્તુત્ય માનું છું. જ્યારે બીજા સાધુ મહન્તો કેવળ ભકતોને ભરમાવી તેમની અંધશ્રદ્ધાનો લાભ લઇ આળસમાં પડી મોજશોખ કરે છે, ત્યારે ત્હમે નિત્ય કર્મ શું? સંધ્યા વંદન શું? પ્રાર્થનાનો માર્ગ દર્શાવી, સંસારના કામમાંથી ઘડી ભર વિરકત રહી ભજન-કીર્તન-અંતર અને શરીર પવિત્ર કરી, પ્રભુ સ્મરણ કરવાનું સાધન ભકતોને આપી ખરેખર ઉપકાર કર્યો છે.

પૂસ્તકમાં સંધ્યાની આવશ્યકતા બહુ સારી રીતે દર્શાવી છે. પૂસ્તક થોડું ગુજરાતી જાણનારને ઉપયોગી છે. એની અંદરનાં ભજનો વાંચનારને-શુદ્ધ દીલે અંતરને શીષ નમાવી પ્રભુ ભજનારને-ઘણું ઉપયોગી થઇ પડશે. એમ માનું છું.

તા. ૨૪-૩-૧૯૧૪

ભોગીન્દ્રરાવ આર. દ્વિવેટીયા

બી. એ.

॥ ૐ ॥

શ્રી હરિ.

ભક્તિ-સુધાકર.

નિત્ય કર્મ, ઉપાસના તથા ઇશ્વર ભક્તિનાં

પદો ઇત્યાદિનો સંગ્રહ.

પ્રસિદ્ધ કરનાર.

કહાનદાસ લક્ષ્મણદાસ કુબાવત્.

દેવશંકર શ્યામજી રાવળ.

ઠે. નૉર્થ બ્રુક સ્ટ્રીટ લુવાર મંદીર મુંબઇ નં. ૪

---o---

આવૃતિ ૧ લી. સને ૧૯૧૪ પ્રત. ૧૦૦૦

કીંમત ૦-૬-૦

રતિલાલ હરજીવન પટેલે શ્રીકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું

નં૦ ૯ અનંતવાડી-મુંબઇ ૨.

પ્રસ્તાવના.

પૂર્વે આપણી ભારત ભૂમિ કે જે વેદ ધ્વનિથી ગર્જી રહી હતી, જેમાં તત્વ જ્ઞાનના મોટા મોટા મહાત્માઓ, કર્મનિષ્ટ યોગીશ્વરો, પ્રાતઃ સ્મરણીય વીર નૃપતિઓ, પ્રભુ સ્વરૂપ આચાર્યો સુશિક્ષિત પતિવૃતા સતીઓ. વિરાંગનાઓ વિરાજતાં હતાં. જે દેશ બીજા દેશો કરતાં જ્ઞાન, વિદ્યા કલા ઈત્યાદિમાં અગ્રસ્થાને હતો જે દેશમાં સ્ત્રીઓ તો શું પણ પક્ષીઓએ તત્વ જ્ઞાનની વાતો સત્સંગના યોગે કરતાં હતાં, તે દેશની અત્યારની અધમ દશા જોઈ ખરેખર હૃદય ફાટી પડે છે; કયાં તે સમયનું જ્ઞાન. અને કયાં હાલની અજ્ઞાનતા. આ બધામાં અવિદ્યારૂપી અંધકારે આખા દેશને ઘેરી લીધો છે. કયાં પૂર્વના કર્મનિષ્ટ મહાત્માઓ અને કયાં હાલના ઉદર માટે આખો દિવસ ધુળ ઘાલતા પુરૂષો, આ જોઇ ગમે તેવા કઠોર હૃદયવાળાનું પણ હૃદય પીંગળ્યા વગર રહેશે નહિ.

આવી સ્થિતિ થવાનાં અનેક કારણો છે. પણ તે પૈકી મૂખ્ય કારણ દરેક વર્ણ ધર્મકર્મથી વિમુખ થઇ પોત પોતાનો ધર્મ છોડયો તેજ છે આપણો મૂળ અને ખરો આધાર ધર્મ છે. “ આપણે ધર્મનો ત્યાગ કરીએ એટલે ધર્મ આપણે દશવખત ત્યાગ કરે ” એવો શાસ્ત્રનો લેખ છે તેમ થયું.

આપણાં ધર્મ પુસ્તકો સંસ્કૃત ભાષામાં છે અને દિવસે દિવસે અનેક કારણોને લઇને તે ભાષા તરફ દુર્લક્ષ્ય થવાયું, તેથી સાઉ વિમુખ થવાયું. એટલે આપણાં ધર્મ કર્મોથી પણ સ્વભાવિક રીતે વિમુખ થવાય તેમાં નવાઇ શી ?

આવી રીતે હાલનો સમય છે. તેથી સંસ્કૃત ભાષાથી અજ્ઞ મનુષ્યોને આપણી માતૃ ભાષા ગુજરાતી દ્વારા કંઈક ધાર્મિક કૃત્યો તરફ દોરી જવાનો રસ્તો બતાવવાનો અને અભિરૂચિ કરાવવાનો અમારો અલ્પ પ્રયાસ છે.

જે મનુષ્યો જૂજ જાજ ગુજરાતી ભાષા જાણે છે એટલે કે સંસ્કૃત ભાષાથી તદ્દન અજાણ્યા છે તેમને ઉપયોગી થઇ પડે તેવું નિત્યકર્મ, પ્રભુ પ્રાર્થના ઇત્યાદિ ગુજરાતી લીપીમાં ગુજરાતી ભાષાન્તર સહિત આ પુસ્તકમાં સંક્ષેપમાં આપવામાં આવ્યું છે, તેથી તેવા મનુષ્યોને ઘણું ઉપયોગી થઇ પડશે. એવી અમારી આશા છે.

વલી હાલમાં ઉદર નિમિ-તે કરવામાં આવતી અથાગ પ્રવૃતિવાળા સમયમાં સવિસ્તર નિત્ય કર્મ બનવું બહુ મુશ્કેલ થઇ પડે તેવું છે, તેવા સમયમાં જ્યાં મુદ્દલ કર્મ થતું ન હોય ત્યાં સંક્ષેપમાં પણ કંઇક કર્મ થાય તો વધારે સારૂં. એવી ધારણાથી સંક્ષેપમાં દરેક નિત્ય કર્મ આપ્યું છે.

આ પુસ્તકમાં કોઇ પણ ધર્મનો પક્ષ કે નિંદા, અમારૂં સારૂં ને બીજાનું નઠારૂં, એવું કાંઇ પણ કરવામાં આવ્યું નથી. તેમજ દરેક ધર્મવાળાને ઉપયોગી થાય તેવી રીતે સર્વ માન્ય નિત્ય કર્મ ઇત્યાદિ આપવામાં આવ્યું છે.

બીજું ખાસ લખવાનું કે જે પુરૂષો સંસ્કૃત ભાષાના જ્ઞાતા છે, તેમને માટે આ પુસ્તક કામનું નથી. તેમજ આવું પુસ્તક લખી અમારે અમારો કોઇ પણ પ્રકારનો મત સ્થાપન

કરવાનો લેશ માત્ર ઇરાદો નથી. માત્ર આપણાં ધર્મ પુસ્તકો ઉપરથીજ તેને આધારે ઉપર કહ્યા પ્રમાણે ગુજરાતી ભાષા જાણનારા બંધુઓના ઉપયોગને માટેજ અમારો આ પ્રયાસ છે. કોઇ કહેશે કે નિત્ય કર્મનાં પુસ્તકો તો ઘણાં હતાં. અને છે, તો પછી આવા પુસ્તકની શી જરૂર ?

પણ આપણાં નિત્ય કર્મનાં પુસ્તકો મૂળ સંસ્કૃત ભાષામાં હોવાથી તેના મૂળ મંત્રો ઇત્યાદિ બાળબોધ લીપીમાં અને ગુજરાતીમાં ટીકા હોય છે, આવાં પુસ્તકો ઘણાં છે, પણ આ પુસ્તકમાં મંત્રો પણ ગુજરાતી લીપીમાં સુસ્પષ્ટ આપવામાં આવ્યા છે. કે જેથી જુજ ગુજરાતી જાણનાર પણ સહેલાઇથી વાંચી શકે, અને ટીકા પણ ગુજરાતીમાંજ આપી છે. એટલે મંત્રનો ભાવાર્થ પણ સમજી શકે.

ઉપર પ્રમાણેની સગવડવાળું આપુસ્તક ગુજરાતી ભાષામાં પહેલુંજ છે એમ કહેવામાં લેશ પણ અતિશયોકિત નથી.

અમારો મૂળ ઉદ્દેશ થોડા ભણેલાને ધર્મ તરફ અભિરૂચિ કરાવવાનો છે. અને તે થશે તો ભવિષ્યમાં આપણાં નિત્ય કર્મો તરફ વધારે માનની નજરથી જોશે, તે તરફ તેમનો ઉત્સાહ વધશે, અને યથાશકિત કર્મ કરી ચિત્ત શુદ્ધિદ્વારા પ્રભુના સ્વરૂપને જાણી શકશે, આથી બીજી કઇ ઉચ્ચ અભિલાષા સંગ્રહકારની હોય શકે ? અલમ્

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

લી. પ્રકાશકો.

આભાર.

આ પૂસ્તક માટે અગાઉથી જે જે આશ્રયદાતાઓએ સહાય આપી છે, તેનાં મુબારક નામ પાછલ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. તે સહુનો આ સ્થળે આભાર માનીએ છીએ.

આ પુસ્તક છપાતી વખતે પ્રુફો સુધારવા માટે અમારા પરમ મિત્ર માસ્તર કરસનદાસ દામોદરદાસ અગરાવતે પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી અમોને જે સહાય આપી છે તે માટે અમો તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

લી. પ્રકાશકો.

નિત્ય કર્મોની આવશ્યકતા.

આ સંસારમાં મનુષ્ય જન્મ પામવો એ બહુ દુર્લભ છે. કેમકે બીજા પશુ પક્ષી આદિમાં જન્મ પામવાથી તે અવતારોમાં જ્ઞાન મેળવી શકાતું નથી, અને જ્ઞાન વિના મોક્ષ મળતો નથી માટે મનુષ્ય જન્મ પામી દરેક મનુષ્યે પોતાના જન્મની સાર્થકતા કરવી જોઇએ, અને તે સાર્થકતા એટલે ઇશ્વરના સ્વરૂપને ઓળખી, મુક્તિ મેળવવી તે છે. હવે ઇશ્વરના સ્વરૂપને ઓળખવા સારૂ પ્રથમ તો ચિત્ત શુદ્ધિની બહુજ જરૂર છે. દ્રષ્ટાંત તરીકે જેમ કોઇ મોટા માણસને મળવું હોય છે તો બહારની કપડાં ઇત્યાદિની શુદ્ધિ વગર મળવું તે અસભ્યતા ગણાય છે અને તેવા અસભ્ય મનુષ્યની મુલાકાત પણ પેલો મોટો માણસ લેતો નથી. તો પરમ દયાળુ પરમાત્મા તો સહુથી મોટામાં મોટો છે, અને તેને મેળવવા એ આપણી મુખ્ય ફરજ છે, તો તે માટે પ્રથમ અંતર શુદ્ધિની ખાસ જરૂર છે. ચિતશુદ્ધિ વગર કદી તેમને પામી શકાતું નથીજ. માટે ચિત્તશુદ્ધિનું પ્રથમ પગથીયું જે નિત્ય કર્મો તે દરેક મનુષ્યે આદરથી દરરોજ કરવાંજ જોઇએ. અને તેટલા માટેજ આપણા ધર્મશાસ્ત્રમાં તે દરરોજ કરવા આજ્ઞા કરવામાં આવી છેઃ—

" અહરહ સંધ્યા મુપાસીત " અર્થ;– દરરોજ સંધ્યાની ઉપાસના કરવી. મનુ.

ભગવાન મનુની ઉપર પ્રમાણે રોજ સંધ્યાદિ નિત્યકર્મો કરવાની આજ્ઞા છે. તેનું કારણ એજ કે નિત્ય કર્મો દ્વારા ચિત્ત શુદ્ધિ થાય છે. અને ચિત્તશુદ્ધિ દ્વારા પરમાત્માને પામી શકાય છે.

કેટલાક કહે છે કે સંધ્યા ઇત્યાદિની શી જરૂર છે. તે વગર ચિત્તશુદ્ધિ ન થઇ શકે ? પણ તેમના લક્ષમાં નિત્ય કર્મોનું ખરૂં રહસ્ય સમજાયું હોતું નથી. તેથીજ તેઓ એમ કહે છે, નહિતર આમ કહેવા વખત ન આવે. હવે આપણાં નિત્ય કર્મોના રહસ્યનું કંઇક ટુંકામાં વિવેચન કરીશું.

૧. પ્રથમ સ્નાન ઇત્યાદિ કર્મોથી બહારની શુદ્ધિ થાય છે. બહારની શુદ્ધિ વગર અંતરની શુદ્ધિ થઇ શકિત નથી. તે તો સહુ કોઇ કબુલ કરશેજ.

૨. હવે સંધ્યામાં આચમન પ્રાણાયામાદિ કર્મો કરવામાં આવે છે. તેમાં બહુજ ઉંડું રહસ્ય સમાયલું છે. જે વિષે સવિસ્તર હકીકત તો આ લઘુ ગ્રંથમાં આપી શકાય તેમ નથી. પણ ટુંકામાં એજ કે પ્રાણાયામ એ ચિત્તશુદ્ધિનું ઉત્તમમાં ઉત્તમ સાધન છે. પ્રાણાયામ દ્વારા બહારના અમૃતમય શુદ્ધ વાયુને અંદર ખેંચી અંદર રોકી અંદરના અશુદ્ધ વાયુને બહાર કાઢી નાખવો તે. હાલનું પશ્ચિમનું સાયન્સ

પણ કબુલ કરે છે કે આપણે શ્વાસોચ્છાસમાં ઓક્સિજન નામની શુદ્ધ હવા અંદર લઇએ છીએ. તે કાર્બોનિક એસીડ ગ્યાસ બહાર કાઢીએ છીએ. ઓક્સિજન શરીરની અંદરના અસ્વચ્છ લોહીને શુદ્ધ કરે છે, ને કાર્બોનિક એસીડ ગ્યાસ કે જે બહાર કાઢીયે છીયે તે એક ઝેરી હવા છે. તે હવા વિશેષ લેવાથી હાની થાય છે. આપણી સંધ્યામાં પણ પ્રાણાયમ મુખ્ય છે અને તે દ્વારા વાતાવરણમાંના શુદ્ધ પ્રાણ-વાયુને શરીરની અંદર પુરવામાં આવે છે ને તેને રોકવાથી તે આખા શરીરમાં ફેલાઇ જાય છે. અને લોહીની નસોને લાગી તેમાંના અશુદ્ધ લોહીને સુધારે છે. બીજો અશુદ્ધ કચરો કે જે કાર્બોનિક એસીડ ગ્યાસ કહેવાય છે જે દમ મૂકતી વખત બહાર કહાડવામાં આવે છે તે તે દ્વારા દૂર કરાય છે.

આ પ્રમાણે પ્રાણાયામમાં પૂરકથી શુદ્ધ હવા લેવાય છે. કુંભકથી આખા શરીરમાં પસરી જાય છે, અને રેચકથી અશુદ્ધ હવા બહાર નીકળી જાય છે. ઉપર પ્રમાણે હાલના સાયન્સની રીતે પણ પ્રાણાયામાદિ કર્મો ઘણાં અગત્યનાં છે તે સિદ્ધ થાય છે.

વળી આપણાં નિત્ય કર્મોમાં કેટલાક ઉંચા અને ગૌણ વૈદ્યકીય ફાયદાઓ પણ સમાયેલા છે. તે ઉપરાંત આપણી મુખ્ય મતલબ ચિત્તશુદ્ધિ એ ખાસ તેથી પ્રાપ્ત થાય છે.

સંધ્યા એટલે સારી રીતે ધ્યાન કરવું તે. દિવસમાં સવાર, બપોર અને સાંજ એ ત્રણ કાળમાં બે જાતનાં તત્વોનો મેળાપ થાય છે. જેમકે સવારે રાત્રીનો અને દિવસનો, બપોરે સવાર અને મધ્યાનનો, સાંજે દિવસ અને રાત્રિનો આ પ્રમાણે તે સંધ્યાનો કાળ કહેવાય છે.

હવે જ્યારે જ્યારે તે વખતનો મેળાપ થાય છે ત્યારે આખા વાતાવરણ ઉપર તેની ગંભીર અસર થાય છે. એટલે કે થોડો વખત બધું શાંત થઇ જાય છે. આવે સમયે સંધ્યાદિ નિત્ય કર્મો કરવાથી વધારે શાન્તિ મેળવી શકાય છે, અને તે દ્વારા ચિત્ત:શુદ્ધિ વિશેષ મેળવી શકાય છે. કેટલાક લોકો ઉપરના કાળ સિવાય સંધ્યાદિ કર્મો આચરે છે, તે બીલકુલ કર્મો નહિ કરવાં તેના કરતાં ઠીક છે, પણ ચિત્તની શાન્તિનો ખરો સમય તોઉપર બતાવ્યો તે છે, અને તે સમયે કર્મો આચરવામાં આવે તો અત્યંત લાભ થાય એ નિ:સંદેહ છે.

આપણા દેશના દરેક હિન્દુ ધર્મોમાં—દરેક ધર્મ પુસ્તકોમાં સંધ્યાદિની ખાસ આવશ્યકતા બતાવે છે. કોઇ પણ ધર્મ તે કરવાની મના કરતોજ નથી. વળી આર્ય સમાજ જેવો કેવળ સુધારક ધર્મ પણ સંધ્યાદિની ખાસ આવશ્યકતા સ્વીકારે છે, તો આપણે તે તે કર્મો શુદ્ધ ભાવથી એકાગ્ર ચિત્તથી કરવાંજ જોઇએ. તેથી ઘણા લાભ મેળવી શકાય છે, છતાં પણ આ વાત જેના લક્ષમાં ઉતરતી નહોય, જેને ધર્મ શાસ્ત્રો કે મહાત્માઓની આજ્ઞા પર વિશ્વાસ નહોય,

તેમણે ખાત્રી માટે શુદ્ધ ભાવથી છમાસ આચરી જોવાં. તેથી પોતાના ચિત્તમાં કંઇ પણ ફેરફાર થયેલો જોવામાં આવે તોજ કરવાં. એ એક પ્રકારની વગર દોકડાની અજમાયશ છે. આ પ્રમાણે છે તો પછી જેને ધર્મ ઉપર શ્રદ્ધા છે, પુસ્તકોમાં અને મહાત્માઓની આજ્ઞાઓમાં વિશ્વાસ છે, તેમને તો તે વધારે ફળદાયક થાય એમાં કશો સંદેહજ નથી. માટે દરેક બંધુઓએ પોતાની પ્રવૃતિના સમયમાંથી સવાર સાંજ એટલો વખત ફાજલ પાડી દરરોજ નિત્ય કર્મો શુદ્ધ ભાવથી આચરવાં. અને તે દ્વારા ચિત્તશુદ્ધિ કરી પરમાત્માના સ્વરૂપને ઓળખવું ને તે ઓળખી આપણા મનુષ્ય જન્મનો મુખ્ય ઉદ્દેશ જે મુક્તિ પામવી તે છે; તે પામી તેની સાર્થકતા કરવી. કેટલાક કહે છે કે અમને અમારા વ્યવહારીક કર્મોમાંથી વખત મળતો નથી, તેથી નિત્ય કર્મો કયાંથી કરી શકીએ ? પણ તેમાં તેમની મોટી ભૂલ છે. જો મનુષ્ય ધારે તો એટલો વખત તો મળી શકેજ. મંદવાડ આવે છે ત્યારે કેમ પરાણે રોકાઈ રહેવું પડે છે ? ઘરમાંથી સ્ત્રી એક સાડી મંગાવે છે, તો ફરી ફરીને સારી ને પસંદ પડતી લેવામાં કેટલો વખત ચાલ્યો જાય છે ? કોઇ જાણીતો સ્નેહી કે સગો આવ્યો હોય તો તેની પાસે અમુક વખત ગાળો છો ? તો પછી સંધ્યાદિ પરમ ઉપયોગી કર્મો કરવાનો અવકાશ ન મળે એ માત્ર ખોટાં બાનાં છે. આને માટે એક સાદું ઉદાહરણ બસ છે.

ધારો કે ત્હમે બહુજ પ્રવૃતિવાળા છો, બીલકુલ વખત મળતોજ નથી, તેવામાં તમને ખબર મળે કે મુંબઇના નામદાર ગવરનર સાહેબ તમારી મુલાકાત વાસ્તે તમને બોલાવે છે માટે ત્રીજે દિવસે ૭ વાગે વાલકેશ્વર હાજર થજો. આ ખબર મળતાંજ તમે એકદમ હરખાઈ જશો, અને ગવરનર સાહેબની મુલાકાત કે જે આપણા જેવા સાધારણ મનુષ્યને થવી મુશ્કેલ ગણાય તે થાય છે. તેથી પોતાને ધન્ય માનશો. અને ત્યાં જવા માટે કપડાં લતાં ઇત્યાદિની બહુજ સરસ રીતે તૈયારી કરશો. શકિત નહિ હોય તો કરજે કાઢીને પણ તૈયાર થશો. આ પ્રમાણે ફક્ત એક મુંબઈ ઇલાકાના ગવરનર સાહેબ પાસે જવામાં કેટલા કૃત કૃત્ય માનો છો. કેવા આનંદમાં આવી જાઓ છો. કેવી સરસ તૈયારી કરો છો. તો પરમ દયાળુ પરમાત્મા કે જે રાજાઓનો રાજા છે ને તેમની પાસે જવું એ આપણી પવિત્ર અને અગત્યની ફરજ છે તો તેને માટે વખત નથી, ' અનુકુળતા નથી, ' ઇત્યાદિ બાનાં બતાવવાં અથવા તો માત્ર કરવાને ખાતરજ જેમ બને તેમ આટોપી લેવાં એતો ખરેખર હાસ્ય જનક છે. વળી કેટલાક કહે છે કે હમણાં કમાઇ લઇએ પછી ઘડપણમાં પ્રભુભજન કરીશું. પણ તેમણે જરા વિચારવું જોઇએ કે આપણા જેવડાને આપણાથી ન્હાના આપણા ઘણા સંબંધીઓ ચાલ્યા ગયા છે, અને આપણી આંખો આગળ રોજ અનેક મનુષ્યો ચાલ્યા જાય છે, તે જાણવા છતાં ઉપર પ્રમાણે બાનાં બતાવવાં

એ તો એક પ્રકારની મુર્ખતાજ છે, અજ્ઞાનતાજ છે. યાદ રાખજો કે ફરી ફરી મનુષ્યાવતાર આવવો મુશ્કેલ છે અને તે મળ્યો છે. તેમાં આપણે કંઇ પારલૌકીક સાર્થક નહિ કરી શકીએ તો આપણે બધું ગુમાવીશું એ ખાત્રીથી માનવું.

પ્રાતરૂત્થાન.

પૂણ્ય અને આયુષ્યની વૃદ્ધિ ઇચ્છતા દરેક મનુષ્યે પાછલી છ ઘડી રાત્રિ રહે ત્યારે ઉઠવું. તે સમય પછીની નિંદ્રા પૂણ્ય અને આયુષ્યનો ક્ષય કરનાર છે.

પ્રથમ તે સમયે ઉઠીને ઇષ્ટદેવનું નામ સ્મરણ કરવું પછી પ્રથમ પોતાના ઇષ્ટદેવ, ગુરૂ, ગાય, યજ્ઞોપવિત ઇત્યાદિ મંગલ પદાર્થોનાં દર્શન કરવાં અથવા પોતાના જમણા હાથની હથેલીના દર્શન કરવાં તે વિષે આચાર પ્રદિપના ગ્રંથમાં લખે છે કે હથેલીના અગ્ર ભાગે લક્ષ્મી, મધ્ય ભાગે સરસ્વતી મૂળમાં બ્રહ્મા રહેલ છે. માટે દરરોજ પ્રભાતે કરનું દર્શન કરવું. ત્યાર પછી મુખ શુદ્ધિ કરી નીચેનો મંત્ર બોલી ભૂમિ સ્પર્શ કરવો.

સમુદ્ર વસને દેવિ, પર્વત સ્તન મંડિતે,
વિષ્ણુ પત્નિ નમસ્તુભ્યં, પાદ સ્પર્શ ક્ષમસ્વમે.

અર્થ–સમુદ્ર રૂપી જેનાં વસ્ત્રો છે. પર્વત રૂપી જેના સ્તન છે, વિષ્ણુ પત્નિ પૃથ્વી દેવી હું આપને નમસ્કાર કરૂં છું. મારા પગના સ્પર્શને ક્ષમા કરજે.

શૌચ.

ત્યારપછી મલમૂત્રનો ત્યાગ કરવા જવું. મલમૂત્રના ત્યાગ માટે ગામથી ૧૦૦ કદમ દૂર અને શહેરથી ૨૦૦ કદમ દૂર જવું. ગાય, સૂર્ય, બ્રાહ્મણ ઇત્યાદિ દેખતાં કે સૂર્ય કે ચંદ્રની સન્મુખ, દેવસ્થાનની પાસે કે રાફડા પર અથવા કીડીઓના દરપર બેસવું નહિ. પણ ચોખ્ખી ભૂમિ ઉપર બેસવું. મલમૂત્રનો ત્યાગ કર્યા પછી નદ્યાદિ સ્થળે જઈ શૌચ કરવું. શૌચ માટે શુદ્ધ મૃતિકા લઇ તેવડે ડાબે હાથે ચાર વાર બન્ને હાથે ત્રણવાર, પગને એકવાર મૃતિકા તથા જલથી શુદ્ધ કરવાં ને કોગળા ત્રણ કરવા.

દંત ધાવન.

ત્યારપછી દાતણ કાંટા તથા ક્ષીરવાળાં વૃક્ષોનું બાર આંગળ લાંબુ, છીદ્ર રહિત ને ટચલી આંગળીના અગ્ર જેવું જાડું કોમળ વાપરવું. દાતણ કર્યા પછી મુખ પ્રક્ષાલન કરવું. મુખ શુદ્ધિ માટે કમમાં કમ બાર કોગળા તો કરવાજ. ત્યાર પછી મોઢું ધોવું.

સ્નાન વિધિ.

પ્રથમ ટાઢા પાણીમાં ઉષ્ણોદક નાખી બે હાથ જોડી નીચેના મંત્રોથી તીર્થનું આવાહન કરવું.

ગંગેચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતિ
નર્મદા સિંધો કાવેરિ જલેસ્મિન સન્નિધિ કુરૂ ॥

અર્થ—ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતિ, નર્મદા સિંધુ. કાવેરી ઈત્યાદિ પવિત્ર તીર્થો આ જળમાં પધારો.

એ પ્રમાણે ભાવના કરી જળને નમસ્કાર કરી આચમન કરવું, પછી ઉત્તર તરફ મુખ રાખી બેસવું. જમણા હાથમાં પાણી રાખી સંકલ્પ કરવો.

અત્રાદ્ય મહામાંગલ્ય પ્રદ અમુક માસે અમુક પક્ષે અમુક તીથૌ અમુક વાસરે દેહ શુદ્ધિ સિધ્યર્થે પ્રાતઃસ્નાનં અહં કરિષ્યે.

અર્થ—આજ આંહી મહા મંગળકારી ઉત્તમ માસ (નામ) અમુક પક્ષ તિથિ અને અમુક વારે મારાં પાપનો નાશ થવા માટે પ્રાત: સ્નાન કરૂં છું.

વસ્ત્ર પરિધાન.

સ્નાન કર્યા પછી રેશમી કે ઉનનું વસ્ત્ર ધારણ કરવું. તેને અભાવે સુતરાઉ વસ્ત્ર ધોયેલું હોયતો તે પહેરવું અને એક ઉપવસ્ત્ર ધારણ કરવું. તથા એક અંગુછો રાખવો.

આસન.

સંધ્યા માટે મૃગચર્મ, ઉનનું કે દર્ભનું બનાવેલું આસન વાપરવું. ખાલી ભોંયપર બેશી સંધ્યાદિ કર્મો કરવાથી

દોષ લાગે છે. પાટલો વાપરવો હોય તો તે પણ મોટો ને સ્વસ્થ બેશી શકાય તેવો હોવો જોઇએ. અને પાટલા પર પણ ઉપર કહ્યાં તે આસનો પૈકી જે સગવડ હોય તેવુ આસન વાપરવું. અને પ્રાતઃ સંધ્યા માટે પૂર્વાભિ મુખે બેસવું.

જમીન પર આસન પાથરવું હોય તો જમીન સ્વચ્છ જોઇએ અને તે પર નીચેનો મંત્ર બોલી જલ છાંટી તે પર આસન પાથરવું.

ૐ અપવિત્રઃ પવિત્રોવા, સર્વાવસ્થાંગતોપિવા; યઃ સ્મરેત્ પુંડરિકાક્ષ, સબાહ્યાભ્યંતર શુચિ. ૧

અર્થ—અપવિત્ર કે પવિત્ર અથવા ગમે તે અવસ્થામાં હોય, પણ જે પુંડરીકાક્ષ (ભગવાન) નું સ્મરણ કરે છે, તે બહારથી અને અંતરથી શુદ્ધ થાય છે.

પાત્રો.

સંધ્યા કરનારે રૂપાનાં કે ત્રાંબાના નીચે પ્રમાણે પાત્રો વાપરવાં.

૨ તરભાણીઓ. ૧ પંચપાત્ર ૧ આચમની ૧ અરઘીઉં ૧ પાણીનો ભરેલો લોટો. પાત્રો દરરોજ સંધ્યા કરી રહ્યા પછી માટી અને જલથી શુદ્ધ કરવાં જોઇએ. વાસી પાત્રો (માંજયા વગરનાં કે બીજાના વાપરેલાં) ઉપયોગમાં લેવાં નહી.

ભસ્મ ધારણ.

સંધ્યા, જપ, હોમ, દેવપૂજા, શ્રાધ, દાન, ઇત્યાદિ કર્મો ભસ્મ ધારણ કર્યા વગર થઈ શકતાં નથી. ભસ્મ યજ્ઞની, તેને અભાવે નિત્ય હોમની કે વૈશ્વદેવાદિની અને તે પણ ન મળે તો પીપળાના વૃક્ષના કાષ્ટની કે ગાયના છાણુની તેપર વૈશ્વ-દેવ કે નિત્ય હોમ કરી વાપરવી. ગંગા ઇત્યાદિ પવિત્ર નદીઓની મૃતિકાથી પણ ત્રિપુંડ થઈ શકે. અથવા તેને અ-ભાવે તુલશીના કયારાની મૃતિકા પણ ચાલી શકે.

પ્રથમ ડાબા હાથમાં થોડી ભસ્મ લઈ જમણા હાથે મસળીને તે હાથ ઉપર બીજો હાથ ઢાંકી નીચેના મંત્ર ભણવો.

ૐ અગ્નિ રિતિ ભસ્મ, વાયુ રિતિ ભસ્મ,
જલમિતિ ભસ્મ. સ્થલ મિતિ ભસ્મ,
વ્યોમેતિ ભસ્મ, સર્વં હવાઇદં ભસ્મ.
મન એતાનિ ચક્ષુંસિ ભસ્માનિ

અર્થ- અગ્નિ, વાયુ, જલ, પૃથ્વી, આકાશ વગેરે પંચ ભૂતો તથા મન અને ચક્ષુ આદિ ઇંદ્રિયોનું આદિ (મૂળ) કારણ તેમજ પારિણામિક સ્વરૂપ ભસ્મજ છે એટલે બધાની ભસ્મમય ભાવના કરવી.

પછી તેમાં " આપો જ્યોતિ રસોમૃતં " કરી પાણી નાંખવું. પછી તે બન્ને હાથનાં આંગળાંથી મસળી તે સૂર્યને

પ્રદર્શીત કરવી. અને નીચેનો મંત્ર ભણી રહ્યા પછી ૐ નમઃશિવાય એ મંત્ર ભણી લલાટ, હાથ, નાભિ, કંઠ, બાહુ, ખભા, બે કોણી, પડખાં, મસ્તક ઇત્યાદિ સ્થળે ત્રિપુંડ કરવાં.

ૐ ત્ર્યંબકં યજામહે, સુગંધીં પુષ્ટિ વર્દ્ધનમ.
ઉર્વા રૂક મિવ બંધનાન. મૃત્યો મુંક્ષીયમા મૃતાત્. ૧

અર્થ–બધા ઇચ્છેલા ફળને આપવાવાળા, ધન્ય ધાન્યાદી સંપત્તિથી સર્વનું પાલણ પોષણ કરનાર શ્રી મહાદેવનું અમે ધ્યાન કરીએ છીએ. તે દેવ કાકડી તેનાં ડીંટાથી છૂટી થાય તેમ અમને સંસારના બંધનથી છૂટા કરો.

સંકલ્પ.

અત્રાદ્ય મહા માંગલ્ય પ્રદ માસોત્તમ માસે અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે મમોપાત દુરિત ક્ષયાર્થે પ્રાતઃ સંધ્યોપાસન મહં કરિષ્યે.

અર્થ–આજ અહીં ઘણા કલ્યાણકારી ઉત્તમ માસ (નામ) અમુક (નામ) પક્ષ, અમુક (નામ) તિથિ, અને અમુક (નામ) વારે મારાં પાપનો નાશ થવા માટે પ્રાતઃસંધ્યા હું કરૂં છું.

(માસનાં નામ– કાર્તિક, માર્ગશીર્ષ. પોષ, માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ, આષાઢ, શ્રાવણ. ભાદ્રપદ, આશ્વિન. પક્ષ બે ૧ શુક્લ, કૃષ્ણ.)

આચમન.

જમણા હાથની હથેલીમાં એક અડદનો દાણો ડૂબે એટલું જલ લઇ અંગુઠો તથા ટચલી આંગળી છૂટાં રાખી ડાબા હાથની તર્જની આંગળીથી જમણા હાથને સ્પર્શ કરી નીચે લખ્યા ત્રણ મંત્રોથી ત્રણ આચમન કરવાં.

૧ ૐ ભૂ:
૨ ૐ ભુવ:
૩ ૐ સ્વ:

અર્થ— ૧ ભુર લોકમાં, ૨ ભુવર્લોકમાં અને ૩ સ્વર લોકમાં રહેલો મારો પ્રાણ આ આચમનથી પવિત્ર થાઓ.

ત્યાર પછી ગાયત્રી મંત્રવડે શિખા બંધન કરવું.

પ્રાણાયામ.

પ્રાણાયામ કરવાની રીત. તેમાં ત્રણ પ્રકારની ક્રિયા કરવામાં આવે છે તેનાં નામ.

(૧) રેચક એટલે શ્વાસને ધીમે ધીમે બહાર કાઢવો તે. (૨) પૂરક—શ્વાસને ધીમે ધીમે અંદર લેવો. (૩) કુંભક—શ્વાસને અંદર રોકી રાખવો તે.

પ્રથમ બન્ને નસ્કોરેથી જરા રેચક કરી પછી જમણા હાથની બીજી અને ત્રીજી આંગળી હથેળીમાં વાળીને, છેલ્લી

બે એટલે ટચલી અને તેની ઉપરની આંગળી એ બે વડે નાકનું ડાબું છીદ્ર દબાવી, જમણે નસ્કોરેથી બહારના અમૃતમય વાયુને નીચે લખ્યો મંત્ર મનમાં ભણતાં અંદર પૂરતા જવો. પછી જમણા હાથનાં અંગુઠાથી જમણું નસ્કોરૂ બંધ કરી તે પૂરેલા પવનને નીચે લખ્યો મંત્ર ભણી કુંભક કરવો, અને ડાબે નસ્કોરેથી નીચે લખ્યો મંત્ર ભણતાં જવો અને પવનને ધીમે ધીમે બહાર કાઢતા જવો ત્યારપછી ફરીથી ઉલટી રીતે એટલે જમણા નસ્કોરાને અંગુઠાથી દબાવી ડાબા નસ્કોરાથી ઉપર પ્રમાણે બહારના વાયુને અંદર પૂરવો તે બે આંગળીઓથી તે છીદ્ર બંધ કરી ઉપર પ્રમાણે કુંભક કરવો. અને પછી જમણા નસ્કોરાથી રેચક કરવો.

આનું નામ એક પ્રાણાયામ. એવા ત્રણ પ્રાણાયામ પ્રત્યેક સંધ્યા વેળા કરવા. પ્રાણાયામ કરતી વખતે સીધું બેસવું બરડાનીકરોડ ટટ્ટાર રાખવી. પૂરક કર્યા પછી કુંભક કરતી વખતે ડોકી નીચી નમાવવી. રેચક કરતી વખતે ડોકીને ધીમે ધીમે પૂર્વવત્ ઉંચી કરવી ને નાભિને બરડા ભણી ખેંચવી,

શરૂઆતમા અકેક મંત્ર સૂધી દરેક ક્રિયા કરવી. પછી શકિત વધ્યે, નીચે લખ્યો એક મંત્ર ભણતાં સુધી પૂરક કરવો. ચાર મંત્ર ભણુતા સુધી કુંભક કરવો ને બે મંત્ર ભણુતા સુધી રેચક કરવો.

ૐ ભૂઃ ૐ ભુવઃ ૐ સ્વઃ ૐ મહઃ ૐ જનઃ ૐ તપઃ
ૐ સત્યમ્ ૐ તત્ સવિતુ ર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ
ધિયો યો નઃ પ્રચોદયાત્
ૐ આપો જ્યોતિ રસોમૃતમં બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વરોમ્.

અર્થ– ૐ અવ્યાકૃત સ્વરૂપ પરમાત્મા, (ભૂઃ) સર્વના જીવનના હેતુ પ્રાણ રૂપ (સ્વઃ) સર્વાન્તર્યામી, (મહઃ) સર્વથી મ્હોટા સર્વના પૂજ્ય (જનઃ) સર્વના ઉત્પાદક (તપઃ) જ્ઞાનરૂપ જગત્ નિયંતા (સત્યમ્) અવિનાશી એવાં. સચરાચર જગતના ઉત્પાદક સ્વયં પ્રકાશ દેવ, સર્વથી શ્રેષ્ઠ અને સર્વ પાપને બાળનારૂં જેનું તેજ છે એવા સૂર્યનું ધ્યાન કરીએ છીએ. જે તેજ અમારી બુદ્ધિને (ધર્મ અર્થ કામ મોક્ષમાં વિજય અર્થે) પ્રેરે છે. જેનું તેજ જલરૂપ, રસરૂપ અને અમૃતરૂપ છે. અને જે ત્રણે લોકમાં વ્યાપિ રહ્યું છે.

ધ્યાન.

નીચેનો મંત્ર ત્રણ કાળની ગાયત્રીના ધ્યાનમાં બોલવો.

મુકતા વિદ્રૂમ હેમ નીલ ધવલ ચ્છાયે મુખે ત્ર્યક્ષણેઃ
યુકતા મિંદુ નિબધ્ધ રત્ન મુકુટાં તત્વાર્થ વર્ણાત્મિકાં ગાયત્રી
વરદાં ભયાં કુશ કશાં શુભ્રં કપાલં ગુણં શંખં ચક્ર મથાર
વિંદે યુગલં હસ્તૈ ર્વહન્તાં ભજે.

આચમન.

ત્યાર પછી જમણા હાથની હથેલીમાં જલ લઈ ઉપર આચમનની વિધિમાં બતાવ્યા પ્રમાણે નીચેનો મંત્ર મનમાં ભણી ત્રણ આચમન કરવા.

આચમનનો મંત્ર.

ૐ સૂર્યશ્ચ મામન્યુશ્ચ મન્યુપતયશ્ચ, મન્યુ કૃત્યેભ્ય; પાપેભ્યો રક્ષન્તામ યદ્રાત્ર્યા પાપમકાર્ષં મનસા વાચા હસ્તાભ્યાં પદ્‌ભ્યા મુદરેણ શિશ્ના રાત્રિ સ્તદવલુમ્પતુ યત્ કિંચિત દુરિતં મયિ ઇદમહં મામમૃત યોનૌ સૂર્યે જ્યોતિષિ જુહોમિ સ્વાહા ।૧।

અર્થ—સૂર્ય, અને ક્રોધનો જય કરનાર સાત્વિક દેવતાઓ ક્રોધથી થતાં પાપોથી મારી રક્ષા કરો. અને મેં જે રાત્રીમાં મનથી, વાણીથી, હાથથી, પગથી, ઉદરથી, શિશ્નથી જે જે પાપો કર્યાં હોય તે સઘળાં પાપો રાત્રીના આત્મા કાળ ભગવાન નાશ કરો. મારામાં સંચિતાદિ દુરિત હોય તે દૂર કરી મોક્ષદાયક સૂર્યાત્મા અંતરમાં રહેલા છે તેમને વિષે હું હોમું છું.

માર્જન.

ત્યાર પછી ડાબા હાથની હથેલીમાં જલ લઈ જમણે હાથે દર્ભથી અથવા હાથનાં આંગળાંમાંથી મસ્તક ઉપર પાણી છાંટતાં જવું.

ૐ આપો હિષ્ઠા મયો ભુવસ્તાન ઉર્જે દધાતન. મહેરણાય ચક્ષસે, યોવઃ શિવ તમો રસઃ તસ્ય ભાજયતે હુનઃ ઉશતીરિવ માતરઃ ॥ ૨ ॥ તસ્મા અરંગ મામવ: યસ્ય ક્ષયાય જીન્વથ આપો જન યથાચનઃ ૐ

અર્થ-જલાભિમાની દેવતાઓ તમે સકળ સુખ રૂપ છો. તે તમે અમને સર્વ સુખયુકત કરો. પૂજ્યભાવ, વિદ્યા અને ઉત્તમ ગુણ યુકત કરો. તમારો જે અત્યંત સુખકારક રસ, આ લોકની વિષે માતાની પેઠે જીવનદાયક થાઓ. હે પાણી ! જે રસના નિવાસ માટે તમારી સમીપ હમેશાં આવીએ છીએ, તે રસ અમને અર્પણ કરો.

અઘમર્ષણમ્.

જમણા હાથની હથેલીમાં જલ લઈ નેત્રો બંધ કરી તે હથેલી જમણા નસ્કોરા પાસે લાવી, ડાબા હાથના અંગુઠાએ ડાબુ નસ્કોરૂં બંધ કરી નીચેનો મંત્ર મનમાં એક શ્વાસે ભણી તે નસ્કોરેથી તે જલમાં રેચક કરી તે જલ જોયા વિના ડાબી બાજુએ જોરથી ફેંકી દેવું. અને મનમાં પાપ પુરૂષના હજારો ટુકડા થઈ ગયા એવી ઉત્તમ ભાવના કરવી.

મંત્ર.

ૐ દ્રુપદાદિવ મુમુચાનઃ સ્વિન્નઃ સ્નાતો મલાદિવ પૂતં પવિત્રેણ વાજ્ય માપઃ શુંધન્તુ મૈનસઃ ॥

અર્થ-છીદ્રવાળા કાષ્ટ (હેડ બંધન) માંથી મોકળો થયેલો પુરૂષ, પરસેવાથી ભીંજાયલો પુરૂષ સ્નાન કર્યાથી જેમ શુદ્ધ થાય છે. દર્ભના પૂળાથી ઘી જેમ નિર્મળ થાય છે. તેમ આ મંત્રથી પવિત્ર થએલું જલ મને સર્વ પાપથી છૂટો કરો-શુધ કરો.

ત્યાર પછી ત્રણ આચમન કરી અર્ધ્ય પ્રદાન કરવું.

અર્ધ્ય પ્રદાન.

અરઘીયાંમાં અથવા બન્ને હાથની હથેલીઓ ભેગી કરી અંગુઠો ને તેની પાસેની આંગળી છૂટી રાખી તેમાં સુગંધી પુષ્પ મિશ્રિત જલ લઈ નીચેનો ગાયત્રી મંત્ર એકવાર બોલી એક, એમ ત્રણવાર ભણી ત્રણ અર્ધ્ય આપવા.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયોયોનઃ પ્રચોદયાત્ ૐ

અર્થ-ભુર, ભૂવર અને સ્વર લોકમાં વ્યાપેલા સઘળા પદાર્થોને ઉત્પન્ન કરનાર પ્રકાશમાન એવા જે સૂર્ય તેના ઉત્તમ તેજનું અમે ધ્યાન કરીએ છીએ જે તેજ અમારી બુદ્ધિને શુભ કર્મમાં પ્રેરે છે.

અર્ઘ ઉભા થઈ આપવા સગવડ હોય તો મેદાનમાં સૂર્ય સામા ઉભા રહી ઉછાળી આપવા. અને તેમ ન થઇ શકે તો

બીજા તરભાણામાં ઉભા થઈ આપવા. કાળ વીતી ગયો હોય તો પ્રાયશ્ચિત નિમિ-તે એક અર્ઘ્ય વધારે આપવો.

ત્યાર પછી ૐ અસવાદિત્યો બ્રહ્મ: (અર્થ—આ આદિત્ય બ્રહ્મ છે) એ મંત્ર ભણી આપણી આસપાસ પાણીથી પ્રદક્ષિણા કરવી.

ઉપસ્થાન.

(૧) ૐ ઉદ્વયં તમસ પરિસ્વઃ પશ્યન્ત ઉંત્તરમ્ ।
દેવં દેવત્રા સૂર્યં મગન્નમ જ્યોતિ રૂત્તમમ્ ॥

(૨) ૐ ઉદુત્યં જાત વેદસં દેવં વહન્તિ કેતવઃ ।
દૃશે વિશ્વાય સૂર્યમ્ ॥

(૩) ૐ ચિત્રં દેવાનાઃ મુદગાદનીકં ચક્ષુર્મિત્રસ્ય વરૂણસ્યાગ્નેઃ આપ્રાધ્યાવા પૃથિવી અંતરિક્ષં સૂર્ય આત્મા જગતઃ તસ્થુષશ્ચ. ॥

(૪) ૐ તચ્ચક્ષુર્દેવ હિતમ્ પુરસ્તાત્ શુક્ર મુચ્ચરત પશ્યેમ સરદઃ શતં, જીવેમ શરદ શતં, શૃણુયામ શરદઃ શતં. પ્રબ્રવામ શરદઃ શતમ્ અદિના સ્યામ શરદઃ શતમ્ ભૂયશ્ચ શરદઃ શતાત્.

અર્થ (૧) અમે ઉપાસકો અજ્ઞાનથી રહિત, સર્વોત્કૃષ્ટ

એવા આનંદમય લોકને જોતા થકા સર્વ દેવોમાં પ્રકાશમાન પરમ શ્રેષ્ઠ, તેજો રૂપ સૂર્યને પ્રાપ્ત થઇએ છીએ.

(૨) પરબ્રહ્મ સ્વરૂપ સર્વના ઉત્પાદક, સર્વ જગતના પ્રકાશમાન એવા સૂર્ય ભગવાન તેનાં કિરણો વડે ઉદયને પમાડે છે, (તે દેવનું અમે ઉપસ્થાન કરીએ છીએ.)

(૩) આશ્ચર્યકારક કિરણોનો સમુહ ઉદય પામ્યો, જે કિરણ સમુહ જગતને નેત્ર રૂપ છે, તેના અધિષ્ઠાતા સૂર્યદેવ જંગમ અને સ્થાવરના નિયામક રહીને પૃથ્વી, આકાશ, અને અંતરિક્ષમાં પોતાના તેજ વડે પૂર્ણ કરે છે. (તે દેવનું અમે ઉપસ્થાન કરીએ છીએ.)

(૪) પ્રકાશ આપનાર, ઉજળું, પૂર્વ દિશામાં ઉદય પામતા પામતા એવા, જગતના ચક્ષુરૂપ સૂર્ય મંડળને અમે સો વર્ષ જોઇએ, સો વર્ષ જીવીએ. સો વર્ષ સાંભળીએ, સો વર્ષ બોલીએ, અને પૂર્ણ આયુષ્ય પર્યંત અમે હમેશાં દિનતા રહીત રહીએ; વળી અધિક આયુષ્ય સુધી પણ અમને વારંવાર એમ થયા કરો એવી અમે પ્રાર્થના કરીએ છીએ.

ત્યાર પછી રૂદ્રાક્ષ ઇત્યાદિની માળાથી કે કર માળાથી ૧૦૦૮ અથવા ૩૦૦ અથવા ૧૦૮ ગાયત્રી મંત્રનો માનસિક જપ કરવો.

પછી આસની પ્રદક્ષિણા કરી સાષ્ટાંગ દંડવત નમસ્કાર કરી નીચે પ્રમાણે બોલી સંધ્યા સૂર્યને અર્પણ કરવી.

અનેન પ્રાતઃ સંધ્યાખ્યેન કર્મણા શ્રીસવિતા દેવતા પ્રીયતાં નમમ ॥ ૐ તત્ સત્ બ્રહ્માર્પણ મસ્તુ.

ત્યાર પછી પોતાના ઇષ્ટ દેવ, ગુરૂ કે તેમની છબી, માતા પિતા ઈત્યાદિ વડિલોને પ્રેમ પૂર્વક પ્રણામ કરવા.

સંધ્યામાં અપાયેલા અર્ધ્ય ઈત્યાદિનું પવિત્ર જલ તુળશી કે નદી ઇત્યાદિ પવિત્ર સ્થળે નાંખવું, કચરાય એવે સ્થળે નાખવાથી દોષ ભાગી થવાય છે.

અથ માધ્યાહ્ન સંધ્યા.

પ્રાતઃ સંધ્યાની પેઠેજ માધ્યાન સંધ્યામાં કરવાનું છે. સંકલ્પમાં **માધ્યાહ્ન સંધ્યા મહં** કરીષ્યે. એમ બોલવું. બીજો તફાવત આચમન છે તે સૂર્યશ્ચને બદલે.

ૐ આપઃ પુનંતુ પૃથિવી પૃથિવી પૂતા પુનાતુમામ્
પુનંતુ બ્રહ્મણસ્પતિ બ્રહ્મ પુતા પુનાતુમામ્
યદુચ્છિષ્ટમ્ ભોજયંચ યદ્વા દુશ્ચરિતં મમ
સર્વં પુનંતુમામ ચો સતાંચ પ્રતિ ગ્રહં સ્વાહા.

અર્થ—આ પવિત્ર જલ મારા શરીરને પવિત્ર કરો, અને પવિત્ર થયેલું શરીર મને (જીવાત્માને) કરો. વળી તે જલ સુક્ષ્મ શરીરને પવિત્ર કરો. અને પવિત્ર સુક્ષ્મ શરીર મને પવિત્ર કરો. જે કંઇ ઉચ્છિષ્ટ અથવા અભોજય પદા-

ર્થનો સંબંધ મારે વિષયે થયેલ હોય કે જે કંઈ દુષ્ટ આચરણ હોય તેમજ અસત પ્રતિગ્રહ મારાથી થયો હોય તે સર્વ પાપથી આ જલ મને પવિત્ર કરો.

એ મંત્રથી ત્રણ આચમન લેવા.

અર્ઘ્ય માધ્યાન સંધ્યામાં માત્ર એકજ આપવો. જપ હૃદય આગળ હાથ રાખી કરવો.

બાકી બધું પ્રાતઃ સંધ્યા પ્રમાણે અને છેવટ અપર્ણમ અનેન માધ્યાન સંધ્યાખ્યેન કર્મણા શ્રી સવિતા પ્રીયતં નમમ્ ॥ ૐ તત્ સત્ બ્રહ્માર્પણ મસ્તુ. એમ બોલવું.

સાયં સંધ્યા.

બાકી બધું પ્રાતઃ સંધ્યા પ્રમાણે સંકલ્પમાં પ્રાતઃ ને બદલે સાયં બોલવું. મૂખ પશ્ચિમ તરફ રાખવુ. આચમનનો મંત્ર સૂર્યશ્ચને બદલે

ૐ અગ્નિશ્ચ મા મન્યુશ્ચ મન્યુ કૃતેભ્ય: પાપેભ્યો રક્ષન્તામ્ યદન્હા પાપ મકાર્ષં મનસા વાચા હસ્તાભ્યાં પદ્ભ્યાં મુદ-રેણ શિશ્ના અહસ્તદવલુંપતુ યત કિંચિત્ દુરિતં મયિ ઇદ મહં મામમૃત યોનૌ સત્યે જયોતિષિ જુહોમિ સ્વાહા ॥

અર્થ—અગ્નિ, રૂદ્ર, અને ક્રોધનો જય કરનાર બીજા દેવો ક્રોધથી થતા પાપથી મારી રક્ષા કરો. મેં દિવસમાં મનથી, વાણીથી, પગથી, ઉદરથી અને શિશ્નથી પાપ કર્યું હોય તે સઘળું પાપ દિવસાત્મા કાળ ભગવાન દૂર કરો. મારામાં જે કંઇ દુરિત હોય તે સર્વ જ્યોતિરૂપ બ્રહ્મને વિષે હું હોમું છઉં.

બાકી બધું પ્રાતઃ સંધ્યા પ્રમાણે.

અર્ઘ્ય ત્રણ બેઠાં બેઠાં દેવા.

અર્પણમાં.

અનેન સાયં સંધ્યાખ્યેન કર્મણાશ્રી સવિતા પ્રીયતાં નમમ. ૐ તત્ સત્ **પરમાત્મને નમઃ ॥** એમ બોલવું.

ઇતિ બ્રહ્મ સંધ્યા સમાપ્ત.

અથ ક્ષાત્રસંધ્યા પ્રારંભ.

શ્રીગણેશાયનમ:

અથ ક્ષાત્રજનસંધ્યા વન્દનમ.

સ્નાન કરી શુદ્ધ આસનપર બેસી સંધ્યાનો આરંભ કરવો.

પ્રથમ નીચેના મંત્રથી ચંદન કરવું.

ચંદનં ચ મહાપુણ્યં પવિત્રં પાપનાશનમ્ ॥
આપદં હરતે હત્તે લક્ષ્મીં ચ સુખસંપદઃ ॥ ૧ ॥

ઉપરના મંત્રથી તિલક કરી, નીચેના મંત્રથી આચમન કરવું.

કેશવાયનમ: નારાયણાયનમ: માધવાયનમ: ગોવિંદાયનમઃ

ઉપરના મંત્રથી આચમન કરી, નીચેના મંત્રથી આસનનો સ્પર્શ કરવો.

પૃથ્વિત્વા ધૃતા લોકા દેવીત્વંવિષ્ણુના ધૃતા ત્વંચધારયમાં
દેવી પવિત્રં કુરૂચાસનમ્ ॥ ૨ ॥

એ મંત્રથી આસનને અડકવું. તે વખતે આ મંત્ર બોલવો.

કુર્માયનમઃ શેષાયનમઃ અનન્તાયમઃ

એ મંત્રથી આસનને અડકી, પછી હાથના સંપુટમાં સર્ષવ અથવા ચોખા લઇ ઉપરના બે મંત્રો બોલી, દશે દિશાએ ચોખા અથવા સર્ષવ વધાવવા. પછી ત્રણ વખત ડાબો પગ નીચે જમીનપર ઠોકવો. પછી જમણે કાને જલનો સ્પર્શ કરવો. પછી નીચેનો મંત્ર બોલી, ગંગાદિ તીર્થનું આવાહન કરવું.

ગંગેચ યમુને ચૈવ ગોદાવરિ સરસ્વતિ નર્મદે સિન્ધુ કાવેરિ જલેસ્મિન્સન્નિંધિકુરૂ, કૃષ્ણે કૃષ્ણાંગ સંભૂતે જંતૂનાં પાપહારિણિ નમસ્તેસરિતાં શ્રેષ્ઠે મમ પાપં વિનાશય ॥૭॥

ઉપરના મંત્રથી તીર્થોનું આવાહન કરી, હાથમાં જળ લઇ સંકલ્પ કરવો.

તિથિર્વિષ્ણુ સ્તથાવારો નક્ષત્રં વિષ્ણુરેવચ ;યોગશ્ચકરણં વિષ્ણુઃ સર્વંવિષ્ણુમયંજગત્ ॥ ૮ ॥ અધપૂર્વોચ્ચારિતેવં-ગુણ વિશેષણવિશિષ્ઠાયાં શુભપુણ્ય તિથૌ મમોપાત્તદુરિત ક્ષયદ્વારા શ્રી. પરમેશ્વર પ્રીત્યર્થં પ્રાતઃ સંધ્યોપાસન મહં કરિષ્યે.

સંકલ્પ કરી જલવડે શરિરનું માર્જન કરવું,

અથ માર્જનમ.

અપવિત્ર: પવિત્રોવા સર્વાવસ્થાં ગતોપિવા ય: સ્મરેત
પુંડરીકાક્ષં સબાહ્યાભ્યન્તર: શુચિ;

એ મંત્રથી માર્જન કરી પછી હાથના ન્યાસ કરવા.

અથ કરન્યાસઃ

ગોવિંદાય અંગુષ્ઠાભ્યાંનમ: મહીધરાયતર્જન્તભ્યાંનમ: હૃષીકેશાય |મધ્યમાભ્યાંનમ: ત્રિવિક્રમાય અનામિકાભ્યાંનમ: વાસુદેવાય કનિષ્ઠીકાભ્યાંનમ: વાસુદેવાય કનિષ્ઠીકાભ્યાંનમ: માધવાય કરતલકર પૃષ્ઠાભ્યાંનમ; અથષડંગન્યાસ:

ગોવિંદાયનમ: એ બોલી હાથના અંગુઠાનો સ્પર્શ કરવો મહીધરાયનમ: બોલી તર્જનીનો સ્પર્શ કરવો. હૃષી કેશાયનમ: બોલી વચલી આંગળીનો સ્પર્શ કરવો. ત્રિવિ-ક્રમાયનમ: બોલી અનામિકાનો સ્પર્શ કરવો. વાસુદેવાયનમ: બોલી કનિષ્ઠકાનો સ્પર્શ કરવો. માધવાયનમ: બોલી હાથની પાછળ તથા બધે હાથ ફેરવવો. ત્યારપછી ષડંગન્યાસ કરવા.

ગોવિંદાયહૃદયાયનમ: એ બોલી હૃદયને અડકવું. " વિદ્મહેશિરસેસ્વાહા " એ બોલી મસ્તકને સ્પર્શ કરવો. " વાસુદેવાયશિખાયૈ વષટ " શિખાનો સ્પર્શ કરવો. " ધીમહિ કવચાયહું એ બોલી ડાબો હાથ જમણે ખભે અને જમણો

હાથ ડાબે ખભે અડકાડવો. "તન્નઃ કૃષ્ણઃ નેત્રત્રયાય વૌષટ્" એ બોલી નેત્રનો સ્પર્શ કરવો. પ્રચોદયાત અસ્ત્રાયફટ એ બોલી માથા ઉપરથી હાથ ફેરવી ચપટી વગાડી ત્રણ વખત તાળી વગાડવી.

પ્રાતઃ સંધ્યાં: કુમારીં રક્તાગાં રક્તવસ્ત્રાં હંસવાંહનાં ધ્યાત્વા પ્રાણાયામઃ

એ પ્રમાણે પ્રાતઃ સંધ્યાનું ધ્યાન કરી પ્રાણાયામનો મંત્ર નીચેનો કરવો.

ગોવિંદાય વિદમહે વાસુદેવાય ધીમહિ તન્નં કૃષ્ણ પ્રચોદયાત્.

ઉપરનો પ્રાણાયમનો મંત્ર ત્રણ વાર બોલવો, પ્રાણવાયુનું આકર્ષણ કરી પુરક કુભંક અને રેચક એ પ્રાણાયામ કરી જલથી આચમન કરવું. પ્રાણાયામની વિધિ.

આપ સ્ત્વમસિદ્દેવેશ જ્યોતિષાં પતિરેવચ પાપં નાશાય તે દેવવાંમન કાય કર્મજિમ્ ૧૧ રૂપૈ કામ ક્રોધાદિ નાશકે જુહો ન્પિરાત્રિજં પાપં સુર્ય તેજસિ નિશ્રિતમ ॥ ૧૩ ॥

ઉપરનો મંત્ર બોલી ત્રણ વખત આચમન કરવું. પછી મારજન કરવું.

આચમ્ય માર્જનમ.

વરૂણ પબનશ્ચૈવ ધનાધ્યક્ષ સ્તથાશ્ચિવ: બ્રહ્મણા સહિતા: સર્વે દિકપાલાઃ પાંતુ મે સદા ।। ૧૪ ।। કીર્તિ: લક્ષ્મી ર્ધુતિર્મેધા પુષ્ટિઃ શ્રદ્ધાક્રિયામતિઃ બુદ્ધિર્લજ્જાવપુઃ શાન્તિ સ્તુષ્ટિ કાંતિશ્ચ માતરઃ ।। ૧૫ ।।

એ મંત્રો બોલી શરીર ઉપર જલથી માર્જન કરવું. ત્યારપછી અઘમર્ષણ કરવું

અઘમર્ષણ.

હાથમાં જલ લઇ મનમાં પાપ પુરૂષનું સ્મરણ કરી પોતાની ડાબી બાજુએ જલ સુંઘી નાંખી દેવું. પછી સુર્યને અર્ઘ્ય આપવા.

અર્ઘ્યદાનમ્ ગોવિંદાય વિદમહે વાસુદેવાય ધીમહિ તન્ન: કૃષ્ણ પ્રચોદયાત્ ।।

એ ગાયત્રી મંત્રથી સુર્ય નારાયણને ગંધાક્ષત પુષ્પ સાથે જલ લઇ ત્રણ અર્ઘ્ય આપવા પછી સુર્યની પ્રાર્થના કરવી.

સુર્યની પ્રાર્થના કરવા અગાઉ જલે કરી પ્રદક્ષિણા ફેરવી પછી પ્રાર્થના કરવી.

ધ્યેય સદા સવિતૃ મંડલ મધ્યવર્તી નારાયણ: સરસિજા સન સન્નિ વિષ્ઠ: કેયૂરવાન્મકર કુણ્ડલવાન્કિરીટી હારી હિરણ્યગય વપુ ધૃત શંખ ચક્ર: ૧૭ પદ્માસન: પદ્મકરો દ્વિબાહુ: પદ્મધુતિ: સપ્ત તુરંગવાહન: દિવાકરો લોક ગુરૂ: કિરીટી મયિ પ્રસાદં વિદધાતુદેવ: ॥ ૧૮ ॥ આદિત્યસ્ય નમસ્કારં યેકુર્વન્તિ દિને દિને જન્માન્તર સહસ્ત્રેષુ દારિદ્રયં નોપજાયતે ॥ ૧૯ ॥

એ શ્લોકથી સુર્યનારાયણનું ધ્યાન કરી ગાયત્રીનો જપ કરવો.

ગોવિંદાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ તન્ન: કૃષ્ણ: પ્રચોદયાત ॥ ૨૦ ॥

ઉપરના ગાયત્રી મંત્રથી ૧૦૮ – ૨૮ અથવા તો ૧૨ વાર ગાયત્રીનો જપ કરવો, પછી જપ ભગવાનને અર્પણ કરવો તેનો મંત્ર હાથમાં જલ લઇ

ગુહ્યાતિ ગુહ્યગોપ્ત્રીત્વં ગૃહણાસ્મત્કૃતં જપમ્ સિદ્ધિર્ભ વતુમેદેવિ ત્વત્પ્રસાદાન્મહેશ્વરિ ॥ ૨૧ ॥ અનેન વિહિત ગાયત્રી જપાખ્યેન કર્મણા ભગવાન શ્રી પરમેશ્વર: પ્રીયતામ્

ઉપરનો મંત્ર તથા સંકલ્પ બોલી જલ મુકવું. પછી ક્ષમાપનાના મંત્ર બોલવા.

યદક્ષરપદભ્રષ્ટં માત્રા હીનંતુયદ્ભવેત તત્સર્વક્ષમ્યતાં દેવી પ્રસિદ પરમેશ્વરી ॥ ૨૨ ॥

ઉપરના મંત્રથી ક્ષમા માંગી પછી દિશાના દેવતાને નમસ્કાર કરવા.

દિગપાળ દેવતા નમસ્કુર્યાત-ઇંદ્રાય નમઃ અગ્નયે નમઃ યમાય નમઃ નિઋત્યે નમઃ વરૂણાય નમઃ વાયવે નમઃ સોમાય નમઃ ઇશાનાય નમઃ બ્રહ્મણે નમઃ અનંતાય નમઃ

એ પ્રમાણે દિગ્દેવતાને નમસ્કાર કરી પ્રાર્થના કરવી.

શંખ ચક્ર ગદા પાણે દ્વારકા નિલયાચ્યુત ગોવિંદપુંડરીકાક્ષ રક્ષંમાં શરણાગતમ્ ॥ ૨૦ ॥ આકાશાત્પતિતં તોયં યથા ગચ્છતિ સાગરમ્ સર્વ દેવ નમસ્કારઃ કેશવં પ્રતિગચ્છતિ

ઉપરના મંત્રથી પ્રાર્થના કરી આચાર્ય (ગુરૂ) ને વંદન કરવું પછી વિષ્ણુને નમસ્કાર કરવા.

વિષ્ણુવેનમો વિષ્ણવે નમો વિષ્ણવે નમઃ

શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ.

ઇતિ ક્ષાત્ર સંધ્યા સમાપ્તઃ

અથ વૈશ્ય સંધ્યા પ્રયોગ.

ૐ બ્રહ્મણે નમઃ

એ મંત્રથી નમસ્કાર કરવા. પછી શિખા બાંધવી તેનો મંત્ર.

ૐ કૃષ્ણાય વિદ્મહે દામોદરાય ધીમહિ તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત.

એ મંત્ર ભણી શિખા બાંધવી પછી નીચેના મંત્રથી આચમન કરવુ.

શ્રી વિષ્ણવે નમ:

એ મંત્રે કરી ઇશાન દિશામાં મુખ રાખી આચમનકરવું.

ત્યાર પછી પોતાના શરીરનું નીચેના મંત્રથી પ્રોક્ષણ કરવું.

અપવિત્રઃ પવિત્રોવા સર્વાવસ્થાં ગતોપિવાયઃ સ્મેરત્પુ-ડરીક્ષં સબાહ્યાભ્યન્તરઃ શુચિ:

એ મંત્રથી શરીરને માર્જન કરવું.

પછી ગોવિંદાય નમ:

એ મંત્રથી શિખાને સ્પર્શ કરવો.

ૐ અનિરૂદ્ધાય નમઃ

એ મંત્રથી ફરીવાર આચમન કરવું.

પછી જળ વડે પોતાના શરીરની પ્રદક્ષિણા કરવી.

પછી ૐ હરયે નમ: ૐ અચ્યુતાય નમઃ ૐ ગોવિન્દાય નમઃ ૐ હૃષીકેશાય નમઃ

એ પ્રમાણે નામ સ્મરણ કરી, આસન પર દ્રઢ બેશી આંખો બંધ રાખી મૌન ધારણ કરી બ્રાહ્મણની સંધ્યામાં લખેલ વિધિ પ્રમાણે ત્રણ પ્રાણાયામ કરવા.

તે પ્રાણાયામમાં વાયુના પૂરકમાં શ્યામ વર્ણવાળા તથા ચાર ભુજાવાળા વિષ્ણુનું નાભીને વિષે ધ્યાન કરવું.

તે પછી વાયુના કુંભકમાં લાલવર્ણવાળા તથા ચાર હાથ વાળા બ્રહ્માનું હૃદયને વિષે ધ્યાન ધરવું.

પછી વાયુને આસ્તે આસ્તે બહાર કાઢતી વખતે શ્વેત-વર્ણવાળા ત્રણ નેત્રવાળા શંકરનું લલાટને વિષે ધ્યાન કરવું.

એ રીતે વાયુને અંદર ખેંચવો તેનું નામ પૂરક, અંદર રોકી રાખવો તે કુંભક, અને બહાર કાઢવો તે રેચક. એ એક પ્રાણાયામ થયો એવા ત્રણ પ્રાણાયામ દરેક સંધ્યા વખતે કરવા અને ઉપર લખ્યા પ્રમાણે પ્રભુના સ્વરૂપનું ધ્યાન ધરવું. જેથી અંતઃકરણ શુદ્ધ થઇ મનુષ્યની બુદ્ધિને સન્માર્ગમાં પ્રેરે છે.

હવે પ્રાણાયામનો મંત્ર નીચે પ્રમાણે છે. તે મંત્ર એક વાર બોલી રહેતા સુધી વાયુને અંદર ખેંચવો, પછી યથા

શકિત મંત્ર બોલતાં સુધી રોકવો, અને પછી બે વાર બોલતા સૂધી ઉતારવો॥

અથ ન્યાસ:

ૐ કૃષ્ણાય નમ:
એ મંત્રવડે હ્રદયને હાથ અડકાડવો.
ૐ વિદ્મહે શિરસે સ્વાહા.
એ મંત્રવડે મસ્તકને હાથ અડકાડવો.
ૐ દામોદરાય નમ: શિખાયૈ વષટ
એ મંત્રવડે શિખાને અડકવું.
ૐ ધીમહિ કવચાય હુમ્.

એ મંત્રવડે જમણો હાથ ડાબે ખભે અને ડાબો હાથ જમણે ખભે અડકાડવો.

ૐ તન્નો વિષ્ણુ: નેત્રાભ્યાં વૌષટ્ ॥
એ મંત્ર ભણી બે આંખને સ્પર્શ કરવો.
ૐ પ્રચોદયાત્ અસ્ત્રાયફટ્ ॥

એ મંત્ર ભણી ચપટી વગાડતાં વગાડતાં માથા ઉપર હાથ ફેરવી એકવાર તાળી પાડવી

ત્યાર પછી નીચેના મંત્રવડે ગાયત્રીનું ધ્યાન ધરવું.

ગાયત્રીં ભાવયેત્દેવીં, સૂર્યાસન કૃતાશ્રયામ્ ॥
ઉદ્યદાદિત્ય સંકાશાં, પુસ્તકાક્ષં કરે ધૃતામ્ ॥
ત્યાર પછી
ૐ નીલકંઠાય નમઃ ૐ વિષ્ણુવેનમઃ
એ મંત્રવડે આચમન કરવું.

પછી નીચેના મંત્રવડે માર્જન કરવું. એટલે શરીર ઉપર જલના છાંટા નાંખવા.

ૐ કેશવાય નમઃ ૐ માધવાય નમઃ ૐ વામનાય નમઃ ૐ શ્રીધરાય નમઃ ૐ પદ્મનાભાય નમઃ ૐ ત્રિવિક્રમાય નમઃ ૐ વાસુદેવાય નમઃ

એ પ્રમાણે માર્જન કરી પછી
ૐ નમો જલશાયિને વિનિયોગઃ
એ મંત્રથી તરભાણામાં જળ છોડવું.
પછી અઘમર્ષણ.

ૐ સંકર્ષણાય નમઃ ૐ દામોદરાય નમઃ
એ મંત્ર વડે પાણીને સુંઘી રેચક કરી જોયા વીના ડાબી બાજુ જમીન ઉપર ફેંકી દેવું.
પછી

" ૐ અનન્તાય નમઃ " એ મંત્રથી આચમન લેવું.

ત્યાર પછી ઉભા થઈ ચંદન પુષ્પ યુકત જલ હાથમાં લઇ ગાયત્રી મંત્ર બોલી સૂર્યની સન્મુખ જલ અર્પણ કરવું.

મંત્ર.

ૐ કૃષ્ણાય વિદ્મહે દામોદરાય ધીમહિ. ા તન્નો વિષ્ણુ પ્રચોદયાત ા

ૐ નમો નારાયણાય એમ બોલી જલ તરભાણામાં છોડવું.

ત્યાર પછી નીચેના મંત્રવડે હાથ ઉંચા રાખી ઉપસ્થાન કરવું.

ૐ નમ: સવિત્રે જગદ્દે, ચક્ષુષે જગત પ્રસુતિ સ્થિતિ નાશ હેતવે ા ત્રયી મયાય ત્રિગુણાત્મ ધારિણે વિરંચિ નારાયણ શંકરાત્મને ા ૧ ા

એ પ્રમાણે ઉપસ્થાન કર્યા પછી ગાયત્રી મંત્રવડે ૧૦૮ વા યથાશકિત જપ કરવો.

ગાયત્રી મંત્ર.

ૐ કૃષ્ણાય વિદ્મહે દામોદરાય ધીમહિ તન્નો વિષ્ણુ: પ્રચોદયાત ા ૧ ા

પછી નીચેના મંત્રોથી શ્રી સુર્ય નારાયણને નમસ્કાર કરવા.

નમોસ્તુ સુર્યાય સહસ્રભાનવે નમોસ્તુ વૈશ્વાનર જાત વેદસે ત્વમેવ ચાર્ધ્યં પ્રતિ ગ્રહણ સૂર્ય દેવાધિ દેવાય નમોસ્તુ તુભ્યમ્ ॥ અગ્રનશ્ચ નમસ્તુભ્યં નમસ્તે યાસ્તુ સર્વદા યન્મંડલં મૂઢમતિ પ્રબોધં ધર્મસ્ય વૃદ્ધિ કુરૂતે જનસ્ય ॥

તત્ સર્વં પાપક્ષય કારણંચ પુનાતુમાં તત્સવિતુર્વણ્યમ્ ॥ ૩ એ મંત્રથી નમસ્કાર કરી. યાનિયાનિચ પાપાનિ જન્માન્તર કૃતાનિચ તાનિ તાનિ વિનશ્યન્તિ પ્રદક્ષિણા પદેપદે ॥

એ મંત્રથી પ્રદક્ષિણા કરી ક્ષમા માગવી. પછી આચમન લઇ સંધ્યા સમાપ્ત કરવી. ૐ તત સત્ પરમાત્મને નમઃ

અથ વૈશ્ય માધ્યાન સંધ્યા.

માધ્યાન સંધ્યામાં બધું પ્રાતઃ સંધ્યા પ્રમાણે કરવું. ફકત ધ્યાનમાં,

ચતુર્ભુજાં શ્યામવર્ણા શંખ ચંક્ર લસકતરામ્ ગદા પદ્મ ધરા દેવી પદ્માસન રતાશ્રયામ્ ॥

એ મંત્રવડે ગાયત્રીનું ધ્યાન ધરવું.

આચમનમાં નીચેનો મંત્ર બોલી આચમન કરવું.

ૐ સર્વાત્મને નમઃ

એ મંત્રથી એક આચમન લેવું.

પછી યથાશક્તિ જપ કરી સંધ્યા શ્રી વિષ્ણુ પરમાત્માને અર્પણ કરવી.

અથ વૈશ્ય સાયં સંધ્ય.

સાયંકાલે પણ બધું પ્રાત: સંધ્યા પ્રમાણે કરવું. ધ્યાનમાં નીચેનો મંત્ર બોલવો.

સાયાન્હે વરદાં દેવી ગાયત્રી સસ્મરેત્યુતિમ્ શુક્લાંબર ધરા દેવી વૃષાસન કૃતાશ્રયામ્ ॥

આચનમાં નીચેનો મંત્ર બોલવો,

ૐ રૂદ્ર રૂપયે નમ: ૐ પ્રધુમ્નાય નમ:

એ મંત્રથી આચમન લેવું.

બાકી બધું પ્રાતઃ સંધ્યા પ્રમાણે કરી યથાશક્તિ ગાયત્રી મંત્રનો જપ કરી સંધ્યા શ્રી શંકર પરમાત્માને અર્પણ કરવી.

ઇતિ વૈશ્ય સંધ્યા સમાપ્ત.



સ્ત્રીઓનું નિત્ય કર્મ.

સ્વધર્મપરાયણ આર્ય સ્ત્રીઓએ પ્રતિદીન આલસ્ય અનાસ્થાનો ત્યાગ કરી શ્રદ્ધા પૂર્વક આ પ્રમાણે નિત્ય કર્મ કરવું; કારણ કે એથી આ લોકમાં સર્વ પ્રકારનાં સુખો, બુદ્ધિ, સંપત્તિ, સૌભાગ્ય, આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે; ને પરલોકમાં ક્રમે સ્વર્ગાદિ ઉચ્ચ લોકનાં સુખો પ્રાપ્ત થઇ, અંતે અખંડાનંદરૂપ પરમ પદની પ્રાપ્તી થાય છે.

પહેલો પહોર.

પવિત્ર સ્ત્રીઓએ નિત્ય પ્રાતઃકાલમાં સૂર્યોદય થતાં પહેલાં પોતાના સ્વામીના મુખનું દર્શન કરી પવિત્ર સતીઓ, પોતાના સ્વામીના સદ્ગુરૂ તથા શ્રીસદાશીવ ભગવાનનું કે વિષ્ણુનું નામ સ્મરણ કરવું. વિધવા સ્ત્રીએ શ્રી સદ્ગુરૂ તથા શંકર અથવા વિષ્ણુની સ્તુતિ કરવી. તે પછી પથારી ઉપાડી ઘરમાંથી સંજવારી કાઢીને ત્યાર પછી ઝાડે જંગલ જઈ આવી, પાંચવાર ડાબો હાથ એકલો માટી અને જલથી ધોવા; તે પછી બે હાથ ભેગા કરી માટી અને જલથી ધોવા; પછી ચાર કોગળા કરી દાતણ કરવું તે પછી માથું ઓળી અંબોડો બાંધી, વસ્ત્ર સહિત નિચે બતાવેલા વીધી પ્રમાણે નહાવું; પણ વસ્ત્ર વિના નહાવું નહિ.

સ્નાન વિધી.

પ્રથમ વાસણમાં પોતાને જોઇતું ટાઢું ઉનું પાણી લઇ બે હાથ જોડી નીચેનો મંત્ર બોલવો:—

" ગંગેચ યમુને ચૈવ, ગોદાવરિ સરસ્વતિ;
નર્મદે સિંધુ કાવેરિ, જલે સ્મિન સન્નિધિ કુરૂ. "

ઉપરનો મંત્ર બોલી તે નહાવાના જલમાં તીર્થોનું આવાહન કરી, નમસ્કાર કરી. આચમન કરવું. પછી પૂર્વ દિશા ભણી પોતાનું મુખ રહે તેમ બેસી, નીચે પ્રમાણે સંકલ્પ કરી, ગંગા, જમના, સરસ્વતિ અને નર્મદા આદિ તિર્થોમાં નાહી પવિત્ર થાઉં છું એવી ભાવના મનમાં રાખીને નહાવું.
અત્રાદ્ય અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે, દેહશુદ્ધિ સિદ્ધધ્યર્થં પ્રાતઃ સ્નાન મહં કરિષ્યે.

એ પ્રમાણે નાહી આચમન કરી, ધોએલું વસ્ત્ર અથવા અબોટીયું પહેરવું.

સૂર્યોપાસન.

પ્રથમ પુજન સામગ્રી પાસે લઈ નિશ્ચિતપણે દર્ભ અથવા ઉનના આસન પર પૂર્વ ભણી મુખ રાખી પલાંઠીવાળીને બેસવું.

પછી **કેશવાય નમઃ નારાયણા નમઃ માધવાય નમઃ** એ ત્રણ મંત્રો બોલી ત્રણવાર આચમન કરી, **ગોવિંદાય નમઃ** એમ કહી જમણા હાથની હથેલી ધોઇ નાંખવી. પછી **વિષ્ણવે નમઃ** એ મંત્ર બોલી બે આંખોએ જલનો સ્પર્શ કરવો. તે પછી સૌભાગ્યવતી સ્ત્રીએ નીચેનો મંત્ર બોલી કપાળે કંકુનો ચાંલ્લો કરવો.

રમા પર્ણાં સાવિત્રીં, વૈદેહીં દ્રૌપદીં યમે:
સૌભાગ્યાય નમસ્કૃત્ય કંકુમં ધારયામ્યહમ્.

વિધવા સ્ત્રીએ શ્રી શિવાય નમઃ એ મંત્ર બોલી કોરી વિભૂતિનો અથવા જલનો ચાંલ્લો કરવો.

પછી ડાબા હાથમાં જલ લઈ **પુનાતુમાં તત્સવિતુર્વરેણ્યમ્** એ મંત્ર બોલી જમણા હાથની આંગળી વડે કિવા પુલવડે પોતાના શરીર તથા આસન પર માર્જન કરવું (પાણી છાંટવું.) તે પછી નીચે બતાવેલી રીતે ત્રણ પ્રાણાયમ કરવા:–

પ્રથમ આંખો મીચી. મૌન રાખી, જમણા હાથની છેલી બે આંગળીઓથી ડાબુ નાક દબાવી રાખી. **નમો ભગવતે શ્રી સૂર્યાય;** એ મંત્ર એકવાર બોલતાં જમણી નાસિકાથી પવન અંદર ખેંચવો. પછી જમણા હાથના અંગુઠાથી જમણું નાક પણ દબાવી દઈ ઉપરનો મંત્ર ચારવાર કે પોતાની શક્તિ પ્રમાણે મનમાં ભણી રહેતા સુધી તે અંદર રોકવો. ને પછી

બે વાર તે મંત્ર મનમાં બોલતાં ડાબી નાસિકાથી ધીરે ધીરે રોકેલો પવન બહાર કાઢવો. આ એક પ્રાણાયમ થયો. આવા ત્રણ પ્રાણાયમ કરવા. ઉપર પ્રમાણે પ્રાણાયમ કર્યા પછી **અત્રાદ્ય અમુક માસે અમુક પક્ષે અમુક તીથૌ અમુક વાસરે** મમોપાત્ત **દુરિત ક્ષયદ્વારા શ્રી પરમેશ્વર પ્રીત્યર્થં** સૂર્યોપાસન મહં કરિષ્યે એમ બોલી સંકલ્પ કરવો. ત્યાર પછી ઉભા થઈ નીચેનો મંત્ર ત્રણ વાર બોલી શ્રી સૂર્ય નારાયણને પાણીના અર્ધ્ય આપવા.

નમોસ્તુ સૂર્યાય સહસ્ત્ર ભાનવે, નમોસ્તુ વશ્વાનર જાતવેદસે

ત્વમેવ ચાર્ધ્યં પ્રતિગૃહ્ણ દેવ, દેવાધિ દેવાય નમો નમસ્તે.

એ પ્રમાણે અર્ધ્ય આપી તે અર્ધ્યના જલનો બે આંખોએ સ્પર્શ કરવો. પછી **નમો ભગવતે શ્રી સૂર્યાય** એ મંત્રનો એકસો ને આઠ વાર અથવા યથાશકિત જપ કરવો. પછી શ્રી સૂર્ય નારાયણને બે હાથ જોડી નમસ્કાર કરવા. તે પછી **અનેન શ્રી સૂર્યોપાસન કર્મણા શ્રી ભગવાન પરમેશ્વરઃ પ્રીયતાંનમમ** એમ બોલી નીચે જલ મુકી શ્રી સૂર્યોપાસન સમાપ્ત કરવું.

ત્યાર પછી પોતાના પતિ, સદ્‌ગુરૂ, દેવ, બ્રાહ્મણ અને પોતાનાં સાસુ સસરાને બે હાથ જોડી તે ભૂમી ઉપર મુકી તે પર માથું રહે તેમ નમી પગે લાગવું. એ પ્રમાણે નિત્ય અભિનંદન કરવાથી આયુષ્ય, વિદ્યા કીર્તી અને બલની વૃદ્ધિ થાય છે.

પૌરાણિ નિત્ય કર્મ.

અત્રાદ્ય મહામાંગલ્યપ્રદ અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે દેહ શુદ્ધિ સિધ્ધયર્થં પ્રાત: સ્નાનં કરિષ્યે.

સૂર્યોપાસન.

પછી પોતાનું નિત્ય કર્મ કરવા સારૂ નિશ્ચિંતપણે એકાંત સ્થાનમાં દર્ભનું કે કામળીનું આસન પાથરી તે ઉપર પદ્માસને પૂર્વ દિશા તરફનું મુખ રાખી બેસવું. પછી વિભૂતિ લઇ તેને જલથી મિશ્રિત કરી શ્રી શિવાય નમ: એ મંત્રથી મંત્રી, વિભૂતીયજ્ઞ કુંડા તથા શિવેન ધારિતા સદા અંત: શુદ્ધિર્બહિ: શુદ્ધિર્લેપનાત્કુરૂમેસદા. એ મંત્ર બોલી જમણા હાથનાં આંગળાંઓથી કપાળ હૃદય નાભી કંઠ. બાહુ, ખભા, બે બાહુની સંધિઓ, પડખાં અને મસ્તક એટલે ઠેકાણે લગાડવી. પછી—

બ્રહ્મ નામ સહસ્ત્રેણ, શિવ નામ શતેનચ,

વિષ્ણો ર્નામાયુતેનૈવ શિખા બંધ કરો મ્યહમ્.

એ મંત્ર બોલી શિખા બાંધવી અને હાથ ધોઇ નાંખવા ત્યાર પછી નિચેના મંત્રો વડે પ્રથમ ત્રણ આચમન કરવાં:

કેશવાય નમઃ નારાયણાય નમઃ માધવાય નમઃ એ મંત્રોથી ત્રણવાર આચમન લઇ ગોવીંદાય નમઃ એમ કહી જમણા હાથની હથેલી ધોઇ નાંખવી, વિષ્ણુવે નમઃ એ મંત્ર બોલી બે આંખોએ જળનો સ્પર્શ કરવો પછી ડાબા હાથમાં પાણી રાખી ઉપર જમણો હાથ ઢાંકી, શ્રી સૂર્ય મંડલ સ્થાય પરમાત્મને નમઃ એ મંત્ર બોલી યન મંડલં સર્વગતસ્ય પરંધામ વિષ્ણોરાત્મા વિશુદ્ધતત્વં ॥ સૂક્ષ્માંતરૈ યોગ પથાનું ગમ્યં પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥ એ મંત્ર ભણીને ડાબા હાથમાં રાખેલા જલથી જમણે હાથે પોતાના શરીર ઉપર પાણી છાંટવું ત્યાર પછી—

પૃથ્વી ત્વયાધૃતા લોકા, દેવિત્વં વિષ્ણુના ધૃતા,
ત્વંચ ધારય માં દેવિ, પવિત્રં કુરૂ ચાસનમ

એ મંત્રથી પૃથ્વીને પગે લાગી આસન પર થોડું પાણી છાંટવું. પછી નીચે પ્રમાણે ત્રણ પ્રાણાયમ કરવા.

પ્રથમ આંખો મીચી, મૌન રાખી ડાબા નાકથી થોડોક પવન બહાર કાંઢી જમણા હાથની છેલ્લી બે આંગળીઓથી ડાબુ નાક દબાવી જમણી નાસિકાથી શ્રી સૂર્ય મંડલ સ્થાય પરમાત્મને નમઃ એ મંત્ર એક વાર બોલી બહારથી પવન અંદર ખેંચવો. પછી તુરતજ જમણું નાક પણ જમણા હાથના

અંગુઠાથી દબાવી દેવું. અને મ્હોં બીડેલું રાખી ઉપરનો મંત્ર ચારવાર મનમાં બોલી જવો.

પછી ડાબુ નાક જે દબાયેલું છે તેને થોડું થોડું ખુલ્લુ રાખી ધીરે ધીરે, રોકેલો પવન બહાર કાઢવો. તે વખતે ઉપરનો મંત્ર બે વાર બોલી જવો. એજ પ્રમાણે પાછો ડાબા નાકથી એકવાર મંત્ર બોલી પવન ચઢાવવો. ચારવાર ભણી રહેતાં સુધી રોકવો અને જમણા નાકેથી, બે વાર મંત્ર ભણી પવન બહાર કાઢવો. આ એક પ્રાણાયમ થયો. એવા ત્રણ પ્રાણાયમ કરવા. પછી નિચે બતાવેલ રીતે સંકલ્પ કરવો.

અત્રાદ્ય મહા માંગલ્ય પ્રદ અમુક માસે અમુક પક્ષે અમુક તિથૌ અમુક વાસરે મમ સર્વ પાપ ક્ષયદ્વારા શ્રી પરમેશ્વર પ્રીત્યર્થં સૂર્યોપાસન મહં કરિષ્યે.

એ પ્રમાણે સંકલ્પ કરી બે હાથ જોડી નીચેનો મંત્ર બોલી સૂર્ય નારાયણનું ધ્યાન ધરવું—

ધ્યેય સદા સવિતૃ મંડલમધ્યવર્તી નારાયણઃ
સરસીજા સનસન્નિવિષ્ઠ, કેયૂર વાન્મ કરકુન્ડલ વાન્કિરીટી
હારિ હિરણ્ય વપુર્ધૃત શંખ ચક્રઃ ॥

પછી અર્ઘ્યિયામાં જળ ભરી તેમાં ચંદન, અક્ષત ને પુષ્પ નાંખી નીચેનો મંત્ર ભણી ત્રણ વાર અર્ઘ્ય આપવા—

નમોસ્તુ સૂર્યાય સહસ્ર ભાનવે નમોસ્તુ વૈશ્વાનર જાતવેદસે, ત્વમેવ ચાર્ઘ્યં પ્રતિ ગૃહ્ણદેવ દેવાધિદેવાય નમોનમસ્તે; ॥

એ પ્રમાણે અર્ઘ્ય આપ્યા પછી એ અર્ઘ્યના જળથી બે નેત્રે સ્પર્શ કરવો અને ત્યાર પછી નીચેના મંત્રોથી પુષ્પ ધુપ દીપ અને નૈવેદ્ય વડે સુર્ય નારાયણનું પુજન કરવું.

શ્રી સૂર્યાય નમઃ પૃથિવ્યાત્મકં ગંધ સમર્પયામિ, એ મંત્ર બોલી ચંદનના છાંટા નાંખવા; **શ્રી સૂર્યાય નમઃ** આકાશાત્મકં પુષ્પં સમર્પયામિ. એ મંત્રથી પુલ અર્પણ કરવાં.

શ્રી સૂર્યાય નમઃ ॥ તેજાત્મકં ધૂપં સમર્પયામિ; ॥ ૩ ॥

એ મંત્ર બોલી ધૂપ કરવો.

શ્રી સૂર્યાય નમઃ ॥ તેજાત્મકં દીપં સમર્પયામિ. ॥ ૪ ॥

એ મંત્ર બોલી ઘીનો દીવો કરવો.

શ્રી સૂર્યાય નમઃ ॥ અમૃતાત્મકં નૈવેદ્યં સમર્પયામિ ॥૫॥

એ મંત્રથી સાકર વગેરેનું ધ્યાન ધરવું.

એ પ્રમાણે પુજન કરી પછીથી પોતાની અનુકુળતા પ્રમાણે **શ્રી સુર્ય મંડલ સ્થાય પરમાત્મને નમઃ એ મંત્ર એક** હજાર આઠવાર અથવા એકસો આઠવાર અને બહુ ઉતાવળ હોય તો ૧૦ વાર જપ કરવો. તે પછી નીચેનો મંત્ર બોલી, સૂર્યનારાયણને બે હાથ જોડી નમસ્કાર કે ઇચ્છા હોય તો દંડવત નમસ્કાર કરવા. **નમઃ સવિત્રે જગદેક ચક્ષુષે જગત પ્રસૂતિ સ્થિતિ નાશ હેતવે ।। ત્રયી મયાય ત્રિગુણાત્મ ધારિણે વિરંચિ નારાયણ શંકરાત્મને ।।** પછી નીચે પ્રમાણે જળ મુકી સૂર્યોપાસનની સમાપ્તિ કરવી.

અનેન શ્રી સૂર્યોપાસન કર્મણા શ્રી ભગવાન્ પરમેશ્વર પ્રાયતાં ન મમ ।।

શ્રી રામાનંદીય સાધુઓનું નિત્ય કર્મ.

(૧)

શ્રી બાવન દ્વારા.

શ્રી રામાનુજાચાર્ય પછી તેમના શિષ્ય પરંપરામાં ચાર મૂખ્ય શિષ્યો થયા તેનાં નામ,

(૧) શ્રી રામાનંદ. (૨) શ્રી નિમ્બાદિત્ય, (૩) શ્રી વિષ્ણુ શ્યામ (૪) શ્રી માધવ.

એ ચાર ધર્મશીલ આચાર્યોએ જગતમાં ધર્મ ફેલાવ્યો. તેના બાવન અનુયાયી થયા. તે ઉપરથી બાવનદ્વારા ઉત્પન્ન થયા.

બાવન દ્વારા.

(૧) અનંતાનંદ. (૨) અલખરામ. (૩) સુખાનંદ. (૪) નરહરિ (૫) ભાવાનંદ. (૬) કિલ. (૭) અગ્ર. (૮) સુરસુરાનંદ. (૯) પીપા, (૧૦) ખોળ. (૧૧) જંગમ. (૧૨) ત્યાગી. (૧૩) કિરમ. (૧૪) થંભણા. (૧૫) દેવાકર. (૧૬) નભાનંદ. (૧૭) ગોકુલ. (૧૮) વિહલ. (૧૯) નાભા. (૨૦) ટીલા. (૨૧) શોભુ-રામ. (૨૨) રાઘવ ચેતન. (૨૩) નામા. (૨૪) પરશુરામ (૨૫) નામદેવ. (૨૬) કબીર. (૨૭) કુવા. (૨૮) દેવમુરારી. (૨૯)

ટુંકુરામ. (૩૦) ભડંગિ. (૩૧) ચેતન સ્વામી. (૩૨) નાગા. (૩૩) આત્મારામ (૩૪) નિત્યાનંદ. (૩૫) યોગાનંદ (૩૬) ઘંમડી. (૩૭) મલુક (૩૮) ભગવન્નારાયણ. (૩૯) રામરંગી (૪૦) પૂર્ણ વૈરાઠી. (૪૧) ગોવિંદ (૪૨) રામ રાવલ. (૪૩) રાધા વલ્લભી. (૪૪) હનુમાન. (૪૫) લાલતુરંગી. (૪૬) ચતુર્ભુજી. (૪૭) કર્મચંદ. (૪૮) કાલુ નયન. (૪૯) વનખંડી, (૫૦) રામ રમાણી. (૫૧) માધવ. (૫૨) તન તુલસી.

શ્રી ધામક્ષેત્ર.

(૧) રામાનંદ.

શ્રી રામાનુજ ગુરૂ પ્રમાણ. અયોધ્યા ધર્મશાળા. ચિત્રકૂટ સુખ વિલાસ, ગોદાવરી પરિક્રમા, ક્ષેત્રધનુ તીર્થ., રામનાથ ધામ, અચ્યુત ગોત્ર, શુકલવર્ણ, સીતાઇષ્ટ, જાનકી મંત્ર, અનંત શાખા, સામીપ્ય મુકિત, શ્રવણદ્વાર. લક્ષ્મી, આચાર્ય, વિશ્વામિત્ર રૂષિ, યોગ વસિષ્ટ મુનિ. હનુમાન દેવતા, રામ ગાયત્રી, રૂગવેદ, હરિનામ આહાર, વિષ્વકસેન પાર્ષદ. કમલા દેવિ, સૂર્યવંશી, શુદ્ધ સિંહાસન, કિરીટ મુકુટ, ઉર્ધ્વ પુંડ્ર તિલક, વૈજયન્તી માલા, રામાનુજ વૈષ્ણવ.

(૨) નિમ્બાદિત્ય.

મથુરા ધર્મશાળા, ગોમતી ક્ષેત્ર, વૃંદાવન સુખ વિલાસ, ગોવર્ધન પરિક્રમા, દ્વારાવતી ધામ. રૂકિમણી ઇષ્ટ, ગોપાલ

ઉપાસી, વંશ ગોપાલ મંત્ર, હંસ શાખા. સારૂપ્ય મુકિત, ગોપાલ ગાયત્રી, સનકાદિક આચાર્ય, નાસિકાદ્વાર, નારદ મુનિ, દુર્વાસા રૂષિ, ગરૂડ મંત્ર, સામવેદ, શુકલ વર્ણ. અચ્યુત ગોત્ર. હરિનામ અહાર. સુષેણ પાર્ષદ, શ્રી ભટ્ટ મહા પ્રસાદ, નિમ્બાદિત્ય વૈષ્ણવ.

(૩) શ્રી વિષ્ણુ સ્વામી.

વિષ્ણુ સ્વામી ગુરૂ પ્રમાણ, વિષ્ણુ કાંચી ધર્મશાળા, માર્કંડેય ક્ષેત્ર, ઇંદ્રધુમડી સુખ વિલાસ, સાયુજય મુકિત, લક્ષ્મી ઇષ્ટ, જગન્નાથ ઉપાસી, તુલસી મંત્ર, ત્રિપુરારી શાખા, વામદેવ આચાર્ય, પુરૂષોતમ ધામ, નેત્રદ્વાર, હરિનામ અહાર, સુનંદ પાર્ષદ, યજુર્વેદ, અચ્યુત ગોત્ર, શુકલ વર્ણ કૃષ્ણવટ પરિક્રમા, જલબીંબ રૂષિ, નાધા દેવતા, વિષ્ણુ સ્વામી વૈષ્ણવ.

(૪) માધ્વાચાર્ય.

શ્રી માધવાચાર્ય ગુરૂ પ્રમાણ. અવંતતિકા ધર્મશાળા, બદ્રિકાશ્રમ ધામ, નૈમિષ્યારણ્ય સુખ વિલાસ, અંગપાત ક્ષેત્ર સાવિત્રી ઇષ્ટ, બ્રહ્મ ઉપાસી, વિષ્ણુહંસ મંત્ર, હંસ દેવતા, સાલોકય મુકિત, મુખદ્વાર, ત્રિકાલ આચાર્ય, અદ્વૈત શાખા. અચ્યુત ગોત્ર, શુકલવર્ણ, હરિનામ આહાર, પરમહંસ રૂષિ, નંદ પાર્ષદ, અથર્વ વેદ. શ્રી માધવાચાર્ય વૈષ્ણવ.

ચારે સંપ્રદાયનું ભેગું ધામ ક્ષેત્ર.

ચારે ભાઇઓ, દ્રાવિડ નગરી, માતા વરૂણાવતિ, પિતા અગસ્ત્ય, ગુરૂ ધર્મ રુષિ, સ્વર્ગ નગરી, અચ્યુત્ર ગોત્ર, શુકલ વર્ણ, અનંત સાખા, શ્વસન વેદ, નિષ્કામ ભિક્ષા, રંગનાથ ધામ, તોતાદિ સુખ વિલાસ, મૈલ કોટા પાટ (ગાદી), હરિનામ અહાર બદ્રિકાશ્રમ, વૈકુંઠ મઠ, લક્ષ્મી દેવી, નારાયણ દેવતા, અક્ષય પટ, પૂજા, શુકલ સંપ્રદાય, ઉખલ અખાડા, શુન્ય સ્થાન, સુમેરૂ પરિક્રમા, બીજ મંત્ર.

વૈષ્ણવનાં પંચ સંસ્કાર.

(૧) માલા (૨) તિલક (૩) મુદ્રા (૪) મંત્ર (૫) ધ્યાન.

વૈષ્ણવના દશ લક્ષણ.

(૧) ભદ્રરૂપ. (૨) છાપ. (૩) તુલસી માલા. (૪) ગોપી-ચંદનનું તિલક. (૫) રામ કૃષ્ણ મંત્ર. (૬) શિખા. (૭) જનોઈ (૮) કમડલું. (૯) સફેદ વસ્ત્ર. (૧૦) ગુરૂ વાકય.

પ્રાતરૂત્થાન.

ચાર ઘડી રાત્રી રહે ત્યારે ઉઠીને મંગલ પદાર્થનું કે પોતાના ઇષ્ટદેવની છબીનું દર્શન કરી, શ્રી રામચંદ્ર પરમા-

ત્માની સ્તુતિ કે નામ જપવું. ત્યાર પછી પથારીમાંથી ઉઠવું. જમીનનો સ્પર્શ કરતાં નીચેનો મંત્ર બોલવો.

સમુદ્ર મેખલે દેવિ, પર્વત સ્તન મંડલે,
વિષ્ણુ પત્નિ નમસ્તુભ્યં પાદ સ્પર્શ ક્ષમ સ્વમે. ॥

એ મંત્ર બોલી જે બાજુનો શ્વાસ ચાલતો હોય તે બાજુનો પગ પ્રથમ મુકવો.

શૌચ

શૌચની વિધિ બ્રહ્મ સંધ્યામાં આ પુસ્તકમાં લખી છે. ત્યાં જોઇ લેવી.

મૃત્તિકાનો મંત્ર.

યેનત્વાં ખનતિ બ્રહ્મા, યેનત્વાં રૂદ્ર કેશવૌ,
તેન ત્વાહું ખનિષ્યામિ. શુદ્ધર્થં કર પાદયો.

જલનો મંત્ર.

સલિલેસ્યં મુખં દ્રષ્ટવા, વિષ્ણ રૂપં નમોસ્તુતે.
ક્રિયાર્થમહું ગૃહણામિ, આપો દેવ્યં પુનોતુમામ ॥

શૌચ વખતે બોલવાનો મંત્ર.

ૐ ઉત્તિષ્ઠંતુ સુરા સર્વે, યક્ષ ગંધર્વ કિન્નરા.
પિશાચા ગુહ્યકા શ્ચૈવ, મલ મૂત્ર કરોમ્યહમ્.

એ મંત્રે ત્રણ તાલ દઈને મલ મૂત્રનો ત્યાગ કરવો.

દંત ધાવન.

દંત ધાવનનો વિધિ આ પુસ્તકમાં બ્રાહ્મણના કર્મમાં છે, ત્યાં જોઇ લેવો.

દાતણનો મંત્ર.

ૐ આયુર્બલં યશોવર્ચ: પ્રજા પશુ વસુનિચ.
બ્રહ્મ પજ્ઞાંચ મેધાંચ, ત્વન્નો દેહિ વનસ્પતે.

સ્નાનમ્.

સ્નાનો વિધિ આ પૂસ્તકમાં બ્રાહ્મણના કર્મમાંછે, ત્યાં જોઈ લેવો.

અત્રાદ્ય મહા માંગલ્ય પ્રદ અમુક માસે અમુક પક્ષે, અમુક તિથૌ અમુક વાસરે મમ શરીર શુધ્યર્થં પ્રાત: સ્નાન મહં કરિષ્યે.

સ્નાન મંત્ર.

ૐ બ્રહ્માંડોદર તિર્થાનિ, કરે સ્પૃષ્ટાનિતે રવે.
તે ન સત્યેન મે દેવ, તીર્થં દેહિ દિવાકર (૧)
ગંગેચ યમુને ચૈવ, ગોદાવરિ સરસ્વતિ,
નર્મદે સિંધુ કાવેરિ, જલે સ્મિન સંનિધિં કુરૂ (૨)
સ્નાનનો વિધિ આસનનો વિધિ આ પુસ્તકમાં બ્રાહ્મણનાં
કર્મમમાં છે ત્યાં જોઈ લેવો.

શીખા બંધન મંત્ર

બ્રહ્મનામ સહસ્ત્રેણ, શિવ નામ શતે નિચ.
વિષ્ણુ નામ સહસ્ત્રેસ્તુ, શિખાબંધં કરોમ્યહમ.

શીખા મુકિત મંત્ર.

ૐ બ્રહ્મ પુત્રી શિખાયાંચ, બ્રહ્મ દંડ તપસ્વીની.
સર્વ દેવ નમસ્કારૈઃ શિખા મુકિતં કરોમ્યહમ.

પવિત્ર થવાનો મંત્ર.

અપવિત્ર અપવિત્રોવા, સર્વાવસ્થાં ગતોપિ.
યઃ સ્મરેત પુંડરીકાક્ષં, સબાહ્યાભ્યંતર શુચિ.

આસનનો મંત્ર.

ૐ પૃથ્વી ત્વયા ધૃતાલોકા દેવિ ત્વાં વિષ્ણુનાધૃતા,
ત્વંચ ધારય માં દેવિ, પવિત્ર કુરૂ ચાસનમ.

તિલક.

સંધ્યા, જપ, દેવપૂજા, શ્રાધ ઇત્યાદિ કર્મો ઉર્ધ્વપુંડ તિલક વગર કરવામાં આવે તો તે બધાં નકામાંજ છે, એવી શાસ્ત્રમાં આજ્ઞા છે. તેથી તિલક માટે શ્રીરંગજી, પ્રયાગ, ચિત્રકૂટ કે દ્વારકાની મૃતિકા (ગોપીચંદન) વગેરે વાપરવું તે ઉત્તમ છે.

નાસિકાના મૂલથી એટલે નાકની ડાંડીના ત્રીજા ભાગથી તિલક શરૂ કરવું, ને ઠેઠ લલાટના અંત એટલે વાળના મૂળ સુધી લઇ જવું. તેની કુલ પહોળાઇ ચાર આંગળ રાખવી. અને વચ્ચે એક કે બે આંગળની જગ્યા ખાલી રાખવી. તે ખાલી જગ્યામાં નાકના મૂળથી તે વાળ સુધી હળદર કે કંકુની શ્રી કરવી. શ્રીનો આકાર દીવાની સગ જેવો નીચેથી ગોળ ને લાંબો અણીદાર કરવો. તે શ્રીની આસ પાસ પણ ખાલી જગ્યા રહેવા દેવી જોઇએ. મતલબ કે બહુ પહોળી ન કરવી. ટુંકામાં તિલકનું ડાબી અને જમણી તરફનું દરેક પાસું બબે આંગળનું, વચ્ચે એક કે બે આંગળ ખાલી ખાલી જગ્યા, એટલે કુલ પાંચથી છ આંગળ પહોળું થવુંજ જોઇએ. અને ઉંચાઈ તો ઠેઠ કેશના મૂળ સુધી જવી જોઇએ. શ્રીની વાત ઉપર લખાઈ ગઈ છે. ટુંકું, સાંકડું કે વચ્ચે ખાલી જગ્યા વગરનું તિલક નિષિદ્ધ છે.

તિલકના બાર સ્થળ.

કપાળ, ઉદર, છાતી, કંઠ, માથુ, જમણે પડખે, જમણી બાહુ, ડાબે પડખે, ડાબી બાહુ, જમણે ખંભે. ડાબે ખંભે, પાછળ. (બરડા ઉપર).

તુલસી માલા.

તુલશી કાષ્ટ સંભૂતે, માલે વિષ્ણુજન પ્રિયે,
ત્વાં ધારયા મ્યહં કંઠે કુરૂ માં હરિ વલ્લભં.

એ મંત્રથી તુલસી માલા ધારણ કરવી.

ત્યાર પછી આ પુસ્તકમાં બતાવ્યા પ્રમાણે આસન શુદ્ધ કરી, સંકલ્પ કરવો.

સંધ્યા પ્રયોગ.

અત્રાદ્ય અમુક માસે, અમુક પક્ષે, અમુક તિથૌ, અમુક વાસરે, મમ પાત દુરિત ક્ષયાર્થં શ્રી રામ પ્રીત્યર્થં પ્રાતઃ સંધ્યો પાસનં મહં કરિષ્યે.

(૧] માસ, તિથિ, વાર, વગેરે જે હોય તે અમુક શબ્દને બદલે બોલવો.

આચમન,

ત્યાર પછી ૐ વિષ્ણુઃ એ મંત્ર એકવાર બોલી એક, એમ કુલ ત્રણ આચમન કરવાં.

ન્યાસ.

પછી નીચેના મંત્રથી ન્યાસ કરવા.

કર ન્યાસ.

ૐ રાં અંગુષ્ઠાંભ્યાં નમઃ એ બોલી બન્ને અંગુઠાને નમસ્કાર કરવા.

ૐ રીં તર્જનીભ્યાં નમઃ એ બોલી તર્જનીને નમસ્કાર કરવા.

ૐ રૂં મધ્યમાંભ્યાં નમઃ તેથી વચલી.

ૐ રૈં અનામિકાભ્યાં નમઃ થી અનામિકાને.

ૐ રૌં કનિષ્ઠિકા ભ્યાં નમઃ થી ટચલી.

ૐ રઃ કરતલ કરપૃષ્ઠાભ્યાં નમઃ એથી બંને હાથને નમસ્કાર કરવા.

હૃદયાદિ ન્યાસ.

ૐ રાં હૃદયાય નમઃ થી હૃદયને નમવું.

ૐ રીં શિરસે સ્વાહા થી માથાને નમવું.

ૐ રૂં શિખાયૈવષટ થી શીખાને નમવું,

ૐ રૈં કવચાયહું થી બન્ને હાથે કવચ બતાવવા અદબ વાળવી.

ૐ રૌં નેત્રત્રયાય વૌષટ થી નેત્રને નમવું.

ૐ રઃ અસ્ત્રાય ફટ થી માથા ઉપરથી જમણો હાથ ફેરવી ડાબા હાથમાં તાલી વગાડવી.

પ્રાણાયામ.

પ્રાણાયામના ૩ પ્રકાર છે.

૧ રેચક—અંદરના પવનને બહાર કાઢવો તે.

૨ પુરક—બહારના પવનને અંદર ધીરે ધીરે લેવો તે.

૩ કુંભક—પુરેલા પવનને અંદર રોકવો તે.

પ્રથમ બન્ને નસ્કોરેથી જરા રેચક કરી ટચલી અને તેની ઉપરની આંગળીથી નાકનું ડાબુ છીદ્ર દબાવી, જમણા છીદ્રથી બહારના પવનને નીચેનો મંત્ર મનમાં એક વાર

બોલતાં સુધી અંદર ખેંચવો. પછી અંગુઠાથી તે જમણું છીદ્ર બંધ કરી, મનમાં તે મંત્ર એકવાર ભણતાં સુધી પવનને અંદર રોકવો. ને પછી તે મંત્ર એક વાર ભણતાં ભણતાં ડાબે છીદ્રથી તે પવનને બહાર કાઢવો. પછી વળી તેથી ઉલટી રીતે એટલે પ્રથમ અંગુઠાથી જમણું છીદ્ર દબાવી, ડાબા છીદ્રથી એકવાર મંત્ર ભણતાં સુધી બહારનો પવન અંદર લેવો. પછી તે બંધ કરી, એક વાર મંત્ર ભણતાં સુધી અંદર રોકવો, અને પછી જમણે છીદ્રથી એકવાર મંત્ર ભણતાં સુધી ધીરે ધીરે બહાર કાઢવો. આનું નામ એક પ્રાણાયમ. આવાં ત્રણ પ્રાણાયમ કરવા.

પુરક કરતી વખતે બરડાની કરોડ સીધી રાખવી. ને ડોકીને ધીરે ધીરે નમાવવી. રેચક કરતી વખતે ડોકીને ધીરે ધીરે ઉંચી કરવી. ને નાભીને પેટ ભણી ખેંચવી. પ્રાણાયામ કરતાં આંખો અને મુખ બંધ રાખવાં. મંત્ર મનમાં ભણવો.

મંત્ર રામ ગાયત્રી.

ૐ દાશરથાય વિદ્મહે, સીતા વલ્લભાય ધીમહિ,
તન્નો રામ પ્રચોદયાત.

એ રામ ગાયત્રીનો મનમાં પ્રાણાયામ કરતી વખત જપ કરવો.

અર્થ—દશરથ પુત્રને જાણીએ છીએ. સીતાપતિનું ધ્યાન કરીએ છીએ, તે રામ અમારી બુદ્ધિને (ધર્મ અર્થ કામને મોક્ષમાં) પ્રેરે છે.

અઘમર્ષણ.

ત્યાર પછી જમણા હાથમાં થોડું પાણી લઈ નીચેનો મંત્ર મનમાં એકદમ ભણી આંખો બંધ કરી, ડાબા હાથે નાકનું જમણું છીદ્ર દબાવી, ડાબા છીદ્રથી તે પાણીમાં થોડો પવન મૂકી (રેચક કરી) તે પાણીમાં શરીરમાંથી પાપરૂપ પુરૂષ નીકળ્યો એવો ભાવ કરી, તે પાણી જોયા વિના ડાબે પડખે જમીન ઉપર જોરથી છેટે ફેંકવું. ને મનમાં ભાવ કરવો કે તે પાપ રૂપ પુરુષના હજારો કકડા થઈ ગયા.

ૐ નમો ભગવતે રઘુનંદનાથાય, રક્ષોઘ્ન વિશદાય, મધુર પ્રસન્નવદનાય, અખિલ તેજસે. બલાય. શ્રી રામાય વિષ્ણવે નમ: ૐ કલીંં તેજસે શંતારક બ્રહ્મ સ્વાહા

એ મંત્રથી પવન હથેલીના પાણીમાં બહાર કાઢી. ૐ **અસ્ત્રાય ફટ** એ મંત્ર બોલી તે જોરથી ડાબી બાજુ ફેંકવું.

ત્યાર પછી ત્રણ આચમન **ૐ વિષ્ણવે નમઃ** એ મંત્રથી કરવાં.

ત્યાર પછી બે હાથમાં સુગંધી પુષ્પ મિશ્રિત જલ લઈ ઉભા થઇ નીચેનો મંત્ર (સૂર્ય ગાયત્રી) ભણી એકવાર એક એમ ત્રણ અર્ઘ્ય શ્રી સૂર્ય ભગવાનને આપવા.

સુર્ય ગાયત્રી.

ૐ ભાસ્કરાય વિદ્મહે, મહા તેજાય ધીમહિ, તન્નો સુર્ય: પ્રચોદયાત.

અર્થ—પ્રકાશ સ્વરૂપ સુર્યને અમે જાણીએ છીએ, તેના મહા તેજનું ધ્યાન કરીએ છીએ. તે સુર્ય ભગવાન અમારી બુદ્ધિને (ધર્મ અર્થ, કામ, મોક્ષમાં પ્રેરે છે.

એ પ્રમાણે ત્રણ અર્ઘ્ય આપી નીચેના મંત્રથી ઉપસ્થાન કરવું. એટલે સ્તુતિ કરવી.

૧ તત્વ સ્વરૂપં પુરૂષં પુરાણં, સ્વતેજસા પુરિત વિશ્વમેકં
રાજાધિરાજં રવિ મંડલ સ્થં, વિશ્વેશ્વરં રામ મહંભજામિ

૨ વિભૂતિદં વિશ્વસૃજં વિરામં રાજેંદ્ર મીશં રઘુવંશનાથં,
અચિંત્ય મવ્યકત મનંત મૂર્તિં, જ્યોતિર્મયં રામ મહં ભજામિ

૩ માતા પિતા તથા ભ્રાતા. ત્વમેવ રઘુવલ્લભ
સર્વેષાં ત્વં પરં બ્રહ્મં, ત્વન્મયં સર્વ મેવહિ,

૪ રઘુવર તવ મુર્તિ મામકે માનસાબ્જે,

નરક ગતિ હરંતે. નામ ધેયં મુખં મે,
અનિશ મતુલ ભક્ત્યા, મસ્તકં ત્વત્પદા બ્જે,
ભવ જલ નિધિ મગ્નં રક્ષ મામાર્ત બંધો.

૫ કલ્યાણાનાં નિદાનં કલિમલ મથનં પાવનં પાવનાનાં,
પાથેયં યન્મુમુક્ષોઃ સપદિ પરપદ પ્રાપ્તયે પ્રસ્થિ તસ્યં,
વિશ્રામ સ્થાન મેકં કવિવર વચસાં જીવનં સજ્જનાનાં.
બીજં ધર્મ દ્રુમસ્ય પ્રભવતુ ભવતાં ભૂતયે રામ નામ.

ત્યાર પછી ૧૦૦૮ કે ૧૦૮ વાર નીચે લખ્યા રામ મંત્રનો જપ કરવો જપ તુલસીની માલાથી કરવો.

ૐ રાં રીં રૂં રૈં રૌં રઃ

ત્યાર પછી જમણા હાથમાં પાણી લઈ અનેન પ્રાતઃ સંધ્યાખ્યેન કર્મણા શ્રી રામચંદ્રાર્પણ મસ્તુ. એમ બોલી નીચે મૂકવું.

પછી પોતાના ઈષ્ટ દેવ, ગુરૂદેવ, વડીલોને નમસ્કાર કરવા.

સમાપ્ત:

રામ રક્ષા સ્તોત્ર.

શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ

અસ્ય શ્રી રામ રક્ષા સ્તોત્ર મંત્રસ્ય બુધ કૌશિક રૂષિ, શ્રી સીતારામચંદ્રૌ દેવતા, અનુષ્ટુપ્ છંદઃ સીતા શકિતઃ, શ્રીમદ્‌હનુમાન કીલકં. શ્રી રામચંદ્ર પ્રીત્યર્થે જપે વિનિયોગઃ

ધ્યાન.

ધ્યાયે દાજાનુ બાહુ. ધૃતસર ધનુષં, બધ્ધ પદ્માસનસ્થં, પીતં વાસો વસાનં, નવ કમલદલસ્પર્ધિ નેત્રં પ્રસન્નંમ્ વામાં કારૂઢ સીતા મુખ કમલમિલંલોચનં નીરદાભં નાના લંકાર દીનં, દધત મુરૂજટા મંડલં રામચંદ્રં.

આ રામરક્ષા સ્તોત્ર રૂપ મંત્રના, રૂષિ બુધ કઉશિક છે, દેવતા શ્રી રામચંદ્ર છે; છંદ અનુષ્ટુપ છે. શકિત શ્રી સીતા છે, કીલક શ્રી હનુમાન છે; શ્રી રામચંદ્રને પ્રસન્ન કરવા માટે રામ રક્ષા સ્તોત્રનો પાઠ કરવો.

અર્થ ધ્યાન–જાનુ સુધી જેના લાંબા હાથ છે, ધનુષબાણ જેણે ધર્યાં છે, બ્રહ્માસન વાળીને જે બેઠા છે; પીળાં વસ્ત્ર જેણે

થયા છે, જન્મ વગરના અને સમર્થ એવા શ્રી રામચંદ્રજીનું ધ્યાન ધરીને. ડાહ્યા માણસે પાપને ટાળનારી અને સર્વ કામનાને પુરનારી આ રામરક્ષાનો પાઠ કરવો, ॥ ૨ ॥ ૩ ॥

રામ રક્ષાં પઠેતપ્રાજ્ઞઃ, પાપઘ્નીં સર્વ કામદાં;
શિરો મે રાઘવઃ પાતુ, ભાલં દશરથાત્મજઃ
કૌશલ્યેયો દૃશોપાતુ, વિશ્વામિત્ર પ્રિયઃ શ્રુતી,
ઘ્રાણં પાતુ મખત્રાતા. મુખં સૌમિત્રિ વત્સલઃ ૫

અર્થ–રઘુકુળમાં પ્રગટેલા મારા માથાની, દશરથના પુત્ર મારા કપાળની, કૌશલ્યાના પુત્ર મારી આંખોની, વિશ્વામિત્રના પ્યારા મારા કાનોની, યજ્ઞનું રક્ષણ કરનારા મારી નાસિકાની, લક્ષ્મણના પ્યારા મારા મુખની રક્ષા કરો.

જીવ્હાં વિદ્યાનિધિઃ પાતુ, કંઠં ભરત વંદિતઃ
સ્કંધૌ દિવ્પા યુધઃ પાતુ, ભુજૌ ભગ્ને શકાર્મુકઃ ૬

વિદ્યાના ભંડાર મારી જીભની રક્ષા કરો ભરતજીએ નમસ્કાર કરેલા રામચંદ્ર મારા કંઠની રક્ષા કરજો. દિવ્ય આયુધને ધારણ કરનાર રામચંદ્ર મારા ખભાની રક્ષા કરજો. શિવના ધનુષને ભાગનારા રામચંદ્ર મારી ભુજાની રક્ષા કરજો. ॥ ૬ ॥

કરૌ સીતા પતિઃ પાતુ, હૃદયં જામદગ્નયજિત.

મધ્યં પાતુ ખર ધ્વંસી, નાભિં જાંબવદાશ્રય:

સીતા પતિ રામચંદ્ર મારા હાથની રક્ષા કરજો. પરશુરામને જીતનાર રામચંદ્ર મારા હ્રુદયની રક્ષા કરજો. ખરદૈત્યને મારનારા રામચંદ્ર મારા મધ્યની રક્ષા કરજો. જાંબુવાનના આશ્રય રૂપ રામચંદ્ર મારી નાભીની રક્ષા કરજો. ॥ ૭ ॥

સુગ્રીવેશ: કટી પાતુ, સકથીની હનુમત્ પ્રભુ:
ઉરૂ રઘુત્તમ: પાતુ, રક્ષ: કુલ વિનાશકૃત્.

સુગ્રીવના ઈશ્વર રામચંદ્ર મારી કેડની રક્ષા કરજો હનુમાનના પ્રભુ રામચંદ્ર મારી બે શકિથની રક્ષા કરો. રાક્ષસ કુળનો નાશ કરનારા રઘુકુળમાં ઉત્તમ રામચંદ્ર મારી બે સાથળની રક્ષા કરો ॥ ૮ ॥

જાનુની સેતુ કૃત્પાતુ જંઘે દશ મુખાંતક:
પાદૌ વિભીષણ શ્રી દ: પાતુ રામો ખિલંવપુ: ૯

સમુદ્રપર સેતુ બાંધનાર રામચંદ્ર મારા ઘુંટણની રક્ષા કરજો રાવણના નાશ કરનારા રામચંદ્ર મારી જંઘાની રક્ષા કરજો વિભીષણને સંપત્તી આપનારા રામચંદ્ર પગની રક્ષા કરો અને રામચંદ્રજી આખા (મારા) શરીરની રક્ષા કરો. ॥ ૯ ॥

એતાં રામ બલોપેતાં રક્ષાં યઃ સુકૃતી પઠેત.
સ ચિરાયુઃ સુખી પુત્રી વિજયી વિનયી ભવેત. ૧૦

સુકૃત કરનારો જે માણસ આ રામના બળવાળી રક્ષાનો પાઠ કરે તે લાંબા આયુષ્યવાળો થાય, સુખી થાય, પુત્ર પામે, જય મેળવે અને વિનયવાળો થાય. ॥ ૧૦ ॥

પાતાલ ભૂતલ વ્યોમ ચારિણઃ છદ્મ ચારિણઃ
ન દ્રષ્ટુ મપિ શકત.સ્તે, રક્ષિતં રામ નામભિઃ ૧૧

શ્રી રામચંદ્રજીના નામથી જેને રક્ષા થઈ હોય તેને પાતાળમાં, પૃથ્વી ઉપર અને આકાશમાં ફરનારા કપટી દૈત્યો જોવાને પણ શકિતવાન થતા નથી. ॥ ૧૧ ॥

રામેતિ રામ ભદ્રેતિ, રામચંદ્રેતિ વાસ્મરન્ ॥
નરો ન લિપ્યતે પાપૈઃ ભુકિતં મુકિતંચ વિંદતિ ૧૨

રામ રામભદ્ર અથવા રામચંદ્રનું જે સ્મરણ કરે છે તે માણસ કોઇ દિવસ પાપથી ન લોપાતા સુખ પામે છે અને મોક્ષને મેળવે છે. ॥ ૧૨ ॥

જગત જૈત્રૈક મંત્રેણ રામ નામ્નાભિ રક્ષિતં.

યઃ કંઠે ધારયેતસ્ય, કરસ્થાઃ સર્વ સિદ્ધયઃ ૧૩

જગતને જીતનારા એક રામ નામના મંત્રથી જેમાં રક્ષા કરવામાં આવી છે એવા આ સ્તોત્રનો કોઇ પાઠ કરે તો તેને સર્વ સિદ્ધિઓ પાસે આવી રહે છે. ॥ ૧૩ ॥

વજ્ર પંજર નામેદં યો રામ કવચં સ્મરેત
અવ્યા હતાજ્ઞઃ સર્વત્ર. લભતે જય મંગલં ૧૪

વજ્રપંજર નામના આ રામકવચને જે સંભારે તે અખંડ જ્ઞાનવાળો થાય છે અને સરવે ઠેકાણે કીર્તિરૂપ કલ્યાણને મેળવે છે. ॥ ૧૪ ॥

આદિષ્ટવા ન્યથા સ્વપ્ને રામ રક્ષા મિમાંહરઃ
તથા લિખિત વાન્પ્રાતઃ પ્રબુદ્ધૌ બુધ કૌશિકઃ ૧૫

શ્રી સદાશીવે જે પ્રમાણે આ રામરક્ષા વિશ્વામિત્ર રૂષિને સ્વપ્નમાં આવીને કહી તેજ પ્રમાણે તે બુદ્ધિવાન રૂષિએ સવારમાં જાગીને (પ્રાતઃ સમે) લખી લીધી છે. ૧૫

આરામઃ કલ્પ વૃક્ષાણાં વિરામઃ સકલા પદામ્
અભિરામ સ્ત્રી લોકાનાં રામઃ શ્રીમાન્સનઃ પ્રભુઃ ૧૬

કલ્પવૃક્ષોના આરામરૂપ, સઘળી વિપત્તિઓને દૂર કરનારા. અને ત્રિલોકીને આનંદ આપનારા શ્રીમાન રામચંદ્રજી અમારા પ્રભુ છે. ॥ ૧૬ ॥

તરૂણૌ રૂપ સંપન્નૌ, સુકુમારૌ મહાબલૌ,
પુંડરીક વિશાલાક્ષૌ ચીર કૃષ્ણા જિનાંબરૌ. ૧૭

યુવાન અવસ્થાવાળા, અને સોંદર્ય રૂપવાળા, સુકુમાર શરીરવાળા, મહાબલવાળા, કમળ સરખા વિશાળ નેત્રવાળા, જુના મૃગચર્મરૂપ વસ્ત્ર ધરનારા. ॥ ૧૭ ॥

ફલ મૂલાશિનૌ દાંતૌ તાપસૌ બ્રહ્મ ચારિણૌ,
પુત્રૌ દસરથસ્યૈ તૌ ભ્રાતરૌ રામ લક્ષ્મણૌ ૧૮

ફળમુળ ભક્ષણ કરનારા, ઇંદ્રિયોને વશ રાખનારા, તપ કરનારા. બ્રહ્મચર્ય પાળનારા, અને દશરથના પુત્ર એવા આ શ્રી રામ અને લક્ષમણ. ॥ ૧૮ ॥

શરણ્યૌ સર્વ સત્વાનાં શ્રેષ્ઠૌ સર્વ ધનુષ્મતામ્.
રક્ષઃ કુલ નિહંતારૌ ત્રાયેતાં નો રઘુત્તમૌ. ૧૯

કે જે સર્વ પ્રાણિયોતે શરણે જાવા યોગ્ય છે. સર્વે ધનુર્ધારીઓમાં ઉત્તમ અને રાક્ષસોના કુલનો નાશ કરનાર છે. તે બે રઘુવંશના ઉત્તમ પુરૂષ મારી રક્ષા કરો. ॥ ૧૯ ॥

આત્ત સજજ ધનુષા વિષુ સ્પૃશા વક્ષયા શુગ નિષંગ સંગિનૌ.
રક્ષણાય મમ રામ લક્ષ્મણા વગ્રતઃ પથિ સદૈવ ગચ્છતાં.

સજ્જ કરેલું ધનુષ જેમણે ચડાવ્યું છે એવા, બાણુનો સ્પર્શ કરનારા અને જેમાં બાણો ખુટે નહીં એવા ભાથાઓ જેને સંગે છે, એવા શ્રીરામ લક્ષ્મણ મારૂં રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર સદૈવ આગળ ચાલજો. ॥ ૨૦ ॥

સન્નધ્ધઃ કવચી ખડગી ચાપ બાણ ધરો યુવા.
ગચ્છ ન્મનોરમો અસ્માન્ રામઃ પાતુ સ લક્ષ્મણઃ ૨૧

નમ્રતાવાળા, કવચ પેહેરેલા ખડગ ધારણ કરેલા, અને ધનુષબાણ ધરનારા યુવાન મનોજ્ઞ રામચંદ્ર, લક્ષ્મણજી સાથે રહી માર્ગે ચાલતાં અમારી રક્ષા કરો. ॥ ૨૧ ॥

રામો દાશરથિઃ શૂરો લક્ષ્મણાનુચરો બલી,
કાકુત્સ્થઃ પુરૂષઃ પૂર્ણઃ કૌશલ્યેયો રઘૂત્તમઃ ૨૨

દશરથ રાજાના પુત્ર, શુરવીર, લક્ષ્મણ જેની સેવા કરે છે એવા, બળિયા, કાકુત્સ્થકુળમાં જન્મેલા, પુરૂષ, સર્વ કામનાથી ભરેલા, કૌશલ્યાના પુત્ર રઘુકુળમાં ઉત્તમ, ॥ ૨૨ ॥

વેદાંત વેદ્યો યજ્ઞેશ: પુરાણ પુરૂષોત્તમ:
જાનકી વલ્લભ: શ્રીમાન પ્રમેય પરાક્રમ: ૨૩

વેદાંતથી જાણી શકાય એવા, યજ્ઞોના ઇશ્વર, પુરાણ પુરૂષમાં ઉત્તમ, જાનકીજીના પતિ શોભાયમાન્, જેનું પરાક્રમ જાણિ ન શકાય એવા. ॥ ૨૩ ॥

ઇત્યેતાનિ જપે ન્નિત્યં, મદ્ ભકત: શ્રધયાન્વિત:
અશ્વ મેધાધિકં પુણ્યં સંપ્રાપ્નોતિ ન સંશય: ૨૪

એ પ્રમાણે એટલાં નામ મારા ભકતે શ્રધા રાખીને વાંચવાં અથવા પાઠે કરી લેવાં તો અશ્વમેઘ યજ્ઞ કરવાના પુણ્યથી વધારે પુણ્યને પામે છે, તેમાં કાંઈ સંદેહ નથી. ॥૨૪॥

રામં દૂર્વા દલ શ્યામં પદ્માક્ષં પીત વાસસં.
સ્તુવંતિ નામભિ ર્દિવ્યૈ ર્નતે સંસારિણો નરા: ૨૫

દુર્વાના દલજેવા શ્યામ વર્ણવાળા, કમળના સરખાં નેત્ર વાળા, અને પીળાં વસ્ત્ર પેહેરનાર શ્રી રામચંદ્રની જેઓ

દિવ્ય નામોથી સ્તુતિ કરે છે. તે પુરૂષો જન્મ મરણને પામતા નથી. ॥ ૨૫ ॥

રામં લક્ષ્મણ પૂર્વજં રઘુવરં સીતા પતિં સુંદરં કાકુત્સ્થં
કરૂણા ર્ણવં ગુણનિધિં વિપ્ર પ્રિયં ધાર્મિકં
રાજેંદ્રં સત્યં સંધં દશરથ તનયં શ્યામલં શાંતમૂર્તિં
વંદે લોકાભિરામં રઘુકુલ તિલકં રાઘવં રાવણારિં ॥ ૨૬ ॥

શ્રી રામચંદ્રજી કે જે લક્ષ્મણજીના મોટા ભાઇ છે, રઘુકુળમાં ઉત્તમ છે; સીતાના પતિ છે, સુંદર છે, કાકુત્સ્કુળમાં ઉત્પન્ન થયા છે, કરૂણાના સમુદ્રરૂપ છે, ગુણના ભંડાર રૂપ છે, બ્રાહ્મણો જેને પ્રિય છે, ધર્મ કરનાર છે, રાજાઓના અધિપતિ છે. સાચી પ્રતીજ્ઞાવાળા છે, દશરથના પુત્ર છે, શ્યામ સ્વરૂપ છે, શાંત મૂર્તીવાળા છે. લોકોને આનંદ આપનારા છે, રઘુ-કુળમાં જન્મેલા શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ॥ ૨૬ ॥

રામાય રામ ભદ્રાય રામચંદ્રાય વેધસે,
રઘુનાથાય નાથાય સીતાયાઃ પતયે નમઃ ૨૭

રઘુકુળના નાથ અને સીતાના પતિ એવા શ્રી રામ કે જેનાં રામભદ્ર અને રામચંદ્ર એવાં નામ છે, તથા જે વિધાતા રૂપ છે, તેમને નમસ્કાર કરૂં છું. ॥ ૨૭ ॥

શ્રી રામ રામ રઘુનંદન રામ રામ,
શ્રી રામ રામ ભરતાગ્રજ રામ રામ,
શ્રી રામ રામ રણ કર્કશ રામ રામ,
શ્રી રામ રામ શરણં ભવ રામ રામ.

હે રઘુકુળના વંશમાં થએલા હે રામ, હે રામ, હે રામ, હે રામ, રણસંગ્રામમાં કઠણ જણાતા હે રામ, હે રામ, હે રામ. હે રામ હે લક્ષ્મીને રમાડનારા હે રામ. હે રામ, હે રામ અમને શરણ આપો. ૨૮

શ્રી રામચંદ્ર ચરણૌ મનસા સ્મરામિ,
શ્રી રામચંદ્ર ચરણૌ વચસા ગૃણામિ,
શ્રી રામચંદ્ર ચરણૌ શિરસા નમામિ,
શ્રી રામચંદ્ર ચરણૌ શરણં પ્રપદ્યે. ॥ ૨૯ ॥

શ્રી રામચંદ્રના ચરણને મનવડે સંભારૂં છું. શ્રી રામચંદ્રના ચરણને વચનવડે ગાઉં છું. શ્રી રામચંદ્રના ચરણને મસ્તક વડે નમું છું, અને શ્રી રામચંદ્રજીના ચરણકમળને હું શરણ થાઉં છું. ॥ ૨૯ ॥

માતા રામો મત પિતા રામચંદ્રઃ
સ્વામિ રામો મત સખા રામચંદ્રઃ

સર્વ સ્વં મે રામચંદ્રો દયાળુઃ
નાન્યં જાને નૈવજાને ન જાને. ॥ ૩૦ ॥

મારી માતા શ્રીરામચંદ્ર છે. મારા પીતાશ્રી રામચંદ્ર છે. મારા સ્વામી શ્રી રામચંદ્ર છે, મારા મીત્ર રામચંદ્ર છે, અને મારૂ સર્વસ્વ દયાળુ શ્રી રામચંદ્ર છે. બીજા કોઇને હું માતા, પિતા, સ્વામી, મિત્ર, અને સર્વસ્વ જાણતો નથી, સમજતો નથી અને ઓળખતો નથી. ॥ ૩૦ ॥

દક્ષિણે લક્ષ્મણો યસ્ય વામેચ જનકાત્મજા
પુરતો મારૂતિ ર્યસ્ય તં વંદે રઘુ નંદનં ॥ ૩૧ ॥

જેની જમણી બાજુ શ્રી લક્ષ્મણજી કે, જેની ડાબી બાજુ શ્રી જનકના પુત્રી શ્રીસીતાજી છે. અને જેની આગળ ચાલનારા શ્રી હનુમાનજી છે તે શ્રી રઘુકુળના કુમાર શ્રી રામચંદ્રજીને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૧ ॥

લોકાભિરામં રણ રંગ ધીરં રાજીવનેત્રં રઘુવંશ નાથં.
કારૂણ્ય રૂપં કરૂણા કરંતં શ્રી રામચંદ્ર શરણં પ્રપદ્યે. ॥૩૨॥

લોકોને આનંદ આપનારા, રણસંગ્રામમાં ધીરજ રાખ-નારા, કમળ સરખા નેત્રવાળા, રઘુવંશના નાથ, દયાની મૂર્તિ રૂપ અને કરુણાથી ભરેલા શ્રી રામચંદ્રને શરણે જાઉં છું. ૩૨

મનોજવં મારૂત તુલ્યવેગં જીતેંદ્રિયં બુદ્ધિમતાં વરિષ્ઠં
વાતાત્મજં વાનરયૂથ મુખ્યં શ્રી રામ દૂતં શરણં પ્રપદ્યે ॥

મનના જેવા વેગવાળા, વાયુના જેવી ગતિવાળા ઇંદ્રિયોને જીતનારા. બુધિવાન પુરુષોમાં વખાણવા યોગ્ય, વાયુના પુત્ર હનુમાનજીને હું શરણે જાઉં છું. ॥ ૩૩ ॥

કૂજંતં રામ રામેતિ મધુરં મધુરાક્ષરં
આરૂહ્ય કવિતા શાખાં વંદે વાલ્મીકિ કોકિલં ॥ ૩૪ ॥

કવિતા રૂપી શાખા ઉપર બેશીને મીઠાશ ઉપજે એવી રીતે શ્રી રામ એવી રીતે મધુર અક્ષરથી ઉચ્ચાર કરતા એવા વાલ્મીકી રૂષિરૂપ કોકિલને હું નમસ્કાર કરૂં છું ॥ ૩૪ ॥

આપદા મપ હર્તારં દાતારં સર્વ સંપદાં.
લોકાભિ રામં શ્રીરામં ભૂયો ભૂયો નમામ્યહં ॥૩૫॥

આપત્તિઓનો નાશ કરનારા, સર્વ સંપત્તિઓને આપ-
નારા અને લોકને આનંદ આપનારા શ્રી રામચંદ્રજીને વારંવાર
હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૫ ॥

ભર્જનં ભવ બીજાના મર્જનં સુખ સંપદાં
તર્જનં યમદૂતાનાં રામ રામેતિ ગર્જનં ॥ ૩૬ ॥

રામ નામનો ઉચ્ચાર તો સંસારનાં બીજનો નાશ
કરનાર (જન્મ મરણનાં કારણનો નાશ કરનારો.) સુખ રૂપ
સંપત્તિઓને શુદ્ધ કરનારો; અને યમના દૂતોને તરછોડી
નાખનારા છે. ॥ ૩૬ ॥

રામો રાજમણિઃ સદા વિજયતે રામં રમેશં ભજે
રામેણાભિ હતા નિશાચર ચમૂ રામાય તસ્મૈ નમઃ
રામા ન્નાસ્તિ પરાયણં પરતરં રામસ્ય દાસો સ્મ્યહં
રામે ચિત્ત લયઃ સદા ભવ તુમે ભો રામ મા મુદ્ધર ।૩૭


રાજાઓમાં મણિ સરખા, શ્રી રામચદ્ર નિરંતર જયને
પામે છે. લક્ષ્મીના પતિ રામચંદ્રને હું ભજુ છું, જે રામ-
ચંદ્રજીએ રાક્ષસોની સેનાને હણી નાંખી તે શ્રી રામચંદ્રને હું
નંમસ્કાર કરૂં છું. શ્રી રામચંદ્રજીથી બીજું કોઇ શરણે જવા

યોગ્ય નથી. હું શ્રી રામચંદ્રજીનો દાસ છું. મ્હારૂં ચિત્ત શ્રી રામચંદ્રજીમાં તલ્લીન છે, શ્રી રામચંદ્રજી મારો ઉદ્ધાર કરો. ॥ ૩૭ ॥

રામ રામેતિ રામેતિ રમે રામે મનોરમે
સહસ્ર નામ તત્તુલ્યં રામ નામ વરાનને. ॥૩૮॥

વારંવાર શ્રી રામનું નામ જપતો હું મનોહર રામચંદ્રને વિષે રમું છું, હે પાર્વતી, એક રામ નામ અને બીજાં હજાર નામ એ બે બરાબર છે. ॥ ૩૮ ॥

ઇતિશ્રી રામ સ્તોત્ર સમાપ્ત:



॥ મંગળાચરણમ્ ॥

ગણપતિની સ્તુતિ.

અનુષ્ટુપ છંદ.

પ્રણમ્ય શિરસા દેવં ગૌરીપુત્રં વિનાયકમ્
ભકતાવાસં સ્મરે ન્નિત્ય માયુષ્કાર્થ સિદ્ધયે ॥ ૧ ॥

પ્રથમં વક્રતુંડં ચ એક દન્ત દ્વિતીયકમ્
તૃતીયં કૃષ્ણપિંગાક્ષં ગજવક્ર ચતુર્થકમ્ ॥ ૨ ॥

લંબોદરં પંચમં ચષષ્ટં વિકટ મેવચ.
સપ્ત વિઘ્નનાશં ચધૂમ્રવર્ણં તથા ષ્ટમમ્ ॥ ૩ ॥

નવમં ભાલચંદ્રં ચદશમં તુ વિનાયકમ્
એકાદશં ગણપતિં દ્વાદશં તુગજાનનમ્ ॥ ૪ ॥

દ્વાદશૈતાનિ નામાનિ ત્રિસંધ્યંયઃ પઠેન્નરઃ
નચ વિઘ્નભયં તસ્ય સર્વ સિદ્ધિકરં પરં ॥ ૫ ॥

વિદ્યાર્થી લભતે વિદ્યાં ધનાર્થી લભતે ધનમ્
પુત્રાર્થી લભતે પુત્રાન્મોક્ષાર્થી લભતે ગતિમ્ ॥ ૬ ॥

———o———

શ્રી સરસ્વતિનીસ્તુતિ.

શાર્દુલવિક્રિડિત છંદ.

શુકલાં બ્રહ્મ વિચાર સાર પરમા માદ્યાં જગદ્ વ્યાપિનીં
વિણા પુસ્તક ધારિણીમ્ ભયદાં જાડયાંધકારાપહામ્
હસ્તે સ્ફાટિક માલિકાં વિદધતીં પદ્માસને સંસ્થિતાં
વન્દે તાં પરમેશ્વરીં ભગવતીં બુદ્ધિ પ્રદાં શારદામ્ ॥ ૧ ॥

———o———

મંદાક્રાંતા છંદ.

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં
વિશ્વાધારં ગગન સદશં મેઘવર્ણં શુભાંગં
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિ ભિર્ધ્યાન ગમ્યં
વન્દે વિષ્ણું ભવ ભય હરં સર્વ લોકૈક નાથં ॥ ૧ ॥

———o———

ચરણામૃત લેતાં બોલવાનો શ્લોક.

અકાલ મૃત્યુ હરણં સર્વ વ્યાધિ વિનાશનં
વિષ્ણો પાદોદકં પીત્વા શિરસા ધારયામ્યહં ॥ ૧ ॥

પરિક્રમાનો શ્લોક.

યાનિ કાનિચ પાપાનિ મેરૂ તુલ્ય શતાનિચ.
તાનિ તાનિ વિનશ્યન્તિ પ્રદક્ષિણ પદે પદે. ॥ ૧ ॥

———o———

શ્રી શંકરનાં દર્શન કરવા જતાં નીચે પ્રમાણે સ્તુતિ કરવી.

માલની વૃત્ત.

અસિતિ ગીરિ સમંશ્યાત કજ્જલં સિંધુપાત્રે.
સુરતરૂવર શાખા લેખિની પત્ર મુર્વી
લિખતિ યદિ ગ્રહિત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારંમ નઃ યાતિ ॥ ૧ ॥

———o———

પ્રભાતમાં સૂર્યનાં દર્શન કરતાં નીચે પ્રમાણે સ્તુતિ કરવી.

ઉપજાતિ વૃત્તમ.

શ્રી કશ્ય પશ્યાત્મજમેક મૂર્તિ કેયૂરહારં ગદ ભૂષિતાંગ
જ્ઞાન પ્રકાશં ત્રિગુણાત્મકં ચ નમામિ સૂર્યં ભુવન પ્રદીપં

દેવીને મંદિર જતાં નિચેની સ્તુતિ કરવી.

શાર્દુલવિક્રિડિત વૃતં

માયા કુંડલની ક્રિયા મધુમતી કાલીકલા માલિની
માતંગી વિજયાજયા ભગવતી દેવી શિવા શાંભવી
શકિત શંકર વલ્લભા ત્રિનયના વાગ્વાદિની ભૈરવી
ઓંકારી ત્રિપુરા પરા પરમયી માતા કુમારી ત્યસિ ॥૧॥

———o———

શ્રી હનુમાનજીનાં દર્શન કરતાં નિચેનું સ્તોત્ર બોલવું.

માલનિ વૃત્તમ.

અતુલિ ન બલ ધામ સ્વર્ણ શૈલાભદેહં
દનુજવન કૃશાનું જ્ઞાનિ નામ ગ્રણ્યમ
સકલ ગુણનિધાનં વાનરાણામધીશં
રઘુપતિ વર દૂતં વાતજાતંનમામિ ॥ ૧ ॥

———o———

સ્તુતિ (૧)

હે રામા પુરષોત્તમા, નરહરિ નારાયણા કેશવા,
હે ગોવિંદા ગરૂડધ્વજા, ગુણનીધી દામોદરા માધવા;
હે કૃષ્ણા કમલાપતિ, યદુપતિ સીતાપતિ શ્રીપતિ;
હે વૈકુંઠાધિપતિ ચરાચર પતિ, લક્ષ્મી પતિપાહીમાં. ॥૧॥

(૨)

આદૌ દેવકીદેવ ગર્ભ જનનં, ગોપી ગૃહે વર્ધનમ્ ,
માયા પૂતના જીવ તાપ હરણં. ગોવર્ધનોદ્ધારણં;
કંસ ચ્છેદનં કૌરવાદિ હનનં; કુન્તી સુતા પાલનં,
એતદ્ શ્રી ભાગવત પુરાણ, કથિતં શ્રી કૃષ્ન લીલામૃતં.

(૩)

આદૌ રામ તપોવનાદિ ગમનં હત્વા મૃગં કાંચનં,
વૈદેહી હરણં જટાયુ મરણં, સુગ્રીવ સંભાષણં,
વાલી નિગ્રહણં સમુદ્ર તરણં, લંકાપુરી દાહનં
પશ્ચાદ્ રાવણ કુંભ કરણહનનં, એતદ્ શ્રી રામાયણં. ॥૧॥

(૪)

હે રામાનુજ હે જગત્રય ગુરૂ, કે પુંડરીકાક્ષમં,
હે ગોપીનાથ પાલનપરં જ્ઞાનં વિના ત્વં વિના;

હે ગોપાલક, હે કૃપા જલનિધે, હે સિંધુ કન્યાપતે;
હે કંસાતક હે ગજેંદ્ર કરૂણા પારેન હે માધવં. ॥ ૧ ॥

(૫)

કસ્તુરી તિલકં લલાટ પટલે, વૃક્ષ સ્થલે કૌસ્તુભં,
નાસાગ્રે ગજ મૌકિતકં કરતલે, વેણુકરે કંકણું,
સર્વાંગે હરિચંદન સુલલિતં કંઠેચ મુકતાવલી;
ગોપ સ્રીપર વેષ્ટીતો વિજયતે, શ્રી ગોપાલ ચુડામણી. ॥૧॥

(૬)

હે રાધે વૃષભાન ભૂપતનય, ગંધર્વકે રાધિકે.
હે કૃષ્ણાનન પંકજ ભ્રમરીકે, કૃષ્ણ પ્રિયે માધિવે,
હે વૃંદ્રાવન નાગરી ગુણ ગ્રહે, દામોદર પ્રિયસી;
હે હે લલિતાદિ પ્રિય સાખે, પ્રાણાંતિકે પાહીમાં. ॥ ૧ ॥

(૭)

વિષ્ણુ પાદ અવન્તિકા, ગુણવતી મધ્યે ચ કાંચી પુરી,
નાભૌ દ્વારાવતિ તથાચ હૃદયે માયાપુરી પુષ્પદા,
ગ્રીવા મુલ મુદાહરંતિ મથુરાં, નાસાગ્રે વારાણસી,
એતદ્ વેદ વદંતિ બ્રહ્મ મુનિયો, શ્રી અયોધ્યાપુરી મસ્તકે.

સ્તુતિ.

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવ ભય દારૂણં.
નવકંજ લોચન કંજ મુખકર. કંજ પદ કંજારુણં,
કંદર્પ અગણિત અભિત છબી, નવ નીલ નીરજ સુંદરં
પટ પીત માનહુ તડીત રૂચિ શુચિ, નોમિ જનક સૂતાબરં
ભજુ દીન બંધુ દીનેશ દાનવ, દૈત્ય બંસ નિકદનં
શિર મુકુટ કુંદલ તિલક ચારૂ, ઉદાર અંગ વિભૂષણં.
આજાન ભુજશર ચાપ ધર, સંગ્રામ જીત ખર દૂષણં
ઈતિ વદત તુલશીદાસ, શંકર શેષ મુનિ મનરંજનં
મમ હૃદય કંજ નિવાસ કરૂ, કામાદિ ખલદલ ગંજનં
મન જાહી રાચહું મિલહી સોબર, સહજ સુંદર સાંવરો.
કરૂણાનિધાન સુજાન શીલ સ્નેહ જાતન રાવરો.
યહિ ભાન્તિ ગૌરી આશિશ સુનિ સીય સહિત હીયહરખીતઅલી
તુલસી ભવાનિ પુજિ પુનિ પુનિ, મુદિત મન મંદીર ચલી.
જાનિ ગૌરી અનુકૂલ સીય હીય હર્ષ ન જાત કહી-
મંજુલ મંગલરૂપ વામઃ અંગ ફરકન લાગે.

સીયા વર રામચંદ્રકી જે   શાન્તિ શાન્તિ.

———o———

છંદ ચરચરી.

પવન મંદ સુગંધ શીતલ, હેમ મંદિર શોભિતં;
નિકટ ગંગા વહુતિ નિર્મળ, શ્રી બદ્રિનાથ વિશ્વંભરં, ૧

શેષ સુમિરન કરત નિસદિન, ધરત ધ્યાન મહેશ્વરં,
વેદ બ્રહ્મા કરત સ્તુતિ. શ્રી બદ્રિનાથ વિશ્વંભરં ૨

ઇંદ્ર ચંદ્ર કુબેર દિનકર. ધુપ દિપ પ્રકાશીતં,
શ્રી લક્ષ્મી કમળા ચરણચાંપે, શ્રી બદ્રીનાથ વિશ્વંભરં ૩

શંકર ગવરી ગણેશ સારદ, નારદ મુનિજન ઓચ્ચરં,
યોગ ધ્યાન અપાર લીલા. શ્રી બદ્રીનાથ વિશ્વંભરં, ૪

તપ્ત કુંડકી અધિક મહિમા, દસ દિશા યશ ગાયનં,
નરં નારાયણ કરત સેવા, શ્રી બદ્રીનાથ વિશ્વંભરં ૫

દક્ષ કિન્નર કરત કીર્તન, તાલ વીણા વાજીતં,
સિદ્ધ મુનિજન કરત જય જય, શ્રી બદ્રીનાથ વિશ્વંભરં ૨

પ્રેમ પંથ કેદાર દર્શન, સિદ્ધ મુની જન સેવીતં,
હેમ આલય સુખ સ્વરૂપી, શ્રી બદ્રીનાથ વિશ્વંભરં. ૭

શ્રી બદ્રીનાથ કે સપ્ત રત્ન, સુ સર્વ પાપ વિનાશિતં,
કોટિ તીરથ સ્વરૂપ પૂરણ. શ્રી બદ્રીનાથ વિશ્વંભરં. ૮

———o———

છંદ ચરચરી.

નંદ નંદન જગત વંદન, ચરન રજ કુબજા તરી,
ચાર જુગ પરિ બ્રહ્મ કહિયે, કૃષ્ણ રાજત મધુપુરી ૧

બંસી બટ તટ નિકટ યમુના, સાંવરે મુરલી ધરી,
મુરલી ધુન સુન લોક મોહે, કૃષ્ણ રાજત મધુપુરી, ૨

વૃંદાવનમાં મદન મોહન, અષ્ટ સિદધી નવ નિધિ ખરી,
કરલ અહી ઘનશ્યામ નાથ્યો, કૃષ્ણ રાજત મધુપુરી, ૩

મુગટ લટપટ પેંચ રસ પટ. તિલક ચંદનનું કરી,
વનમાલિ લાલ ગોપાલ કહિયે. કૃષ્ણ રાજત મધુપુરી. ૪

ગોપ ગોપિ સંગ લઈને, કુંજ કુંજ રમ્યાં હરી,
રાસ રચ્યો યદુ નાથ નંદન, કૃષ્ણ રાજત મધુપુરી. ૬

ઇંદ્ર ચંદ્ર કુબેર બ્રહ્મા, લખે વિગત પ્રભુ ફરી ફરી,
અનંત મુનિજન કરત જય જય. કૃષ્ણ રાજત મધુપુરી. ૬

કંસ વંશ નિકંદ કીધો, દનુજ સર્વ ગયા ડરી;
સંત કારણ દેહ ધારણ, કૃષ્ણ રાજત મધુપુરી. ૭

કૃષ્ણાષ્ટક જે પઠત નિસદિન, સ્વર્ગ જાય તે સંચરી,
નિત્યાનંદ અવતાર અદભૂત, કૃષ્ણ રાજત મધુપુરી. ૮

———o———

આરતી.

જય દેવ જય દેવ,
જય જય જગકર્તા, પ્રભુ જય જય જગકર્તા,
ભગવત તું ભવભર્તા, (૨) પ્રભુ વિભુ પરમાત્મા આ પ્રભુ
સકળ કળાધર શ્રીમત (૨) ધીમત ધરમાત્મા- જય ૧

તું સચરાચર સ્વામી, બળવંત બહુ નામી-પ્રભુ બળ
વિમળ મંડળ વિશ્રાંમી, ધન્ય અચળ ધામી. જય, ૨

તાત સકળ ગુણ તારા, સર્વ થકી સારા -પ્રભુ સર્વ
અંતર્યામી હમારા (૨) પ્રાણ થકી પ્યારા,-જય૦ ૩

કરૂણા કર ઉપકારી, ધરમ બિરદ ધારી- પ્રભુ ધર્મ.
તેં ભવ પાર ઉતારી, (૨) અગણિત નર નારી,-જય૦ ૪

તુજ મહિમા બહુ મોટો, શુભ તારી શકિત. પ્રભુ શુભ.
સુર નર મુનિવર માગે (૨) ભલી તારી ભકિત- જય૦

હે હરિ હરકત હરજો, કરૂણા ઘણી કરજો.. પ્રભુ કરૂણા.
અભય કરણ આદરજો (૨) ઉર અરજી ધરજો.-જય દેવ.

———o———

રાગ પ્રભાત.

ઉઠ પ્રભાત સમર લે તું શ્રી ગણેશ દેવા,
માતા જાકી પાર્વતી ને, પિતા શંકર દેવા,
એકદંત દયાવંત, ચાર ભૂજા ધારી,
મસ્તકે સિંદુર સોહે મુષકકી સ્વારી ઉઠ ૧

ચડનેકું પાનપુલ, ખાનેકુ, મેવા,
સકલ સૃષ્ટી તમકુ રટત, શંકર મહાદેવા. ઉઠ ૨
સંગ સિદ્ધી બુદ્ધિ નારી, ચમર નિત્ય કરે;
વાકો નામ નિત્ય લીજે, સરવ વિઘન હરે. ઉઠ ૩

કનક થાલ મુકત માલ, જાત સહુવારી,
તાનસેન ગજાનંદ. ગાવત શુભકારી, ઉઠ. ૪

———o———

પદ.

રામ મંત્ર મેરે ભાઇ જપો મન, રામ મંત્ર મેરે ભાઈ.
રામ મંત્ર શિવ સતી જપત હે, કાગ ભુશંડિ ગોરીમાંહીરે.
કાલહિં કરમ માયા નહિ વ્યાપે, ભકિત અચલ દ્રઢ પાઇરે રા. ૧
ગજ ગણિકા અહલ્યા વ્યાધ ભિલડી, જાત વરણ કુલ નાહીરે,
રામ મંત્રસે મોક્ષપદ પાયે, ચઢે નિશાન બજાઇ રે. રામ. ૨

ધ્રુવ અંબરીષ પ્રહલાદ બિભિષણુ, રામ મંત્ર ગ્રહયો ચિત લ્યાઇ
ખગ પતિ નિલ અંગદ હનુમંતા, સેવે ચરન સોહાઈરે. રામ. ૩
રામ મંત્ર બિન મિથ્યા ચતુરાઇ, નિગમ કહે યશ ગાઇરે,
તુલસીદાસ ગુરૂ મંત્ર બતાયો, હૃદયમેં રહયો ઠેરાઇ રામ. ૪

———o———

પ્રભાતીયું.

એક ઘડી દિન ઉગ્યા પહેલાં, જો જીભ્હા મુખ રામ કહે;
કોટી કલ્યાન અભય પદ પાવે, પાપ બાપુરો કયાંઈ રહે. ટેક
રામ નામનો મોટો મહિમા, શિવ સનકાદિક ધ્યાન ધરે,
અજામેલ ગુનિકા ઘર વાસ્રી, નારાયણુને નામે તરે. એક ૧
કેસરી ગંધે મૃગલાં નાસે, રવિ ઉગે જેમ તિમ્મર ટળે,
મેરૂથા મોટેરાં પ્રાયશ્ચિત, તે લઈ લક્ષ્મીવર દુર કરે. એક ૨
રામ નામે પ્રહલ્લાદ ઉગાર્યો, જે કોઇ ભકિત ભાવે કરે,
પુરણુ બ્રહ્મ અખંડ અવિનાશી, ત્રિવિધીતાપ તેના ટળે. એક ૩
સંત સદાય ને ભકિત અવિચળ, જેને રૂદયે રામ રહે;
તુલસીદાસ આશા રઘુવીરકી, ચરણુકમળ ચિત્ત ધ્યાન રહે એ. ૪

———o———

રાગ ભૈરવ.

દશરથ સુત રામચંદ્ર, સુન પોકાર મેરી,
મેં પાપી પ્રચંડ દુખીત, શરન આયો તેરી. ટેક.
શવરીકોં અતિ સ્નેહ, વાકી પત રાખી,
પઠાયદીન પરમધામ, સુરિનર મુનિ શાખી. દશરથ. ૧
ઢીમર કુલ અતિ કઠોર, ભારી હઠ કીનો,
વાકું રામ રીજ રીજ, અભયદાન દીનો. દશરથ. ૨
ચરન કમલ પરસ દરસ, અહલ્યા ઓધારી;
એસે પ્રભુ દીન બંધુ, સંતન સુખકારી. દશરથ. ૩
કામ ક્રોધ લોભ મોહ, મમતા નવ તુટે,
આપકી કૃપાસેં સદ્ય, જન્મ મરણુ છુટે. દશરથ. ૪
ભકત પ્રતિપાલ લાલ, કૃપા દૃષ્ટી કીજે;
તુલસી દાસ શરન આયો, આપનો કર લીજે. દશરથ. ૫

———o———

રાગ ઉપરનો.

દીનકો દયાલ છાંડી, કોન શરન જાઉં,
એક રામ નિરંકાર, સોઇ ધામ પાઉ. ટેક.

એક બચન એક બાણ, એક પત્નિ શૈયા;
એસે પ્રભુ છાંડકે હમ, કિનકું ભજું લૈયા. દીનકો ૧

જીસ ઘરમેં રામ નામ, સોઇ ઘર સચ્ચા;
રામકો સ્વરૂપ જાને, સોઇ ગુરૂ સચ્ચા, દીનકો, ૨

ભકતનકે કાજ, મહારાજ સગુણ ધારી;
સબનકો કરિ ઉદ્ધાર, પિંગલા ઉદ્ધારી; દીનકો. ૩

પ્રભુ ગરિબનકે નિવાજ, મેં ગરીબ તેરા,
એક બેર કહો દયાળ, તુલસીદાસ મેરા. દીનકો. ૪

પદ પ્રભાત.

નમો નમો નમસ્કાર, પાવલીકું દેવા;
પાવલી ચરણારવીંદ, પુજ કરૂં સેવા. ટેક.

ચામર છત્ર અરૂ સિંહાસન, લઇ ધર્યો સુત આગે;
કૈકૈકે બચન સુણી, ભરત બાણ લાગે. નમો નમો. ૧

ધિક્ક મયા તેરો રાજ પાટ, ધિક્ક અયોધ્યા તેરી;
સિયા રામજી વિના રાજ કરૂં તો, ધિક્ક મતિ હુય મેરી. ન. ૨

ભુમી ખોદાવું દર્ભ બિછાવું, પલ ઘડી ન સોઉં;
જેહી મારગ રઘુનાથ સિધાયે, સોહી બાટ જોઉં. નમો. ૩

સુમિત્રા સતસંગ સિધારે; સો બડે સુભાગી;
તોવ ઉદરે અવતરેંહી, લાજ મોય લાગી. નમો નમો. ૪
ધિક્ક ધિક્ક કેકઇ તોકું, બંધુ બિછોહ કીના;
તુલસીદાસ રામ વિજોગ, ભરથ જોગ લીના. નમો નમો. ૫

———o———

રાગ પ્રભાતી.

ઠુમક ચલત રામચંદ્ર, બાજત પપ જનીયાં, ટેક.
કિલકત ઉઠિ ચલત ધ્યાય, પરત ભૂમિ લપટાઇ,
ધાય માતુ ગોદ લેત; દશરથકી રનિયાં. ઠુમક. ૧
અમલ રજ અંગ ઝારી, વિવિધ ભાંતિ કરિ દુલાર,
તન મન ધન વારી ડારિ, બોલત મૃદુ બચનીયાં, ઠુમક. ૨
મોદક મેવા રસાલ, મન માને, સો લેહુ લાલ;
ઓર લેહુ રૂચિ પાન, કંચન ઝુન ઝુનીયાં. ઠુમક ૩
બિકુમસે લલિત અધર, બોલત મુખ વચન મધુર;
તાસા અરૂ અધર બીચ, લટકત લટકનીયાં. ઠુમક ૪
સુખમાકે શીવ કબુ, ગ્રીવ તીનરેખ રૂચીર;
વદન સુચીર કૂટી લચીકુંર, મંદ મંદ હસનીયા ઠુમક ૫
ભ્રકુટી ત્રિભંગ અંગ, ક છનિ કછે કટિ નિસંગ,
રેખા ત્રય ઉદર બીચ, સીંહસી ઠવનીયાં ઠુમક ૬

અદ્‌ભૂત છબી અતિ અપાર, કોકવિજ્ને વરણેપાર;
કહિ ન સકત શેષ જા કે, સહસ્ત્ર દેઉ રસનીયાં ઠુમક ૭
તુલસીદાસ અતિ આનંદ, નિરખી કે મુખારવિંદ.
રઘુવર કે છબી સમાન, રઘુવર છબી બનીયાં, ઠુમક ૮

———o———

પ્રભાતી.

સરજુ કો જલ ભરન જાત અવધ પુરકી નારી;
ધનુષ જેસી ધાર બહે, દૂધ જેસો પાની,
સરજુકો નામ લહત, મુકત હોત પ્રાની- સરજુ. ૧
લાલ લંક કટિ બિશાલ. કંગનકી છબી ભારી,
ગોર બદન અંગીયાં ઝરે. અરૂ રંગિલિ સારી- સરજુ ૨
રૂમ ઝુમ ઝરી ઝરાય, નાકમેં વારી;
કનક કલશ શીર પર શોભે, ચલકનકી છલ ભારી. સરજુ ૩
હિલ મિલ સરજુ ભરન જાત, સુરજકી અજવાંરી;
વાટ ઘાટ લગત ઠાઠ, ફુલ રહે ફુલ કયારી. સરજુ ૪
કોય નાવત કોઇ ધોવત, કોય મંજત હે નારી;
તુલસીદાસ પાઠ કરત, બાલ બ્રહ્મચારી. સરજુ. ૫

———o———

રાગ પ્રભાત.

જય ગંગે જય જય જગપતી, જય સંતન સુખદાઇ,
ભૂપ ભગીરથ કે હિત કારન, પ્રગટ અવનિયે આઇ. ટેક.

ચરન કમલ અનુરાગ ભાગ કરી, લઇ બ્રહ્મા ઉર લાઇ.
તરત તરંગ પાપ ખલ ખડિત, મહિમા બરની ન જાઇ. જય ૧

ગુણ ગાયે વેદ મુની કુંજર, સંતન ધ્યાન ધરાઇ;
ગૌર ધાર ગંભીર નિર્મલ જલ, છુવત અધમ તરી જાય જય ૨

ચાર ખાણી જગજીવ ઓધારણી, બેદ બિવા જશ ગાઇ.
જાકી કાન્તિ દેખી ડરે જમકિકર, કરૂણા કર કર આઇ. જ. ૩

કનક સિંહાસન જડિત મનોહર, અરૂ જલ મલ સુધાઇ;
પ્રબલ પ્રતાપ કહાં લાગે બરણું શંકર શિશ ચઢાઇ. જ. ૪

રામ નામ ક્રોડ કેવલ ગંગા, અવર કછુ ન ઉપાઈ.
તુલસીદાસ સો નર આ જગમે, રેહેત લોલીત સદાઇ. જ. ૫

શ્રી રામચંદ્રજી પ્રત્યે સીતાજીની પ્રભાત પ્રાર્થના.

પ્રાત સમયે ઉઠ જનક નંદની, ત્રિભુવન નાથ જગાવે,
જાગો નાથ પ્રાણ પ્રિય ભૂપતી ભુવન બોલાવે.

હસ્ત કમલસેં ચરન પલોટત, લે લે દ્રગન લગાવે;
સોઇ પદ પરસત ગૌતમ નારી પરમ અભય પદ પાવે. પ્રા. ૧

કનક કલશ ઝારી ભર લાયે, દાતન દાન કરાવે.
કમલ નેન મુખ નિરખ રામકો, આનંદ ઉર ન સમાયે. પ્રા ૨
મંગલ માલ ગલે મોતનકી, કર અંગુલી શણગારી,
ગુગર બાલ અલખ બદન છબી, પગીઆં પેચ સમારે પ્રા. ૩
સંત જન કહે એહી વીનતી આરત બચન સુનાવે,
તુલસીદાસ છબીનીરખી|રામકી નીરખી હરખી ગુણ ગાવે. પ્રા. ૪

પદ પ્રભાતીયુ.

રાત રહે જાહરે પાછલી ખટઘડી,
સાધુ પુરૂષને સુઈ ન રહેવું,
નિંદ્રાને પરહરી સમરવા શ્રીહરી,,
એકતું એકતું એમ કહેવું. રાત૦ ૧
જોગિયા હોય જેણે જોગ સંભાળવા,
ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા. રાત૦ ૨
સુકવિ હોય તેણે સદ ગ્રંથ બાંધવા,
દાતાર હોય તેણે દાન કરવું,
પતિવૃતા નારીએ કંથને પુછવું,
કંથ કહે તેતો ચિત્ત ધરવું. રાત૦ ૩

આપણે આપણા ધર્મ સંભાળવા,
કર્મનો મર્મ લેવો વિચારી,
નરસઇયાના સ્વામીને સ્નેહથી સમરતાં,
ફરી નવ અવતરે નર નારી. રાત૦ ૪

———o———

રાગ જંગલો,

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીયેરે;
મનશા વાચા કર્મણા કરીને, લક્ષિમ વરને ભજીએરે,
નારાયણનું. ૧

કુળને તજીયે કુંટુબને તજીયે, તજીયે માને બાપરે,
ભગની સુત દારાને તજીયે, જેમ તજે કંચુકી સાપરે.
નારાયણનું૦ ૨

પ્રથમ પિતા પ્રેલાદે તજીયો, નવ તજીયું હરીનું નામરે.
ભરત શત્રુઘને તજી જનેતા, નવ તજીયા શ્રી રામરે;
નારાયણ. ૩

ઋષિ પત્ની શ્રી હરિને કાજે, તજીયા નિજ ભરથારરે.
તેમાં તેનું કાંઇએ ન ગયું, પામી પદારથ ચારરે.
નારાયણ. ૪

વૃજ વિનતા વિઠલને કાજે. સર્વ તજી વન ચાલીરે:
ભણે નરસઇયો વૃંદાવનમાં, મોહન વરશું માલીરે.
નારાયણ. ૫

———o———

રાગ પ્રભાત.

રામ સમર રામ સમર રામ સમર ભાઇ,
રામ નામ સુમરન બિન. બુડત ભવમાંહી. રામ. ૧

બનિતા શુભ દેહ ગેહ. સંપતિ સુખદાઇ,
ઇતમે કછુ નાહી, તેરો કાલ જાત ખાઇ. રામ. ૨

અજામેલ ગજ ગુણિકા પતિત કર્મ કીનો,
સોભી ઉતર પાર પડે, રામ નામ લીનો. રામ. ૩

સુકર કુકર યોની ભમે તવહુ લાજ ન આઇ:
રામ નામ છાંડ અમૃત, કાહેકુ બીખ ખાઇ. રામ. ૪

ભર્મ મર્મ તજી કુકર્મ, રામ નામ લેહી,
ગુરૂ પ્રસાદ જન કબીર, રામ કર સ્નેહી. રામ૦ ૪

———o———

રાગ પ્રભાત.

દશરથ સુત રૂપ દેખી, જનક સીયા મોહી,
જો ચડાવે ધનુષ બાણુ, મેરા પતિ સોહી. દશરથ૦ ટેક
બડે બડે ભૂપ આયે, વિશ ભૂજા ધારી,
સબ ભૂપનકો માન મોડો, લક્ષ્મણ કે ભાઇ. દશ૦ ૧
કહે સીયાજી સુનો પીતાજી, ધનુષકો પણ છાંડો,
અગરચંદ ગોરી ગોરી, રામ તિલક કાઢો. દશરથ. ૨
સીયાજીકો વચન સુણી, સબ ભૂપન મૂખ મોડયો,
તબહી તત્કાલ રામ, કઠણુ ધનુષ તોડયો. દશરથ. ૩
જેજેકાર ભયો ભલીકીની બાલા;
સીયાજી ઉઠી પાય લાગી રોપી વરમાલા. દશરથ. ૪
ઘનન ઘનન ઘંટ વાગે, વાગે છત્રીશ વાજાં,
અગ્રકો સ્વામી જીત આયે, અજોધા કે રાજા. દશરથ. ૫

છજાં ઘરબાર સારૂં, મિથ્યા કરતું મારૂં મારૂં,
તેમાં નથી કાંઇ તારૂં રે, પામર પ્રાણી ચેતતો ચેતાવું.
મક્ષીકાએ મધ કીધું, ન ખાધું ન ખાવા દીધું,
લુંટનારાએ લુંટી લીધું રે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જાવું પડશે,
કરમાં માથા કુટ ઠાલીરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

હાથમાંથી બાજી જાશે, પછીરે પસ્તાવો થાશે;
કરી કમાણી એળે જાશેરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

હજી તારા હાથમાં બાજી, કરીલે પ્રભુને રાજી,
તારી મુડી થાય તાજી રે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

ખોળામાંથી ધન ખોયું, ધુળેથી કપાળ ધોયું;
જાણપણું તારૂં જોયું રે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

દેવાનંદે દેહ દીધી, તેની તેં કીંમત ન કીધી,
મણી દઈને મશ લીધીરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

બાળપણ ખેલમાં ખોયું, જુવાનીમાં ન જોયું;
તરૂણી શે મન મોહયુંરે, પામણ પ્રાણી ચેતતો ચેતાવું તને.

બુઢાપણ તો એળે જાશે, ગાત્ર તારાં ગળી જાશે;
શકિત સર્વે ચાલી જાશેરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

જયારે તું નિશાળે ગયો, ત્યારે હું સંઘાતી થયો;
કોણ જાણેરે કયાં ગયોરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

જયારે તું પરણવા ગયો, ત્યારે હું જાનીયો થયો,
તેનો પાછો નહિ પતોરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને,

સંસારનું સુખ લાગે સારૂં, અંતે જાતાં બહું આકરૂં,
પરમારથ કર તું પ્યારૂંરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

કોઇક નર એવા એવા, અભ્રના આધાર જેવા,
ચાલ્યા ગયા એવા એવારે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને,

કહ્યું તને એવી પેરથી, પહોંચી જેવી મારી મતિ,
દલપતરામે કહ્યું કથીરે, પામર પ્રાણી ચેતતો ચેતાવું તને.

---o---

હે નાથ તમે નીર્ધનીયાનું છો નાણું,
હાંરે એવું વહાલું લાગે હરીનું ગાણું રે. નાથ.
કુંવરબાઇને શ્રીમંત આવ્યું,
ત્યારે નરસિંહ મહેતાને નહતું નાણું,
મોસાળું લઇને પધાર્યા સામળીયા,
ત્યારે ત્રીકમજીએ સાચવ્યું ટાણું, નાથ.

માંડવગઢ જ્યારે મેળો ભરાયો,
ત્યાં કબીરનું નહતું ઠેકાણું,
પોઠીયા લઇને પ્રભુજી પધાર્યા,
ત્યારે ત્રીકમજીએ સાચવ્યું ટાણું, નાથ.

દુર્યોધને દુવાઇ ફેરવી,
ત્યાં દાણો ન આપે કોઇ માણું,
ભાજીમાંથી વહાલે ભોજન નીપજાવ્યાં,
ત્યાં શહેર બધું ધરાણું. નાથ.

દેવળ દેવળ દેવ બીરાજે,
ત્યાં ઠાલું નથી કોઇ થાણું,
શ્રી હરિ વચને ગાયેરે,
લાખોજી તો જગ સઘળામાં જણાણું. નાથ.

કીર્તન.

નાથ તમે તુલશીને પત્રે તોલાણા,
એવા ગુણ તો ગોવિંદના ગવાણા. નાથ.

બોડો રાણો બહુ નામીને,
સેવ્યે તો હરિના ભકત કહેવાણા,
કૃપા કરીને મહારાજ પધાર્યા,
તો ડાકોરમાં દરસાણા. નાથ.

ગુગરી સર્વે ગોતવા ચાલ્યા,
તો અધવચે જઇ અટકાણા,
વાલોજી પોતે વાવમાં બીરાજે,
તો સાન કરીને સંતાણા. નાથ.

સોના ભારો ભાર મુલ કરીને,
તો વાલ સેવાલ તોળાણા,

બ્રાહ્મણને ભોઠાપણુ આપ્યું,
તો દાસને વચને બંધાણા. નાથ.

મધ્યરે ગુજરાતમાં રચીરે દ્વારકા,
તો વેદ પુરાણે વંચાણા,
શ્રી હરિ વચને ગાયરે લાખોજી,
તો જગ સઘળામાં જણાણાં. નાથ.

———o———

નાથ કેસે ગજકો બંધ છોડાયો,
મોકુ એહી અચરજ તેરો આયો. નાથ.

ગજ ઓર ગ્રાહ લડત જલ ભીતર,
લડત લડત ગજ હાર્યો,
તલ ભર સુંઢ રહી જલ ઉપર,
તબ હરી નામ પુકાર્યો, નાથ.

છાંડ પાવડી પીયાદા દોડે,
તો ગરૂડકું વેગે બોલાયો,
જલમેં ડુબત ગજરાય ઓધાર્યો,
તો વૈકુંઠ ધામ પહોંચાયો. નાથ.

જલત અગ્નિમેં પ્રલ્હાદ ઉગાર્યો,
તો અંગરે તાપ ન આયે,

સ્તંભરે ફાડી હીરણ્ય કશ્યપુ માર્યો,
તો નરસિંહ રૂપ ધરાયો, નાથ.

ભીલડી કે, ઓર સુદામા કા તાંદુલ,
રૂચી રૂચી ભોગ લગાયો,
દુર્યોધનકા મેવા ત્યાગી,
શાક વિદુર ઘેર પાયો. નાથ.

કૌરવ પાંડવ યુદ્ધ રચ્યો હે
તો કૌરવ કો માર હઠાયો,
ભરીરે સભામાં લજારે રાખી,
તો દ્રૌપદી ચીર પુરાયો. નાથ.

ધન્યરે અયોધ્યા ધન્યરે જનકપુર,
ધન્યરે જય જય જાયો,
ધન્યરે ભાગ્ય રાજા જનકકો,
તો દશરથ સબંધી પાયો. નાથ.

સાત સખી મલી મંગલ ગાવે,
તો રેશમ ગાંઠ ગુંથાયો,
છુંટયો નહિ સીયાજી કો કંકણુ,
કીસ બંધ ધનુષ ઉઠાયા. નાથ.

ધનુધ્ય તોડી સીયાજીકું પરણ્યા,
તો અયોધ્યાજી કો રાયો,

તુલસીદાસ આશા રઘુવરકી,
તો ચરણ કમલ લપટાયો. નાથ.

---o---

નાથ તુમ જાનત હો સબ ઘટકી,
મીરાં ભક્તિ કરે નટવરકી. નાથ.

ન્હાઇ ધોઇને મીરાં કરી ચરણામૃત,
સેવા કરે નટવર કી.

રામજીકું મીરાં ચંદન ચડાવત.
ભાલ તીલક ઓર ટપકી. નાથ.

રામજી મંદિરમેં મીરાં નૃત્ય કરતહે.
તો તાલ બજાવત ઝટકી,
પાયમેં મીરાં ઘુઘરી સહોયે.
તો લાજ ખોલત ઘુંઘટકી. નાથ.

વીખના પ્યાલા રાણાજીએ ભેજ્યા,
તો સાધુ સંગત મીરાં હટકી,
કરી ચરણામૃત પી ગઈ મીરા,
તો રામ રસ પીયો ઘટકી. નાથ.

શીર ચલત ઓર શીલ ચલત હે,
તો શીર પર ગાગર મટકી,

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
એસી સુરત નટવરકી. નાથ.

———o———

જમવાને જેઠ ઘરે નાથ નથી જાવુ રે ન જાવું રે ન જાવું.
હીર ચીર વસ્ત્ર પહેરી, પૂરે સહુ નતેરી,
ફાટલ તુટલ લુગડે લજાવું રે લજાવું, રે લજાવું.
જમવાને.

મુજરે સમાણી, પૂરે સહુ માણી,
હું તો ભરૂં પાણી ને શરમાવું. રે શરમાવું.
રે શરમાવું- જમવાને.

આખો દહાડો કામ કરી, મેંણા ટેણાં સાંભળી,
નીચું જોઇ નાથ નથી ખાવું રે ન ખાવું
રે ન ખાવું. જમવાને.

તમારે ન લાજવું, સાધુ સંગે નાચવું,
આપણી જ્ઞાતીથી શરમાવું, રે શરમાવું,
રે શરમાવું;- જમવાને.

આપણે ઘેર શ્રાધ કરો, વિપ્ર પાંચ નોતરો,
રસોઇયું જુગતે બનાવું રે બનાવું;
રે બનાવું જમવાને.

ઘરમાં ન કાંઈ, પાસે નથી પાઇ.
શું લાવું ને શું ખાવું, રે શું ખાવું,
રે શું ખાવું- જમવાને.

પીઅરની વાળી, આપું ઉતારી,
જેઠના ભિખારી નથી થાવું રે નથી થાવું
રે નથી થાવું.- જમવાને.

મહેતા નરસિંહના સ્વામીને ભજતાં.
સહેજે વૈકુંઠે જાવું રે જાવું
રે જાવું- જમવાને.

ગોવીંદ જાણ્યા, વિનાનાં વરસ ગાળીયાંરે. (૨)
અડભંગામાં ઉમર આખી.
નર ધન ચીતાંમણી ખોઈ નાંખી;
હૃદયમાં રાખી તીખી કંટાળીયાંરે,
ગોવીંદ જાણ્યા વિનાના વરસ ગાળ્યાં.

સુરે પુરે પણ સુરાપાને, કૃષ્ણ કથા નવ ગોઠે કાને,
ભજની જન કરે ભજની જનનાં ખારીયાં રે- ગોવીંદ.
કંઠ પાસથી જમડા લેશે, કાઢો કાઢો મુખથી કહેશે.
પડયાં રહેશે રંગ ભરેલાં જાળીયાંરે- ગોવીંદ.

વસ્ત્ર આભુષણ લુંટી લેશે, બારે જઇને મુકી દેશે;
કાઢી લેશે; વાલ સવાલનાં વાળીયાંરે- ગોવીંદ.

જમ આગળ ઉભો રહેશે, ત્યાં તારા ગાત્ર ગળ ગળશે,
ક્રોધી જમડા કરશે તારાં તાડીયાંરે- ગોવીંદ.

જાગી જો નથી વાર જવાની, મરણ ઘાત તો નથી મટવાની,
રૂષીરાય કહે દાટયાં રહેશે, તારાં રાળીયાં- ગોવિંદ.

———o———

કૃષ્ણદાસ.

રાગ ઠુમરી.

લે હરી નામ કો નાવ, જા કું સંત ચલાવે,
ઉતારે ભવ પાર પ્રભુજી સેં જાઇને મિલાવે, લે હરી.

એક પલક કે માહીં, અનંત લખ યોજન ચાલે,
સો એસી તરે લઇ જાય, પટ મેં પાની ન હાલે. લે હરી.

લેવત નહીં કછુ દામ, જહાજ મેં જાઇને બેઠાવે;
સો વૈકુંઠ ધામ કે બીચ, જાહા જહું જાઇને જુકાવે. લે હરી.

સદાહિ કરો સતસંગ, ગુણ ગોવિંદકા ગાઓ,
ભવ સાગર તરી જાઓ, પરમ પદ પ્રેમસું વાઓ, લે હરી.

સદ્દગુરૂ દીઆ ઉપદેશ, જમકા જોર ન ચાલે,
દેખાડ હાલ હુલ્લાસ, પ્રભુજી કેમ નહી ભાવે. લે હરી.

નિર ભય ભયા નર સોઇ. જો ઇ ન જહાજ મેં બેઠા,
કહે કૃષ્ણદાસ વિલાસ, કમલ કે મેહેલોમે બેઠા. લે હરી.

———o———

ઓધવજી તું જ્ઞાન બતાવે,
અમને સમજણ ના આવે રે- ઓધા અમને.

હરિવર સાથે રજની રમતાં,
અધરામૃત પીધાં મન ગમતાં,
જ્ઞાન તણી નથી અમને મમતા,
શાને શોર મચાવોરે, ઓધા૦

જ્ઞાન ગૃહી જે જન વેરાગી,
શું કરીએ અમે અતિ અનુરાગી,
શ્યામ સુંદર ગયા અમને ત્યાગી,
તેથી કાંઇ ન સોહાવેરે. ઓધા,

જેથી કારજ બને તે કારણ,
સુખ નથી થાતું જ્ઞાન ઉચ્ચારણ,
ઉલટું કરે છે હૃદય વિદારણ,
પ્રીતમ કયારે આવેરે, ઓધા.

બ્રહ્મા નારદ જાકુ ગાવે,
શીવ સનકાદિક ધ્યાન લગાવે,
હમસું હીલમીલ રાસ રમાવે,
તબ હમ સુખ બહુ પાવેરે, ઓધા.

મોર મુકુટ મકરાકૃત કુંન્ડલ,
શોભિત હીજાકો મુખ મંડલ;
ધન ધન જાસું લહુત વૃજ મંડલ,
શીવલાલ ગુણ ગાવેરે. ઓધા.

———o———

પ્રેમ તણી વાતો છે અળગી,
સુણ ઓધવ અધિકારીરે;

પ્રેમ પંથ પાવકની જવાલા,
તેમાં ચાલી શકે મતવાલા,
જેણે ભાગ્યાં મરજાદના તાળાં,
હુપત મનની હારિરે.— પ્રેમ તણી.

ગુણ અવગુણ તો કોઇ નહિ દેખે,
સહુથી ઉત્તમ કરિને લેખે;
જેમ ચકોર અંગાર વિશેખે,
જે જેને સુખ કહાવેરે. પ્રેમ તણી.

પીયુના સુખને પરણી પ્રીતે,
વર પરણી પુછે રતિ શું છે,
અનુભવે ગમીએ પદાર્થ ઇચ્છે,
શું કહેવું વિસ્તારીરે. પ્રેમ તણી.

દરદીનું દુઃખ દરદી જાણે,
મનડું વિધાણું એનું પ્રેમને બાણે,
નથી તું ઘાયલ તારી વાત પ્રમાણે,
જ્ઞાન કથે છે ભારીરે. પ્રેમ તણી,

સાધન સાધ બને નહી તેમાં,
પ્રગટયો પ્રેમ અભંગ હૃદયમાં,
કહે શીવલાલ વિરહની લેહમાં,
અમને લીયો ને ઉગારીરે, પ્રેમ તણી.

———o———

જાણ્યારે દિન દયાલ મોહનને,
ખબર હમારી લીધીરે,

કૃષ્ણના રાજની રીત પ્રમાણે,
મથુરાં જઇ મહા મુખ માણે.
સાંભળીએ અમે કેવે ટાણે,
કુબજા રાણી કીધીરે. જાણ્યારે દીન.

અણુસમજણુથી કારજ કીધાં,
તન મન ધન લઇ હરિને દીધાં,
સુખ મેલી દુઃખ માગી લીધાં,
દાંતે જેમ જીભ વીંધીરે. જાણ્યારે.

હરિવરને જઈ એટલું કહેજો,
દરશન દઇ હૃદયમાં રહેજો,
જેથી આવે સુખના લેજાં,
મટી જાય સઘળી વ્યાધિરે. જાણ્યારે.

હરિવર હમણાં મોટાં થાશે,
અમને લઇ અધરામૃત પાશે.
કોણ જાણે જેમ મથુરાં જાશે,
સહુ છે હાથ છે હુકમનેરે. જાણ્યારે.

પુર્વ જન્મની પ્રીત અમારી,
ઓધવ તે કેમ ટળશે ટાળી.
નીશ દીન ગાઇ કૃષ્ણ મોરારી,
વાત કહું છું સીધીરે. જાણ્યારે.

કૃષ્ણ પોતાનું વચન ન પાળે,
અબળાનું બળ કાંઇ ન ચાલે,
કહે શીવલાલ વીરહ તન બાળે,
શીખજો યોગની વિધીરે. જાણ્યારે.

હાંરે તારી સામલી સુરત મન વશીયારે,
રે તમેં અહીં રહો રામ રશીયા,

કવલીકી ગાયકા દૂધ મંગાવું,
ચાવલ મંગાવું ખીસમીસીયાં- રે તમેં.

રૂડીનેં રંગીલી તેરી સેજ બિછાવું,
પંખાં ઢાળાવે સબ સખીયાં- રે તમેં.

જઇ કરી દ્વારકાં વસાવી,
શુધ બુદ્ધ ભૂલી સબ સખીયાંરે- રે તમેં.

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ ચીત્ત વશીયા- રે તમેં.

વાકો દોશ નહીં કુબજાકો,
રે સખી અપનો શ્યામ ખોટો.

ગોકુળ મથુરાં તો ગામ વસતહે,
નહીં કાગળકો ટોટો.— રે સખી.

કુબડી કાળી કંસકી દાસી હે,
નંદ ઘેર મહીયારીકો જોટો.- રે સખી.

નવ લાખ ધેન બાવા નંદ ઘેર મલત હે,
નહીં માખણુકો ત્રોટો.— રે સખી.
ચંદ્ર સખી ભજો બાલ કૃષ્ણુજી,
શ્રી રાધેકૃષ્નકો જોટો.— રે સખી.

———o———

બલીહારી રસિયા ગીરધારી,
સુંદર શ્યામ હો તજી અમને
મથુરાંના વાસી આવા ન બનીયેજી.
વાંસલડી વાગીને એમાં ભણકારા વાગે છે,
વ્રજવાટ લાગે હવે ખારી. સુંદર.
વૃંદાંવન કેરી શોભા તમ વીણુ અમને તો,
આંખે દીઠી લાગે ન સારી. સુંદર.
જમુનાનો કાંઠો આજે, ખાવાને દોડેજી,
અકળાવી દે છે અમને ભારી. સુંદર.
ગોરધન તોળ્યો તમેં ટચલી આંગળીયેરે,
અમપર ઢોળ્યો ગિરધારી. સુંદર.

———o———

હેને સીતારામ તણો આધાર,
તારી સાંભળો હે છે સાર;
ગરૂડે ચડીને ગોવિંદ પધાર્યાને,
આવ્યા અંબરીષની પાસ;
દુરવાસાનો શ્રાપ ટાલ્યો,
દશ લીધા અવતાર. હેને સીતા.

ગજને કારણે પ્રભુ પાસ પધાર્યા,
તે ક્ષણું ન લાગી વાર,
ઝુંડના લઇને કટકા કીધા,
વરત્યો જય જય કાર. હેને સીતા.

ભાવે કરીને ભજીલે તું પ્રાણીયા,
તારા નહીં રાખે ભાર;
સુદામાજીનું દરીદ્ર કાપ્યું ને,
સોંપ્યા ગરથ ભંડાર. હેને સીતા.

માંડ કરીને મનખા દેહ તું પામ્યો,
અને ઉત્તમ આવ્યો છે અવતાર,
ભોજો ભગત કહે હરિ ભજ્યા વિના,
તનમાં ગોથા ખાય. હેને સીતા.

———o———

નારાયણ નામ સાચું નાણું,
નારાયણ નામ સાચું નાણું. ટેક.

ખરચ્યું ન ખુટે ચોર ન લુંટે,
કષ્ણજી કરીયાણું,
ઓછું ને અદકું કાંઇ ન જાણું,
હાંરે વાલા નિત્ય નિત્ય દુજાણું. નારાયણ.

ચારે વર્ણમાં ભકિત કરે તેને,
તરવાનું છે ટાણું;
કરો ભકિત ભવ સાગર તરીયે,
હાંરે વાલા પ્રેમ શું પરમાણું. નારાયણ.

અંત કાલ સમે ઇંદ્રાદિક રાજા,
પુત્રને સંભાળે,
આ ધર્મ ઇંદ્ર રાજા ગુણકા ઉગારી,
હાંરે વાલે વેદ પુરાણે વંચાણી. નારાયણ.

ચારે સંપ્રદાયને ચારે અગમમાં,
સગપણ સંધાણું,
નરસિંહ મહેતાને મોહન વર મલીયા,
હાંરે વાલા મનડું શું લોભાણું, નારાયણ,

———o———

રાગ આશા,

મેં કેસે કર જીવું રે માઇ મેર,
પ્રાણજીવન રઘુરાઇ. ટેક.

કેત ભરતજી સુન મેરી મૈયા રે,
કઠણ બચન કેવરાઇ.
તે કારણ હરી તજ ગયે પુરકું રે,
એ દુઃખ સહયો નવ જાઇ, મેં કેસે.

કા અપરાધ ઉદર તેરે આયો હે.
તામેં ભ્રમ ધોવાઈ,
કોનકે પુન્યસેં સુમિત્રા સુતકું રે,
લછમન સંગ પડાઈ. મેં કેસે.

ધીક તેરો જનમ જીવન તેરો ધીક હે,
ધીક જનની જીન જાઇ,
રામ વિમુખ ભઇ તું અભાગણીરે,
સો મુખ કયું દીખલાઇ. મેં કેસે.

આરે અજોધ્યાકો કોન હે ઠાકુર,
તાપર ચમર ધરાઈ.
કેહે ભરતજી મેં પગરજ શેવું રે,
માધવદાસ ગુન ગાઇ. મેં કેસે,

———o———

રાગ ભેરવી.

બોલત નાચી ગોપાલ, અબમેં બોલ નાચી ગોપાલ. ટેક,
હરિ મંદિરમેં બોલતમેં નાચું, કરસે બજાવત તાલ. અબ.
નાચ નાચ પ્રભુ હું રીઝાવું, ગોવિંદ ગુણ રસાલ. અબ.
જપ તપ સાધન કછું નહિ જાનું, એસેમેં ભઈ બેહાલ. અબ.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમલ પ્રતિપાલ. અબ.

રાગ ભેરવી.

રાણાજી મેં તો પ્યારા ગોવિંદકા ગુણ ગાસું. ટેક,
ચરણામૃતકો નેમ હમારે, નીત ઉઠી મંદિર જાસું. રાણા.
રાણાજી રૂઠા તો આપણો રાજ રાખશી,
પ્રભુજી રૂઠે મર જાસું, રાણા.
રામ નામકી ઝાઝ બનાવસું, સંસાર સાગર તરજાસું. રાણા.
વિખકા પ્યાલા રાણેજી ભેજ્યા, ચરણામૃત કર લેસું. રાણા.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, આંવાગમન મિટ જાસું.

રાગ ઠુમરી.

ઓધવજી પ્રાલભકી ગતિ ન્યારી,
દેખો બાત રૂદયમે વિચારી. ટેક.
નિરમલ નીર ભરે હે સરોવર, સમુદર હો ગયે ખારી,
બગલેકું રૂપ અનુપ દીયા હે,
કોયલ કરી શ્યામી કાળી. ઓધવ.

સુંદર લોચન મ્રગકું દીયા હે, બન બન ફિરત ઉજારી.
મુરખ રાજ સાજ કરત હે,
પંડિત ભયેરે ભિખારી. ઓધવ.

વેશ્યાકું પાટ પીંતાબર પેરન, શીલ સતીકું નહિ સાડી,
સુંદર નાર વાંજણ કરી ડારી, ભુંડણ જણ જણ હારી.
સુમકું અન ધન બોત દીયો હે,
દાતાકું નમિલે જુવારી; ઓધવ.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર. ચરન કમલ બલીહારી.

રાગ સમયાનુસાર.

સુદામાજીકો દેખત શ્યામ હસે,
સુદામાજીકો દેખત શ્યામ હસે. ટેક.

હુમ તુંમ મિત્ર હૈ બાલપનકો,
અબ તુમ દુર બસે. સુદામાજીકો. ૧

પ્રાટિરે ધોતી ટુટી પગડીયાં,
ચાલત પાવ ઘસે, સુદામાજીકો. ૨

ભાભિજીને કછુ ભેટ પઠાઇ,
પૌવે તિન પસેં. સુદામાજીકો. ૩

સુરદાસ પ્રભૂ તુમ્હારે મીલનસે,
કંચન મહેલ બસે, સુદામાજીકો. ૪

રાગ બિહાગ.

કેતે ગયે જખ માર, ભજન બિના કેતે ગયે જખમાર. ટેક.
પ્રભાતે ઉઠી નાવત ધોવત, પાલત હે આચાર. ભજન.
દયા ધર્મ કો નામ ન જાણ્યો, એસો પ્રેત ચંડાલ. ભજન.
આપ ડુબે ઓરનકું ડુબાવે, ચલે લોભકી લાર. ભજન.
માલા છાપા તિલક બનાયો, ઠગ ખાયો સંસાર. ભજન.
સૂરદાસ ભગવંત ભજન વીના, પડે નર્ક કે દ્વાર. ભજન.

રાગ ઠુમરી.

સિતાકું કોન હરી ભાઇ લછમન, સીતાકું કોન હરી ટેક.
ઉડ ઉડ કાગ કુટી પર બેસે, કૂટીતો સુની પરી. ભાઈ,
ચાર દિસ ઢુંઢો ભાઇ લછમન, કહા કાંઇ લપટ ખડી.
કહાં લે ગયો લંકા પતિ રાવન, નિશીચર બુરી કરી. ભાઇ.
સિયાજીકો હરનો પીતાજીકો મરનો, બનમેં બિપત પડી
લે દિપક ઢુંઢો ભાઇ લછમન. કહાં કાંઇ ડુબ મરી. ભાઇ.
તુલસીદાસ આશ રઘુવરકી, નેંનનમે નિર ભરી. ભાઇ.

હિંડોળો.

ઘન શ્યામ મંદિર મેરા,
રે રસિલા પ્રિયા ઝુલોને નવલ હીંડોળે.
તમારે હીંડોળે રતન જડાવું,
હુંતો પ્રેમે પ્રીતે અધિક ઝુલાવું રે- રસિલા.
તમારે હીંડોળે હીરની દોરી,
તમને હીંચોળે જશોદા મૈયા ગોરાંરે.- રસિલા.
શામળીયા પધારો મારી શેરી,
હું તો પુલડીયાં વેરાવું આખી શેરીરે- રસિલા,

દામોદર પધારો મારી હવેલી,
હું તો વાટડલી જોતીતી વેલી વેલીરે— રસિલા.

પુરૂષોતમ પધારો મારી પાસે,
મારા મુરખડાનો જનમ સુધારોરે— રસિલા.

સુર સામ કહે જીવન મેરા,
મારે મટી ગયા ચોરાશીના ફેરારે— રસિલા.

---o---

હરિને ભજતાં હજી કોઇની લાજ, જતાં નથી જાણીરે,
જેની સુરતી સામળીયા સાથ, વદે વેદ વાણીરે. (ટેક)

વહાલે ઉગાર્યો પ્રહલાદ, હિરણ્યકશ્યપુ માર્યોરે. (૨)
વિભીષણને આપ્યુ રાજ્ય, રાવણને સંહાર્યોરે.— હરિને

વહાલે નરસિંહ મહેતાને હાર, હાથો હાથ આપ્યોરે (૨)
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યોરે. હરિને,

વહાલે મીરાંતે બાઇનાં ઝેર હળા હળ પીધાંરે, (૨)
પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાંરે. હરિને.

આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઇ કરશેરે. (૨)
કર જોડી કહે પ્રેમળદાસ, ભકતોનાં દુઃખ હરશેરે. હરિને.

---o---

હરિજશ.

જેને ઘેર હરિજન ગાય, તે તો નિત્ય ગંગામાં નાય (૨)
અડસઠ તીરથ ગુરૂને આંગણે (૨) દુર ગયે શું થાય, જેને.

ધ્રુવ નાહ્યા પ્રહલાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન (૨)
પ્રીત કરી પરિક્ષીત નાહ્યા, (૨) જોગી શુકદેવ ગાય.- જેને.

સહું સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાન ગંગા તોળાય (૨)
જપ તપ તીરથ જોડે મળ્યા, (૨) તેમાં સર્વ સાથજ મળીજાય

જ્ઞાન ગંગાનો મહિમા મોટો, મુખે કહયો નવ જાય (૨)જેને.
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી, હેત હરિના ગુણ ગાય.

આવોને મારા અનાથના નાથજી,
તારા ભકત જનની સાર કરવા,

હરિ દેજો હાથરે, આવોને મારા અનાથના નાથજી,
વસમી વેળાએ પ્રભુ આવજો આ તો વીખમ થઇ છે વારરે
ગંધારીના સો સો પુત્રે, અતિ કર્યો ઉત્પાતરે- આવો.

દ્વારકામાં પ્રભુ પોઢયા, દ્રૌપદી જોડે હાથરે,
ગરૂડે ચડી વેલા આવજો તમેં રખે કરીને નિરાંતરે-આવો

દ્વારકાંથી પ્રભુ દોડયા, ગરૂડ મેલ્યું વાટરે,
એક પલમાં આવી પહોંચ્યા, દ્રૌપદી કેરી પાસરે. આવો.

દ્વારકાં મને સિદ્ધ મળ્યું, હું હતો તારી પાસે.
મારા ભકતથી હું જરા ન અળગ હે.
કરૂં છું હૃદયામાં વાસરે. આવો.

આવીને હરીએ ચીર પુર્યાં, ભાત નવીનની ભાતરે.
પટોળીનું એવું જ પોતરે, દીધી ત્રાગડાની તાંતરે, આવો.

આવ્યાની તમારી યાદ છે, એમ ગોવીંદ કહે રઘુનાથને.
આવ્યા ને વળી આવજો, તારા દાસની સંગાથરે. આવો.

———o———

માનરે સરોવર હંસા ઝુલંતા આવે,
મીરાં બાઇ ખેલંતા આવેજી.

સાધુ તારા ને હાડે ન છોડું,
મેરે લાલ મેરાં દીલમાં હોય તો, લાગી બેરાગણ.
સંતો જોયું મેં જાગીરેજી. ૧

ધુણી ધખાવી મીરાંબાઈ તપીઆં કહેવાણાંએજી.
સંતો મેં જોયું જાગીરેજી. ૨

ભગવાં રંગ્યાં મીરાંબાઇ અસવાન રંગ્યાજી,
જયાં સુધી માયલો ન રંગ્યો મેરે લાલ.
મેરા દીલમાં હોથ તો લાગી વેરાગણ.
સંતો જોયું મેં જાગીરે. ૩

વસતીમાં રહેતા અબધુત માંગીને ખાતાંજી

ટુંકામાં ટુકડા દેના મેરે લાલ લાલ.
મેરા દીલમાં હોય તો લાગી વેરાગણુ,
સંતોને જોયું મેં જાગીરેજી. ૪

ગુરૂ પ્રતાપે જતી ગોરખ બોલ્યાજી,
સાધુ શું નેહડો ન છોડું મેરે લાલ.
લાલ મેરા દીલમાં હોય તો, લાગી વેરાગણુ.
સંતો જોયું મેં જાગીરેજી. ૫

———o———

મન કરી લીઓ થરરે, તમે ભજોને સીતાવરરે.
કયાંથી આવ્યો કયાં જઇશુ, તારી ખબર નકર ખત.
ભવસાગરમાં ભટકી ચાલ્યો. ભૂલી ગયો તારૂં ઘરરે. તમે.

કુડ કપટ કાતીમેં લીને. મન મમતાને વરરે.
સાધુ સંતની કરી લે સેવા, મડી જાશે જમકર. તમે.

મીઠા તે મીઠેરૂં લાગે, તતબમાં એકતર,
સબરસમાં એક રામ રસ મીઠો; ફળમાં મોટું ફળરે. તમે,

દાસ અર્જુન ગુરૂ ભીમને ચરણે, સમજસે કોઇ નરરે,
સમજયા તેને સહેલ છે, તમેં કરોને હરિ હરરે. તમેં.

———o———

જમો જમોને જુગના આધાર, જુગતે જમાડું રે,
સામળીયો સરજનહાર, રંગે ભર્યાં રમાડું. જમો.

બેસો બેસોને મંદિર માંહી, ચોખલા ચોડીને,
શું કરશે દુરીજન લોક, મુખડાં મરકીને, જમો.

મેં તો કોડે ઓસાવ્યો, કુડ કચુરે વાસીને,
શીરાવો સાકર દૂધ, હરિની હું દાસી. જમો,

મારે ઘેરે ઘરઉં ઘી, ભરીછે. વાઢીરે,
ઠારૂં ઠારૂં રે મારો હાથ, જીવન જમાડીરે. જમો.

પીરસું પીરસું મારે હાથ, ગીરધર ઘી ઝાઝાંરે
વીંઝણીએ ઢોળું વા, શે મારે લાજુરે. જમો.

મારે નથી બીજાનું કામ, કામ તમારૂં છે,
મારે તમ પ્રતાપે શ્યામ, સરવે સારૂં છે. જમો.

પીઓ પીઓને પૂર્ણાનંદ, જીવન જલ ટાઢાંરે.
મુખવાસ બીડલાં પાન, તમ સારૂ તાજાંરે, જમો.

હું તો સરજીને સંસાર, સરવે જોયું છે,
મીઠાના સ્વામીને સંગ, મારૂં મન મોહ્યું છે. જમો.

જમો થાળ જીવન જાઉ ધારી, બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી
કંચોરાં કંચનની થાળી, જળે ભર્યાં ચંભુ ખંખોરી. જમો.
દૂધપાક સેવ અને સુવાળી, રસ કાઢયા કેરીના ઘોરી. જમો
કરી કાંઠા ઘઉની પુરી, કરી તાજા ઘીમાં ઝબોળી. જમો.

અથાણું શાક સુંદર ભાજી, બનાવી તરત કરી તાજી.
ચરૂ કરો લાવું જળ ઝારી, મુખવાસ લવીંગ સોપારી,
પાન બીડી બનાવી સારી, જમો થાળ જીવન જઉ વારી.
બેસો ગાદી તકીએ બીરાજી, રાજેશ્રી ઓઢીને રેંટો.
વાલો પ્રેમાનંદનો બેટો. જમો થાળ.

તમેં ગુણકે ગોવીંદના ગાવો પ્રભુ પ્રાણીરે,
એવી ઉતમ પ્રગટયા દેહ જાવું છે, જાણી,
તેં બાલપણે વરસ બારરે રમતાં ખોયાં,
એવાં માત પીતાનાં લાડ દેખીને મન મોહ્યારે. તમે,
તુને વરસ થયાં પચીસરે વેહમાં વાધ્યો,
તુંને સુજે નહિ કામને કાજ મોહમાં બાંધ્યો. તમેં.
તુંને વરસ થયાં ચાલીસરે, નેણે ઝર લાગીરે,
તેં વિચાર્યું નહિ મનમાં જગતમાં જાગીરે. તમેં.
તુંને વરસ થયાં પચાસ સાઠે બુદ્ધિ નાશીરે,
સીંતેરે સુણે નહિ કાન દશા બેઠી માઠીરે. તમેં.
તોય ચટક મટક સંસાર હજી સારો લાગેરે,
એવાં ઝાંઝવા કેરાં નીર ભસ નવ ભાંગેરે. તમેં.
તુંને હરિથી વહાલાં હેમરે વસ્ત્રને વાધારે,
એવાં ખોયાં લાખેણાં દીંડ લેખે ન લાગે. તમેં.

હવે હાથ ઘસ્યે શું થાયે અવસર ગયો ચુકીરે,
તેં ભજ્યા નહિ ભગવાન મમતા મુકીરે. તમેં.

મારા પ્રભુજી જાણુ સુઝાણુ રે બંધન કાપોરે,
એવા રામ કૃષ્ણ રંગરૂપ મુક્તિ આપોરે. તમેં.

પદ.

હૈયાયાના ફુટા હરિ સંગે હેત ન કીધું,
લખ ચોરાશી કેરૂં લગડું, હાથે માગી લીધું રે. ટેક.
પોતે અરધે પાપ કરંતાં, પાછું ફરી નવ જોયું,
ચાર દિવસના જીવતર સારૂ, મન માયામાં મોહ્યુંરે; હૈયા.
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકયો ટાળી,
માત પિતા જુવતી સુત સંગે, વિસાર્યા વનમાળીરે.
આળસ ને અજ્ઞાન અતિશે, કામ બગાડયું તારૂં,
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારૂંરે.

રાગ કાલીંગડો.

લક્ષમણ ધીરે ચલો મેં હારી, રઘુવીર ધીરે ચલોમેં હારી
ચલત ચલત મેરે પૈયા દુખતહે. ધુપ પડત શીર ભારી, લ.

એકતો ભારી પાવંકે પંજન. દુસરી શરીર સંભારી, લ.
થોરીક વિલંબ કરો સમજુ હે નર, બાંધું ચીર સંભારી. લ.
આગ લગો ઇન અવધપુરીકો, જીન તોહે બનકો નીકારી.
રામ લક્ષમણ જનક સીતા, ફેર મીલે ગીરધારી. લ.
તુલસીદાસ પ્રભુ બનકોં સિધારે, શોચત જનક દુલારી. લ.

કાયા છે ત્યાંસુધી કર સમરણ કીરતારનું રે. ટેક.
જતન કરી જઠરામાં જેણે, તારો દેહ રચ્યો છે તેણે.
એણે કામ કર્યું અતિ ઉપકારનું રે. કાયા. ૧
પ્રસવ થતાં પહેલાં પય કીધું, માતાનાં સ્તનમાં રચીદીધું;
એણે કારજ સીધ્ધું તારા આહારનું રે. કાયા. ૨
દાંત આવવા ચરણ ચાલવા, અન્ન સરજયું છે ઉદર ભરવા.
મોટું મન કીધું વિવિધ વિચારનું રે. કાયા, ૩
નાક કાન કીધાં કેવાં, અંગ અમૂલખ સરવે એવાં;
કર દીધા છે કરવા કામ સંસારનું રે. કાયા. ૪
એ ઉપકાર અપાર વિસારી, અવળો થામાં તું અહંકારી.

પ્રભુ પાવલ પકડીને રહું છું પ્રેમથીરે,
મારા છેલ છબીલા અંતરના આધાર,

ઉભી અરજ કરે મીરાંબાઇ રામનેરે ટેક.
મારાં દાસીપાનાં દુઃખ સરવે દુર કરોરે.
શીશ નામું મારા સદ્‌ગુરૂને પ્રણામ ઉભી.

સાખી- સાસરીયામાં સુખ નહી, મહિયરીએ નહિ માન,
સુખ દુઃખની વાતડી, ધરતું નથી કોઈ ધ્યાન,

હવે નથી રહેવું રાણાજીના હાથમાંરે.
રાણો રોષ ભરેલો કુડો કપટી રાય. ઉભી.

સાખી- આ સમે હરી આવજો, વિઠલ કરજો વહાર.
ગોવિંદ ગોઠડી, અબળાના આધાર.

વહાલા વસમું જાણી વેગે વહેલા આવજોરે,
નહીંતર જરૂર મારા જીવનું જોખમ થાય. ઉભી.

સાખી- ઉંડે કુવે ઉતારીયાં, તરત તુટયાં વૃત,
તારણુ હારો તારશે, સામળીયો સમરથ.

એવા વિવેકી વિઠલને જાઉં વારણેરે,
ટળશે હરીજનોના અંતરના ઉચાટ. ઉભી.

સાખી- વિશ્વાસે વળગી રહી, ત્રિકમ રાખો ટેક,
આગે હિંમત આદરી, મન ધારૂં વિવેક.

એવા ભકિત ભાવે ભૂધર આવો ભેટવારે,
હું તો વેચાણી છું નાથ તમારે હાથ. ઉભી.

સાખી- નીતિ ધર્મ નવ છોડીયે, જ્યાં સુધી ઘટમાં પ્રાણ,
સહેજે સાગર ઉતર્યા. જેને ભેટયા શ્યામ.

એવા પુરણ પુરશોતમ પધારજોરે,
સત્ય રાખો મારા સાચા સુંદર શ્યામ. ઉભી.

સાખી- રૂપાળા રણછોડજી, લળી લળી લાગું પાય,
રાણા ઘેર જાવું નથી, એવો કર્યો વિચાર.

હવે શરણાગતની વહારે ચઢજો વિઠલારે,
પ્રભુ કૃપા કરીને રાખો ચરણની પાસ. ઉભી.

રામ બાણ લાગ્યાં હોય તે જાણે,
હાંરે બોલ્યા મુરખ મનમાં શું જાણે.- રામ.
ધ્રુવને લાગ્યાં, પ્રહલાદને લાગ્યાં, જે ઠરી બેઠા છે ઠેકાણે.

ગર્ભવાસમાં શુકદેવજીને લાગ્યાં,
એતો વેદ વચન પ્રમાણે. રામ.

મ્યુરધ્વજ રાજાનું મન હરી લેવા,
મારો વાલો પધાર્યા તેવે ટાણે,

કરવત લઇ મસ્તક પર મેલ્યું, પુત્ર પત્ની બેઉ તાણે. રામ
બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને, બોલો રાણો ખડગ લઇ તણો,

વીખના પ્યાલા મારો ગીરધરલાલે
આરોગ્યા અમૃત ઠેકાણે. રામ.

નરસિંહ મહેતાજીની હુંડી સ્વીકારી,
એપરી ભ. છે ખરે ટાણે,
આગળ સંત અનેક ઓધાર્યા;
ધનો ભગત ઉર આણે. રામ.

———o———

લેતાં હરિ કેરૂં નામરે લોકડીયાં લાજી મરે છે.
હરિ મંદિર જાતાં એના પગડારે દુખે;
ફરી આવે છે સાજુ ગામરે. લોક.

સતસંગ કરતાં એને લંછન લાગે,
મન ગમતાં ગોતે ઠામરે. લોક.

ભાંડ ભવાયા હોય ત્યાં દોડી દોડી જાયે,
મેલી દીએ ઘરનાં કામ રે. લોક.

આરે શીખામણ જે જન જેને,
એમ કહે છે નરભેરામ રે. લોક.

———o———

જમુનામેં કુદી પડયોરે, કનૈયો તેરો મા જમુનામેં કુદી પડયો.
માતા જસોદાજી રૂદન કરત હે, નયણે નેન ભરી. જમુનામેં.

પાતાલ પેસી કાલી નાગ નાથ્યો, ફેણુપર નૃત્ય કીધોરે. જ.
ટચલી આંગળીએ ગોર્વધન તોલ્યો, ઇંદ્રકો માન હર્યો. જ.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, દ્વારામતી રાજ કીયો. જ.

———o———

જોશીડાં જોશ જુવોને; કે દહાડે મલશે મુને કાન;
દેહની દુ:ખે હું તો, દુબળી થઇ છું;
થઇ છું થઇ છું પીળું પીળું પાનરે.- જોશીડા.

જલ વિના જેમ માછલી તલખે,
તેમ તેમ તલખે મારા પ્રાણરે- જોશીડા.

માત પીતાએ મુજને જન્મ દીધોહે,
કરમ દીઓ કીરતારરે,- જોશીડા.

મીઠાના સ્વામી, અંતરજામી,
ભાવે ભેટો ભગવાનરે- જોશીડા.

———o———

દીયોને જલ ભરવા જાવા, શીદને રોકો છો મુને માવા; દીયોને,
સ્વામી સેવક તમારા તરશે મરેછે, તેને જાવું છે પાણી પાવારે.
પાછી વરૂં તો મારી સાસુ લડત હે, ઘેર નહિ આવો ભેરૂં થાવા.
કરીગરી કહુંછું કોરે ખસોને, અહીંયા ન આવો ગાળું ખાવા.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર, હેતે હરિના ગુણ ગાવારે.

કાનો કદમ ચડી બેઠોરે, રાધાજીનાં ચીર હરિને,
નાહતાં ધોતાં અમેં કેમ નીસરીએ.
નાખોને નવરંગ રેટોરે. રાધાજી.

તું છો બ્રખુભાનની કુંવરી. હું છું રે નંદજીનો બેટો. રા.
કાનો જાણી તુંને કોઇ નવ દેખે, પનઘટમાં જઇ બેઠો. રા.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર. ઉતરને હરિહેડો, રા.

(સ્વર્ગસ્થ કેશવલાલના અનુભવોદ્ગાર.)

બુદ્ધિવાનની બેસ્થિતિ. રાગ અનુષ્ટુપ.

પુષ્પના વૃંદની પેઠે, બેસ્થિતી બુદ્ધિવાનની,
સર્વ લોક તણે માથે, રહે કાં વીખરે વને,

શાન્ત કોણ ?

યૌવને શાન્ત તે શાન્ત, એવી છે મુજની મતિ.
સર્વ ધાતુ ક્ષય થયે, કોણ શાન્ત થતું નથી.

---o---

અન્યોકિત. રાગ વસંત તીલકા.

છે સર્વ ગંધ થકી શુદ્ધ સુગંધ એવો,
કસ્તુરી ગર્વ મનમાં ન જરાય લેવો;
સંતાપ તોપ ગીરી કંદર માંહીમારે,
તું તારા જનકને, નીજ ગંધ સારે.

———o———

પ્રાસંગીક ઉદ્દગાર. રાગ આર્યા.

સ્રી સ્વાધિન છતાં પણ, લંપટ પરનારીમાં નીચ થાએ.
ભર્યું તળાવ ભલે પણ, કાક કુંભનું પાણી પીએ.

———o———

સંપુર્ત રાગ દોહરા.

માનવ જાણે હું કરૂં, કરતલ બીજો કોઇ,
આરંભ્યું અધવચ રહે, હરી કરે સો હોય,
લાખ ઉપાય કરોડ મતિ, કરી જુઓને કોય,
આરંભ્યું અધવચ રહે, હરી કરે સો હોય.

———o———

(કાવ્ય કુસુમ)

પદ.

(હું ભજન કરીશ હરિનું સદા એ લયજી.)
હું સીશ પ્રભુને આજ હૃદયમાં ધારીરે,
તૈલધારા વૃત એક વૃત્તિથી,
ધ્યાન હું પ્રિય પ્રભુનું હું ધારૂં, ટેક.
કોઇ દિને પણ માહારી, આ ટેકને મુકું નહિ,
રાખી હૃદયમાં પ્રેમ સાચો અન્ય કંઇ ભટકું નહિ.
મુજ પ્રિયતમની ઉપરે, ચોટયું ખરૂં મુજ ચિત છે.
તે આગળે તુચ્છ લાગે, દ્રવ્ય ભોગને વિત છે.
હું ઇષ્ટનો છું ઈષ્ઠ મારા, એવો નિશ્ચય મુજ ઉર વિશે.
પ્રકટયો ખરો છે આજ, હૃદયે નાથ વીણ ના દિશે,
છો આવી પડતું કોટી દુઃખ. છો ઘાવ શીરે પર વાગતા.
તો પણ ન મૂકું ઇષ્ટ ભકિત, કરૂ ભજી તે જાગતા ટેક.

પદ.

આ અંતર શુદ્ધિ કોઇ સાધજોરે, પ્રભુની કરૂણા પાત્ર હેવીર,
સમય ફરી ફરી આવો ન આવે, આવે, ન મનુષ્ય શરીર.

માટે ચેતી લઈ મન વિષરે. આવો ટાળવા દુઃખ જંજીર,
અંતર શુદ્ધિ કર્યા વિનારે, આ પ્રભુ ભકિત ન થાય,
માટે શુદ્ધિને સાગવારે, કટી કસી સાધને મૂકો પાય,
અંતર શુદ્ધિ સાધ્યા વિણ કંઇ જનોરે,
ભકિત ને બહારથી સહાય,

ધુળપની પણ જેવી, માગે એ ભકિતરે.
સઘળે વ્યર્થ વહી જાય,
માળા લઇ હાથે હૃષીકેશ નામનીરે હરિ હરિ મુખથી વદાય
પણ અંતર ગ્રહ રાગ અને દ્વેષનું રે,
કહો હીત ક્યાંથી પછી થાય . આ.
કંઇ જન ભગવું તન ધરીરે, દુાખ મુળ વિશ્વે ગાય,
(મહા) છુટા પડી નવ વન વસેરે,
રહે જન સંગમાં એ સદાય. આ.

જોઇએ પોતાને બહુ ભોગતો રે,
(પરંતુ) ભોગ છોડવાં મુખે કથાય.
યતિ કરે પારકા પુત્રને રે, એવી નિતી આજ રખાય. આ.
લક્ષણ આવાં તમ માંયરે, કદિ વીર કદાપી હોય,
છોડી તે દે જો આ ઘડી રે, જેથી રહે ન કશો ભોય. આ.
કોરા કાગળ સમુ રાખજોરે, વીરા તમ અંતર ઘણું શુદ્ધ.
હિત થશે અનવધિ વિશ્વમારે,

વળી વધશે અમરત તમ બુદ્ધિ આ.
ફોટોગ્રાફીના કાચ પહેરે, જે કોઇ પદાર્થ ઘટાય,
તેવી છાપ પડે તે મહિરે, ગાટે એવો નિયમ વિશ્વે સદાય,
તેમજ અંતરના વિષેરે, જેવી છાપ પાડવા ચહાઓ,
પાડશો, તેવી વીર સઉરે, માટે શુભ વિચારમાં જાઓ.
શુભ વિચાર ઘણું આપશેરે, વીરા તમને ભવમાં સુખ,
અંતર શુદ્ધિ કરી વિશ્વમાં, ટાળશે સઘળાં દુઃખ,

મહાનુભાવ પંડિત લાલનના વિચારો.

બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્યવાન મહાપુરૂષોના નામની ભાવનાથી પણ બ્રહ્મચર્ય પ્રાપ્ત થાય છે. પરંતુ એ સુગમ વ્રતના સુમાર્ગો એક નહિ પણ અનેક છે. જેમ યોગ અસંખ્ય છે તેમ બ્રહ્મ એટલે આત્મસ્થિતિ એ પણ અનેક માર્ગે થાય છે. અને એ સ્થિતિ પર વસ્તુમાંથી ત્યાગ વૃત્તિ કરાવી, નિજાનંદમાં નિમગ્ન કરે છે તો પછી પર સ્ત્રી કે સ્વસ્ત્રી (એટલે દેહની સ્ત્રી) માં ત્યાગવૃત્તિ થવી, અને નિજાનંદમાં બ્રહ્મ સ્વરૂપમાં રહેવું એ કેમ મુશ્કેલ હોઇ શકે ? વળી પૂર્વે દેખાડેલા માર્ગ જુના અને ઘણાના અનુભવેલા છે તેથી સુદૃઢછે. પરંતુ આવા પૂર્વકાળના દૃષ્ટાંતથી ' આવા પૂર્વે થઇ ગયા. " એવું આપણાથી કેમ બને ? એમ કરી પૂર્વ કાળના પુરૂષને ધન્યવાદ આપી ઘણા લોકો વિરમે છે. પણ તેવા થવા યત્ન કરનારા થોડાજ નિકળે છે, અને પૂર્વે ચાલેલ માર્ગે ચાલતાં થયેલા અનુભવો વર્ત્તમાન કાળનાં બાંધવો અને બ્હેનોને આપી, આગામી કાળની અપેક્ષાએ હું પણ પૂર્વ કાળનો થઇશ એમ સમજવા જેટલી બુદ્ધી વિરલાનેજ આવે છે. માટે વર્ત્તમાન કાળના પણ પુરૂષોએ બ્રહ્મ એટલે આત્મ રમણતા કરી સર્વ સ્ત્રી પુરૂષોમાં (જો ગૃહસ્થ હોય તો સ્વદારા સિવાય)

મોટી તે સૌ માતૃ તુલ્ય ગણું હુ, છોટી ગણું પુત્રીઓ,
જે હોયે સમ વર્ષમાં મુજ તણા, તેને ગણું ભગનિયો,
મોટા તે સૌ પિતૃ તુલ્ય ગણું હું, છોટા ગણું પુત્રકો,
જે હોયે સમવર્ષમાં મુજ તણા, તેને ગણું બંધુઓ;
એવી માનવ માત્રમાં મમ થજો, પ્રિતિ તણી વૃષ્ટિઓ,
આ કાળે મુજને પ્રભુ કરી કૃપા, આશીષ એવી દીઓ.

વળી વર્ત્તમાન કાળનાં ઉદાહરણ, પૂર્વ કાળનાં ઉદાહરણ કરતાં સમીપમાં હોવાથી તેવું બની શકશે, એવો પ્રત્યક્ષ પુરાવો ઉ-તેજનકારક થઇ પડશે. ને તે જેનું ઉદાહરણ લે છે તેના કરતાં પણ ઉચ્ચતર વ્રતવાળો થશે અને ક્રિયામાં મૂકતા પૂર્વ પુરૂષો અને વર્ત્તમાન પુરૂષો કરતાં પોતાને બ્રહ્મચર્ય સરલ થઇ પડશે.

૧ હવે બ્રાહ્મ નિમિત્ત લઇ પોતાના મન તનને બગાડ-નારા બાળ જીવોને પૂર્વકાળની સતી અને સતાનાં સુચરિત્રો બહુ લાભપ્રદછે, પરંતુ પૂર્વકાળનાં ચરિત્રો ઉપર કહ્યું તેમ માત્ર દૂરના ઉદારણ રૂપ હોવાથી અનુમોદનનોજ વિષય ઘણા ખરાને થાય છે, પરંતુ તે હાલ ક્રિયામાં મૂકનાર તેવા કોઇ મળે તો હાલનાં ઉદાહરણો પાસે હોવાથી આચરણનો વિષય પણ થઇ પડે.

૨ મધ્યમ કોટીના માનવ રત્નોને બ્રહ્મચર્યનો ગુણ બહુજ સહજ લાગશે. કારણ કે સૌ કરતાં વહાલામાં વહાલો રસ સંપૂર્ણ પોતેજ આત્મા હોવાથી જો કોઇ કાળે બાહ્ય દૃષ્ટિ થઈ તો "માતૃવત્ પરદારેષુ" એમ વિચારતાં પરસ્ત્રી માતારૂપ માલુમ પડશે.

૩ હવે ઉત્તમ કોટીમાં રહેલા વિરલ બ્રહ્મચારી જનોને ઉપર જણાવેલા સતી ને સતાનાં ચરિત્ર જોઇ બહુજ આનંદ થશે. અને પોતાને બ્રહ્મચર્ય પાળતા જોઇ પોતાને થતા અનુ-ભવોની પૂર્વકાળના સતા અને સતીઓની દૃષ્ટાંતમાંથી સાક્ષી શોધશે. અને પોતામાં દિવસાનુદિવસ વિશ્વાસ બેસતો જશે. જેમ જેમ પોતામાં વિશ્વાસ આવતો જશે, બ્રહ્મનિષ્ઠતા કે આત્મનિષ્ઠતા થતી જશે, તેમ તેમ પોતાના સમાગમમાં આવતાં આ બ્રહ્મચર્યવાળા બ્હેન, ભાઇ માતા પિતા પુત્રી અને પુત્રોને પોતાના જેવા કરવા મથશે. જેમ નવવાડના ધારક શ્રીસ્થુલીભદ્રે અબ્રહ્મચર્યવાળી વેશ્યાને સુશ્રાવિકા બનાવી વળી જેમ વિજય શેઠ અને વિજયા શેઠાણીએ બ્રહ્મચર્યવ્રત પાળ્યું, તેમ આવા પૂર્વના ઉદાહરણોથી વર્ત્તમાન કાળમાં બ્રહ્મચર્ય સાધકનાં ઉદાહરણો ઉત્તમ કોટીવાળા વ્રતધારીને પણ કીંમત આપનાર થશે,

કોઇ એમ કહેતું હોય કે એ મહાપુરૂષોનાં ચરિત્રનાં ઉદાહરણ લેવાં નહિ. તો લાલન કહે છે કે શાસ્ત્રમાં લખ્યાં છે શા માટે ? જો તે અનુમોદનીય, કે અનુકરીણીય (આચરણીય)

નથી તો પછી ઉત્તમ કોટીના જનો માટે તે નકામાંજ થઇ પડે, ઉત્તમ કોટિવાળા પણ જાણે કે અમારાથી એ ન થાય તો પુર્વનાં ઉદાહરણ જોઈ વીર્યવાન થવાને બદલે ઉત્તમો પણ હત વિર્ય થઇ મધ્ય કોટીમાં ઉતરી પડશે, અને બાળ કોટિમાં ગબડી પડશે, માટે લાલનનું તો એમ કહેવું છે કે બ્રહ્મ એટલે આત્મ-જ્ઞાન-રસ એજ છે તો પરના ચુંથણામાં શો રાગ કરવો. જેમ કસ્તુરી મૃગની ડુંડીમાંજ કસ્તુરી છે તેમ પોતામાં રસકે આનંદ છે તો સ્ત્રી પુરૂષોના શા માટે શોધવો ?

કોઈ કહેશે કે વર્તમાન કાળમાં આવા બ્રહ્મચર્યના ઉત્સાહક કેટલા ? તો લાલન એમ કહે છે કે ભુતકાલમાં પણ અનંત માણસો હતાં. તેમાંથી બ્રહ્મચર્યવાન કેટલા ? એ તો લોકોને ભૂતકાલના ખંડેરમાં જોવાની ટેવ પડી ગઇ છે. પરંતુ વર્ત્તમાનમાં જોવા માંડે, તો વીરલજનો પણ મળે ખરા. પરંતુ તેની દૃષ્ટીજ કરી ગુણ જોવાની આંખો ઉઘાડો કે વર્ત્તમાન કાળ પણ ગુણ રૂપ દેખાશે, અને દોષો ત્યાં દયા પણ આવશેજ આવશે,

માટે અંતે કહેવું પડે છે કે બ્રહ્મચર્યના ઉદાહરણ લેવાનાં જોઈયે તો પૂર્વનાં કે પશ્ચિમનાં હોય પણ તેનુ અનુકરણ કરવામાં વિલંબ કરવો નહિ. અને તેમ કરી ઉત્તમ કોટિના વિરલ જનોએ ઉત્તમ ચરિત્રનું સેવન કરી દૃષ્ટાંતથી સ્વપર હિત કરવા સદા ઉદ્યોકત રહેવું.

લઘુતમ લાલન.

અધ્યાત્મી અને તત્વજ્ઞમાં તફાવત શું ?

તત્વજ્ઞ-જગતને જોઇ પોતાનું અનુમાન કરે છે. જેવું જગત જેવો પોતે દેખાય છે.

પંચીકૃત દેહ જેવું જગતમાં જુવે છે તેવું પોતામાં શોધે છે, એટલે સૃષ્ટિવાદી અર્થાત સૃષ્ટી તેઓ પોતે

પંચીકરણ-આવડતાં દેહરૂપી ત્રીજોરી ઉઘાડે છે, પરંતુ તીજોરીનાં પ્રભુ તેનાં તેને દર્શન થતાં નથી. બહુ મહેનત કરી ખાનાં તોડે તો કદાચ આત્માના સામર્થ્યની ઝાંખ થાય.

તત્વજ્ઞના પ્રભુ બહાર છે. ત્રીજોરીના પ્રભુ કુંચી બહાર છે; તેથી જે સામર્થ્ય શરીરમાં આત્માનું છે. જે સામર્થ્ય આત્માનું વીવેક બુદ્ધિમાં છે તે તેને જણાતું નથી.

તત્વજ્ઞાન-વિના પિંડ જ્ઞાનાદિ તત્વ જ્ઞાનનો આત્મામાં પ્રવેશ કરવાનો અધિકાર નથી, પરંતુ આત્મ રાજના દ્વાર પાસે લાવે છે.

અધ્યાત્મી.

અધ્યાત્મી-શરીરોમાં, બુદ્ધિમાં અને પોતામાં રહેલ આત્મા (અંતર આત્મા) એટલે બહિર આત્મા અને અંત-

રાત્મા અને પરમાત્મા એ એક રૂપ છે. એવું દર્શન થાય છે. તેવોનું બાહ્ય વર્તન પિંડના જેવી સૃષ્ટી દેખે છે જો વિદેહ મુકત પિંડ તેવું બ્રહ્માંડ દેખે છે.

• વિદેહમુકત–આત્મ પ્રકાશવડે પ્રથમ મન દેખે છે સૃષ્ટીને દેખતા નથી કારણ દેહ તે રૂપતા નથી.

જીવનમુકત–પિંડ તેવું બ્રહ્માંડ દૃષ્ટી સૃષ્ટીવાદી.

લાલન વિચાર.

અધ્યાત્મી–દેહ ભાવ એ મુળ છે અને જગત તેની ટીકા છે. કારણ–તત્વોત્પત્તિ આત્મામાંથી છે, આત્મા વિના તેની સ્થિતિ નથી.–માયા જે છે તે આત્મા કોઇને.

૧ આત્મારૂપ સુર્ય, તેની જળ હળતી જ્યોતિવડે દેહ–તેમાં રહેલા પંચીકૃત પ્રથમ દેખે છે.

મનરૂપ ચંદ્ર–ચંદ્ર જ્યોત્સ્ના રૂપ મનને જોતાં જેવો પિંડ તેવું બ્રહ્માંડ.

એકાગ્રતા સમાધિ

અને

આત્માનંદનો અનુભવ.

જે વેળા આ પત્ર તરફ દૃષ્ટિ હોશે ત્યારે આખા જગતની તમામ વસ્તુઓ વિના પત્રનો ક્ષણ વાર ઉપયોગ તે એકાગ્રતા.

પછી અક્ષરો વાંચતાંજ પત્ર ઉપયોગનો લક્ષ થઈ. તમામ જગત્‌ના ઉપયોગનો પણ અભાવ થઇ માત્ર પત્રના અક્ષરોજ અક્ષરોજ દેખાય બીજા ક્ષણુની પત્રમાં શી હકીકત છે તેમાં ઉપયોગ પ્રવેશતાં બાકીનું સઘળું વિલોપ પામી જે હકિકતનોજ ક્ષણુવાર ઉપયોગ એ ત્રીજી એકાગ્રતા.

આ પ્રકારે આપણે ક્ષણ બે ક્ષણ ત્રણ ક્ષણ દશ ક્ષણ ઉપયોગ એકાગ્ર કરી શકીએ છીએ. તોજ તે તે પદાર્થનું યત્ કિંચિત્ પણ જ્ઞાન થાય છે, એક ક્ષણ પર જેટલી ક્ષણ એકાગ્રતા કરી ચિંતન કરીએ છીએ, તેટલી મીનીટ કરવી તો એકાગ્રતાનો પ્રકાશ તીવ્ર થયો. જેમ આગીયા કાચને હલાવ્યા વિના સૂર્યના તડકામાં રાખીયે છીયે તેમ. સૂર્યને સ્થળે આત્મ સ્વરૂપને જાણીજ ચૂકયા છીએ.
હવે સમાધિ–

કાગળ ઉપયોગ ક્ષણુવાર પછી અક્ષર ઉપયોગ ક્ષણુવાર, પછી શબ્દ ઉપયોગ ક્ષણુવાર, પછી અર્થ ઉપયોગ ક્ષણુવાર, પછી આશય (રહસ્ય) ઉપયોગ ક્ષણુવાર, એમ એક પછી એક આપણે સ્વભાવિક રીતે કરીએ છીએ. તે અનુક્રમે બધા એકાગ્રતા ઉપયોગ થયા. પણ એ પ્રત્યેક ઉપયોગ અને બીજા ઉપયોગની વચ્ચમાં એક સમય આવી જાય છે એટલે કે કાગળ ઉપયોગ એક સમય, બીજો સમય ખાલી. ત્રીજો સમય અક્ષર ઉપયોગ. ચોથો સમય ખાલી. પાંચમો સમય શબ્દ ઉપયોગ.

છઠો સમય ખાલી. સાતમો સમય અર્થ ઉપયોગ. આઠમો સમય ખાલી. નવમો સમય આશય (રહસ્ય) ઉપયોગ. દસમો સમય ખાલી.

આમ જે સમય ખાલી રહ્યા, ઉપયોગ વિનાના રહ્યા તેમાં ઉપયોગ આપતાં સમાધિ થાય છે અને તેજ સમય આત્માનંદ અનુભવાય છે માટે તે ક્ષણ વધારવી.

પરમાત્માનુભવ.

મને કોઇ કહેતું જગત ખોટું.
તે તો મેં હવે જાણ્યું;
મને કોઇ કહેતું જગત સાચું,
તે પણ મેં હવે જાણ્યું.
કદી ખોટું તો મારે શું,
કદી સાચું તો મારે શું;
નથી થાતું નથી જાતું,
હુંમાં હું સમાયો છું,
અખંડ આનંદ સ્થિર જ્યોતિ,
નથી થાતું નથી જાતું.

(લાલન)

અગાઉથી ગ્રાહક થઇ આશ્રયદાતાઓનાં નામ.

૧૫૦	જોશી	હરિશંકર બહેચર ખાગેશ્રીવાળા.	
૫૧	મી.	હરજીવન બહેચરની કું.	મુંબઈ
૪૧	,,	દુલભ દયાલ	,,
૨૫	,,	છગનલાલ મેપાભાઇ	,,
૨૫	ભટ્ટ	વીઠલ હરિકૃષ્ણ	,,
૨૫	લુવાર	હીરા દેવજી	,,
૧૦	ભટ્ટ	વેણીરામ પુરશોતમ જામનગરવાળા,	મુંબઇ.
૧૦	સથવારા	પરશોતમ વીરજી	,,
૮	વૈદ	હરગોવિંદ હરિદત્ત ઠાકર	,
૧	મી.	પ્રભાશંકર કાળીદાસ.	,,
૧	મી.	માણેકલાલ હરજીવન.	,,
૧	મી.	જેઠાલાલ માધવજી	,,
૨	ઠકર	વીરજી ઠાકરશી	,,
૧	ઠા.	અરજણ ગોપાળજી	,,
૧	ઠા,	જીવરામ માધવજી	,,
૧	ભટ્ટ	જટાશંકર મુળજી	,,
૧	ઠા,	ચત્રભજ ટોકરશી	,,
૧	ઠા.	માલજી ઉકેડા	,,
૧	ઠા.	રતનજી દેવજી તન્ના	,,
૧	ઠા.	ગોવીંદજી લક્ષ્મીદાસ	,,
૧	ઠા	કાળીદાસ ગોવીંદજી	,,

૧ ઠા. નારણદાસ કાનજી ,,
૧ ઠા. હરિદાસ ગોકલદાસ ,,
૧ ઠા. વલ્લભદાસ જેઠા ,,
૧ ઠા. કાળીદાસ ગોવીંદજી જામગુરગઢવાળા ,,
૧ ઠા. કાનજી ત્રીકમજી તન્ના ,,
૧૦ દવે ભગવાનજી છગનલાલ વાંકાનેરવાળા ,,
૫ પાઠક વેણીશંકર જેશંકર ,,
૫ મી. મણીશંકર શંકરજી ,,
૧ રા. આણંદજી પરશોતમ ઉપાધ્યા ,,
૭ દક્ષત દામોદર ભીખાભાઈ ,,
૨ ઠા, વીરજી ભવાન કડછવાળા ,,
૨ ભાવસાર રામજી મોતી કોલીયાકવાળા ,,
૧ ,, વૃજલાલ ત્રીભોવન ,, ,,
૧ ,, નાથાલાલ પુરૂષોતમ ,, ,,
૧ મી. તુલશીદાસ ભીમજી ગામ સરમા ,,
૧ પંડયા પોપટલાલ દેવકૃષ્ન ,,
૧ મી. અંબાલાલ મલુકચંદ ભાવસાર ,,
૧ મી, મુળશંકર ગાંગજી પંડયા ,,
૧ મી. અમૃતલાલ ખોડીદાસ નાગલેરાવાળા ,,
૧ મી, રતીલાલ દામોદરદાસ કાનાણી ,,
૧ મી. હીરાલાલ ઇચ્છાલાલ ખંભાતવાળા ,,
૧ શા. મનોરદાસ છગનલાલ ,, ,,

૧ મી. રતીલાલ મગનલાલ ભાવનગરવાળા ,,
૧ મી. હરિલાલ કાળીદાસ ખંભાતવાળા શરાફ ,,
૧ લુહાર મોતી કેશવજી ,,
૧ ભટ જેરામ ગોર્ધન ,,
૧ ,, કરશન કાનજી ઢાંકવાળા ,,
૧ ,, ભીમજી હીરજી ,,
૧ ,, અમરશી ગોર્ધન ,,
૧ ,, મોરારજી મનજી ,,
૧ ,, નાગજી પ્રાગજી ,,
૧ ,, વીઠ્ઠલ વીસ ,,
૧ ,, કુંવરજી ખોડા ,,
૧ ,, નાનજી માવજી ,,
૧ ,, જાદવજી આણંદ ,,
૧ લુવાર ખીમજી દેવજી ,,
૧ ,, ગોવીંદ નરસિંહ ,,
૧ ,, લવજી રામજી ,,
૧ ,, હીરજી મોર ,,
૧ ,, ચુનીલાલ સવજી ,,
૧ ,, વીઠ્ઠલ ધનજી ,,
૧ ,, હંસરાજ અરજણ ,,
૧ ,, ટપુ મનજી ,,
૧ ,, પરશોતમ પાંચા ,,

૧ ,, વાલજી ભાણજી ,,
૧ ,, કુંવરજી વીઠલ ,,
૧ ,, સવજી જેઠા ,,
૧ ,, ઘેલા તુલસી ,,
૧ ,, સામજી કાળા લતીપરવાળા ,,
૨૫ માસ્તર દેવનંદ મયારામ પાઠક મોમ્બાસા ,,
૨૫ વ્યાસ પુરશોતમ હરજી કમ્પાલા.
૨૦ મી. લાલજી મુળજી ભટ્ટ બુકસેલર જરીયા મેંગર્ણા
૨ ભટ્ટ કાશીરામ અંબારામ સરોદરવાળા હુવાર ગોર.
ભુતગડીઆ.
૧ બાબુ શીવજી વાલજી કંટરાકટર બાલભાવાળા.
૧ બાબુ વાલજી રઘુજી બાલભાવાળા મુ. ભુતગડીયા
૧ બાવા કરશનદાસ કેશવદાસ ઢુઆવાલા.
૩ મી. પોપટલાલ માધવજી ધ્રાપ્રા,
૮ સાધુ આત્મારામ ગંગારામ અગ્રાવત જેતપુર કાઠી.
૫ મહન્તશ્રી બાલકદાસ આણંદરામજી બોડીવાવ
૩ ,, લક્ષ્મણદાસ લાલદાસજી નીમાવત કોટડા
સાંગાણી.
૩ સાધુ બેચરદાસ માધવદાસ દેવમોરારી ,,
૩ ,, મુલદાસ મોનદાસ દેવમોરારી.
૧ ,, ગંગાદાસ મોનદાસ દેવમોરારી ,,
૧ ,, જાનકીદાસ લક્ષ્મણદાસ નીમાવત ,,

૧ ,, નવલરામ ગંગારામ દેવમોરારી ,,
૧ ,, મોજીદાસ નરભેરામ ,, ,,
૧ ,, હરિદાસ વિ. મુળદાસ ,,
૧ ,, ભગવાનદાસ વિ. બેચરદાસ ,,
૧ ,, કરશનદાસ દયાનદાસ અગ્રાવત ,,
૧ ,, રામકૃષ્ન દયાનદાસ ,, ,,
૧ ,, દયારામ દયાનદાસ ,, ,,
૧ ,, આત્મારામ જેરામદાસ ,, ,,
૧ ,, જેરામદાસ પુરૂસોતમદાસ ,, માંડવાવાળા.
૧ આશારામ જુગલદાસ કુબાવત
૧ ,કાશીરામ ચત્રભુજ આણંદપુરવાળા ,,
૧ ગોર્ધનદાસ લક્ષ્મણદાસ અગ્રાવત અરડોઈ
૧ જાનકીદાસ આત્મારામ અગ્રાવત
૨ મહેરબાન મોરારજી પ્રેમજી રેવન્યુ આસીસ્ટ સરદારગઢ
૧ ,, દામોદરદાસ મગનલાલ શાહ ન્યાયાધીશ ,,
૨ મી. ઝીણા મેઘજી ત્રાંબડીઆ ,,
૧ મી. જેઠાલાલ હંસરાજ મોદી. ,,
૧ મહેરબાન રામજી રવજી પરમાર વહીવટદાર ,,
૧ મી. પુરશોતમ રૂગનાથ રાવળ ,,
૧ મી. ત્રીભોવનદાસ પ્રેમદાસ નીમાવત
૧ ઠા. પીતાંબર મેઘજી ,
૫ મી. કરશનદાસ જીવનભાઈ ખાગેશ્રી
૫ મી. ભુટાલાલ જયશંકર ,,

	વલભજી નારણજી જોશી	બાંટવા
૧	મી. કુવાડીઆ હીરા દાના	ભીંડોરા
૧	છૈયા નાજા ડોસા	,,
૧	બારોટ આલા માંડા	,,
૧	બાવા કાળીદાસ ભગવાનદાસ અગ્રાવત	,,
૧	બારોટ દેવાત ભાણા	ભીંડોરા
૧	ઠા. ભોવાન વાલજી	,,
૧	ઠા. પરશોતમ જીવરાજ	,,
૧	ઠા, લીલાધર દેવજી	,,
૧	મોચી મેઘા કેસા	,,
૧	સુતાર અરજણ હીરા	,,
૧	બાવા દયારામ ઓધવદાસ અગ્રાવત	,,
૧	કોળી રાણા મેપા	,,
૧	બાવા કાનદાસ પ્રાગદાસ ગણાવાળા	,,
૧	માઉ કાળા ધારસી	,,
૧	માઉ વાલજી રાઘવજી	,,
૧	સુતાર માંડણ કુરજી	ભીંડોર
૧	છૈયાં લાખા નારણ	,,
૧	કુંભાર જેઠા કુરજી	,,
૧	કુંભાર ગોકલ લાધા	,,
૧	છૈયા ભીમા વીરા	,,
૧	પટેલ ભાણા મુળજી	,,,
૧	કુંભાર ગોવિંદ હીરા	
૧	રાવળ ઓધવજી હરગોવીંદ ચોકડીવાળા	ભુતગડીઆ
૧	પંડયા મણીશંકર બાપુજી ખસતાવાળા	,,

૧	મીસ્ત્રી ઘેલા ખીમા કંટ્રાક્ટર	નાગપુર
૧	સાધુ કરશનદાસ ભગવાનદાસ બાલંભાવાળા	,,
૧	મી. પ્રેમજી દેવશી	,,
૧	બાબુ માંડણુ નારણ	,,
૧	પોલીશ પટેલ દયાશંકર નાનજી	ભાદ્દાજાલિયા
૧	મી. કરશન વેલાભાઇ	,,
૧	મી. જેમલ લાખા	,,
૧	જોશી જગજીવન જુઠા	..
૧	પટેલ જાગા હુદા	,,
૧	જોશી ગવરીશંકર ઝીણા	,,
૧	પટેલ કેશવ સવજી	,,
૧	શેઠ હેમચંદ ભીમજી	,,
૧	મેરાઇ ઘેલા પરશોતમ	,,
૧	પટેલ વસ્તા આણંદ	,,
૧	માસ્તર માધવજી બેચર	શમેગા
૧	મારૂ આલા લખમણુ	,,
૧	જોશી કાળીદાશ પરમાનંદ	,,
૨	સોની મકનજી દેવજી	કોડવાવ
૧	મોતીગર ગોવિંદગર	સમેગા
૧	કેસરગર પ્રાગગર	સમેગા.
૧	મીસ્ત્રી કરશન માવજી	ભાદ્દા જાળીયા
૧	કારકુન ઘેલા અમરશી	વડા
૧	દાના રાજા	હાલ વડા
૧	મોદી દેવજી નાનજી	,,
૧	રણુમલસંગ અભેસંગ	,,

અભિપ્રાય.

મેસર્સ રામાનુજ અને શર્મા,

આપના તરફથી ' શ્રી ભકિત–સુધાકર, નામના પૂસ્તકના ફરમા અવલોકનાર્થ મળ્યા. આપણાં નિત્ય કર્મોના ઘણાગ્રંથો થયા છે, પણ તેના મૂળ મંત્રો સંસ્કૃતમાં–બાળબોધ લિપિમાં છપાયલા છે, પણ આ પૂસ્તકમાં જરૂર જોગાજ મંત્રો રાખી, તે ગુજરાતી લિપિમાં આપવામાં આવ્યા છે, તેમજ તેનો ભાવાર્થ પણ ગુજરાતીમાંઆપ્યો છે. આથી વ્યવસાયી અને થોડું ગુજ-રાતી ભણેલાં સ્ત્રીપુરૂષો આપૂસ્તકનો સારી રીતે લાભ લઇશકશે.

પૂસ્તકમાં રામાનંદીય સાધુનું નિત્ય કર્મ તદ્દન ગુજરા-તીમાંજ આપ્યું છે. તે મી. રામાનુજે પોતાની જ્ઞાતિ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. કારણ કે ગુજરાતી ભાષામાં આ પુસ્તક પહેલ વહેલુંજ છે.

છેવટ વિદ્વદ્વર્ય પંડિત લાલનનો બ્રહ્મચર્યનો લેખ, વિચારો અને કવિતા મનન કરવા લાયક છે. સર્વોત્મ ભાવી પંડિતશ્રીના લેખથી પુસ્તકની શોભામાં વધારો થયો છે. એમ કહેવું એ અતિશયોકિત ભરેલું નથી.

જેમ પ્રાણાયામની આવશ્યકતા દર્શાવી છે. તેમ દરેક કર્મની આવશ્યકતા દર્શાવી હોત તો વધારે ઉપયોગી થાત.

કરસનદાસ દામોદરદાસ અગરાવત્

તા. ૨૪–૩–૧૯૧૪

હેડ માસ્તર ગુજરાતી વિભાગ.
પી. પી. જૈન હાઇસ્કુલ મુંબઇ.

તદ્દન નિર્દોષ વનસ્પતિઓમાંથી બનાવેલું !

સિંહનાદી ચૂર્ણ



બગડેલી પાચન ક્રિયાને સુધારી, દસ્ત સાફ લાવી, આરોગ્યને સ્થાયી જાળવી રાખે છે બીડી પીવાનું અને તંબાકુ ખાવાનું નકામું વ્યસન છોડાવે છે. સ્વાદમાં અને ગુણમાં ઘણુંજ ચઢિયાતું છે. જમ્યા પછી સોપારીને ઠેકાણે પણ ઉપયોગમાં લેવાય છે. રોગી અને નીરોગી દરેક જણે હમેશા ઉપયોગ કરવા યોગ્ય હોવાથી તેનો ઉપયોગ કરનારાં તેને માટે એક બીજાને ભલામણ કરે છે. દરેક ઘરમાં સિંહનાદિચૂર્ણ રહેવુંજ જોઇએ. શીશીના રૂ. ૦-૧૦-૦ પો. જુદું.

થાણા જીલ્લાના હજુર ડેપ્યુટી કલેકટર સાહેબ મે. રા. બા. મણીલાલભાઇ અજીતરાય ઠાકોર લખે છે કે:-સિંહનાદી ચૂર્ણ મેં મગજના થાક ઉપર, અજીર્ણ ઉપર તથા શરીર અને મનને ઉ-તેજીત કરવા માટે વાપરી જોયું છે અને તે બાબતમાં હેંડબીલોમાં તે ચૂર્ણના જે ગુણો આ વિષે લખવામાં આવ્યા છે તે મને અનુભવથી ખરા માલમ પડયા છે.

વૈદ્ય હરગોવિન્દ હરિદત્ત ઠાકર.

માલેક-આર્ય ઔષધાલય અને સિંહનાદિ ચૂર્ણ ડીપો

માધવબાગ, પાંજરાપોળ-મુંબાઇ નં. ૪.

[illegible]